| | | |
|---|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.      તા.................

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૪/૦૨/૧૨ (આઈ.ડી.નં.૧૮૯૯) ની અરજીના અનુસંધાનમાં મળેલ માહિતી ખોટી તેમજ અધુરી આપવામાં આવેલ છે.
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૬/૦૪/૧૨ SMC/FAP/નં ૭/૨૦૧૨–૧૩

તા.૨૪/૦૨/૧૨ ની અરજીના અનુસંધાનમાં સેન્ટ્રલ ઝોન ધ્વારા જે જવાબ મળેલ છે તે ગેરમાર્ગે દોરનારો તેમજ અધુરો મળેલ છે. મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦/૦૪/૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ આપેલ માહિતીની અરજદારે તેઓની પ્રથમ અરજીમાં મળેલ માહિતી ગેરમાર્ગે દોરનારી અને ખોટી મળેલ છે તેમ જણાવેલ હોય સદર અરજી અનુસંધાને આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પુરક માહિતીની વિગતો, વિલંબ, વિસંગતતા/ઈન્કાર હોય તેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા  તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ આધાર સહ રજુ કરવા પત્ર નં. સી.ઝેડ/આરટીઆઈ/આ/૨૨૪ તા.૨૫/૦૪/૧૨ થી આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારીને (સેન્ટ્રલ ઝોન) પત્ર પાઠવેલ.

અરજદારે તેઓની અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ધ્વારા જે માહિતી આપવામાં આવેલ છે તે ખોટી તેમજ અધુરી આપવામાં આવેલ છે. આરટીઆઈ એકટ હેઠળની આવતી તમામ અરજીઓ દરેક ઝોનના નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે સ્વીકારવામાં આવે છે અને તે માટે અલગથી કર્મચારીની નિમણૂંક કરવામાં આવેલ છે. જે તે કર્મચારી ધ્વારા આવેલ અરજીઓ અલગથી નોંધવા માટે ચોપડો બનાવેલ છે જેમાં માહિતી માંગનારનું નામ, સરનામું, ફી તથા રસીદ નંબરની નોંધણી કરવામાં આવે છે. જેથી  અરજદારે માંગેલ માહિતી કેટલી અરજી કરી તે માહિતી શોધી પૂરી પાડી શકાય તેમ હોવા છતાં મળેલ નથી. આ ઉપરાંત આરટીઆઈ એકટ ૨૦૦૫ નો કાયદો અમલમાં આવ્યો ત્યારથી આ રેકર્ડ સાચવવાના હોય છે અને ચોપડો મેઈનટેન્ટ કરવાનો હોય છે જેમાંથી માંગેલ માહિતી પૂરી પાડી શકાય તેમ છે. સેન્ટ્રલ ઝોનમાંથી મળેલ જવાબ ગેરમાર્ગે દોરનારો છે તેઓ ધ્વારા ફકત આંકડાકીય માહિતી માંગેલ હોય તપાસ કરવા અંગે માંગણી કરેલ નથી. વધુમાં આરટીઆઈ એકટનો કાયદો જયારથી અમલમાં આવ્યો ત્યારથી સેન્ટ્રલ ઝોનમાંથી અરજદારે સૌથી વધુ માહિતી માંગેલ છે. જે મુજબ તેઓ ધ્વારા આરટીઆઈ એકટ ૨૦૦૫નો કાયદો જયારથી અમલમાં આવ્યો ત્યારથી આજદિન સુધીમાં આરટીઆઈ એકટ હેઠળ કેટલી અરજીઓ કરી તેની સંખ્યાની માહિતી આપવા અંગે હુકમ કરવા વિનંતી કરેલ છે.

જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીશ્રીના પત્ર નં. ૩૪૯ તા.૦૯/૦૫/૧૨ ધ્વારા રજુ કરેલ પૂર્તતા રીપોર્ટમાં અરજદારની અરજી બાબતે અત્રેથી અરજદારને પત્ર નં. સી.ઝેડ/આરટીઆઈ/આ/૨૬૮૭ તા.૦૯/૦૩/૧૨ ના રોજ સમય મર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ છે. અરજદારે માંગેલ માહિતી છેલ્લા સાત વર્ષની હોઈ તેમજ આરટીઆઈને લગતી અરજીઓનું અલગથી નોંધણી રજીસ્ટર નિભાવવામાં આવે છે. પરંતુ તેમાં

વ્યકિતગત રીતે આવેલ અરજીઓનો રેકર્ડ અલગથી નિભાવવામાં આવતો નથી. જેથી અરજદારને આપેલ જવાબમાં અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરી નિયમોનુસાર ફી ભરવાની શરતે ઈન્સ્પેકશન કરી જવા જણાવેલ.

વધુમાં આરટીઆઈની અરજી બાબતે સેન્ટ્રલ ઝોન નાગરિક સુવિધા ખાતે છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન અનુક્રમે ૧૮૦૦,૧૪૮૩,૨૭૨૦ જેટલી અરજીઓ મળેલ છે. જે ખુબ મોટી સંખ્યામાં અરજદારો ધ્વારા આરટીઆઈએકટ હેઠળની અરજીઓ કરવામાં આવેલ છે. જે તમામ અરજીઓનો લાગત વિભાગ જેવા કે, સુરત મહાનગરપાલિકાના સાતેય ઝોન, વિવિધ વિભાગો તેમજ પોલીસ વિભાગ, કલેકટર કચેરી, સીટી સર્વે ઓફિસ કેન્દ્ર સરકાર, રાજય સરકાર વિગેરે વિભાગોની પણ અરજી અત્રેની કચેરીને મળે છે. જેથી છેલ્લા સાત વર્ષની વ્યકિતગત કેટલી અરજી કરવામાં આવી તેનો કોઈ અલગથી રેકર્ડ નિભાવવામાં આવતો નથી કે અરજદારવાઈઝ અરજીઓનું અગલ રજીસ્ટર નિભાવવામાં આવતું નથી.

અરજદારે પણ પોતાની અપીલ અરજીના મુદ્દા નં. ૫ માં જણાવેલ છે કે"માહિતી અધિકાર –૨૦૦૫ નો કાયદો જયારથી અમલમાં આવ્યો ત્યારથી સૌથી વધુ માહિતી મેં સેન્ટ્રલ ઝોનમાંથી જ માંગેલ છે. " જે મુજબ પણ અરજદારે પણ સૌથી વધુ આરટીઆઈ એકટ હેઠળ અરજી અત્રેના સેન્ટ્રલ ઝોનમાં જ કરેલ હોવાનું સ્વીકારેલ છે.

આરટીઆઈ એકટની જોગવાઈ મુજબ પણ ઉપલબ્ધ રેકર્ડ મુજબ અરજદારે માંગેલ માહિતી આપવાની હોય છે. જે અન્વયે પણ અરજદારે માંગેલ માહિતીનો વ્યકિતગત અલગથી રેકર્ડ નિભાવવામાં આવતો ન હોય અરજદારે માંગેલ માહિતી બાબતે અત્રેથી તા.૧૯/૦૩/૧૨ ના પત્ર નં. ૨૭૮૭ થી આપેલ જવાબ મુજબ ઉપલબ્ધ રેકર્ડ પ્રત્યક્ષ ઈન્સ્પેકશન કરી તેમને જોઈતી માહિતી મેળવી લેવા જણાવેલ છે. વધુમાં આરટીઆઈની અરજીઓ બાબતે અરજદારે પોતે માંગેલ માહિતી અનુસંધાનમાં મળેલ જવાબ તેમજ તેના અનુસંધાનમાં પ્રથમ અપીલ તેમજ બીજી અપીલ (ગુજરાત માહિતી આયોગ) ને કરતા હોય છે. જેને ધ્યાને લેતાં અરજદારે પોતે કરેલ અરજીઓની સંખ્યાઓનો રેકર્ડ તેઓ પાસે પણ ઉપલબ્ધ હોય શકે.

ઉપરોકત હકીકત હોઈ તેમજ સેન્ટ્રલ ઝોનમાં સને–૨૦૦૫ થી આરટીઆઈ એકટની જોગવાઈ બાદ આશરે કુલ નવ હજાર કે તેથી વધુ અરજીઓ મળેલ છે. જેમાંથી વ્યકિતગત નામજોગ કેટલી અરજીઓ આવી તે સ્કુટીનીકરી નિયત સમય મર્યાદામાં અરજદારે માંગેલ માહિતી પુરી પાડવી શકય નથી. તે સંજોગોમાં અરજદાર પોતે અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરી નિયમોનુસાર ફી ભરવાની શરતે ઈન્સ્પેકશન કરી જાય તે રીતે આપેલ જવાબ યોગ્ય હોવાનું જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીને જણાવેલ છે.

અરજદારની અપીલ અરજીના અનુસંધાનમાં રૂબરૂ સુનવણી અર્થે પત્ર નં. ૫૮૯ તા.૦૨/૦૬/૧૨ થી તા.૦૬/૦૬/૧૨ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે હાજર રહેવા જણાવેલ જે સમયે અરજદાર હાજર રહેલ પરંતુ અપી અધિકારીને અન્ય અગત્યની મીટીંગમાં હાજર રહેવાનું થતા ફરી પત્ર નં. ૭૩૩ થી તા.૨૫/૦૬/૧૨ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે ઉપસ્થિત રહેવાનો પત્ર પાઠવેલ જે મુજબ અરજદાર હાજર રહેલ અને પ્રત્યક્ષ ચકાસણી કરવાની સંમતિ ન દર્શાવી માંગેલ માહિતી ઉપલબ્ધ રેકર્ડ પરથી જાહેર માહિતી અધિકારીની અનુકૂળતાએ આપવા અંગે જણાવેલ.

અરજદારની મુળ અરજીમાં તેમના ધ્વારા વ્યકિતગત આરટીઆઈ એકટ હેઠળ કેટલી અરજીઓ કરવામાં આવી તેની માહિતી માંગેલ છે. તથા અરજદારે પણ તેઓ ધ્વારા સેન્ટ્રલ ઝોનમાં ખુબ જ મોટા પ્રમાણમાં અરજીઓ કરતા હોવાનું જણાવેલ છે.

જાહેર માહિતી અધિકારીની ઉપરોકત રજુઆતોને ધ્યાને લેતા તથા અરજદાર ધ્વારા કરવામાં આવતી અરજીઓનું અલગથી કોઈ વ્યકિતગત રજીસ્ટરનિભાવવામાં આવતું ન હોય, જેથી અરજદારને પ્રત્યક્ષ નિરિક્ષણ કરવા માટે જણાવેલ છે. અરજદાર ધ્વારા આજદિન સુધી પ્રત્યક્ષ નિરિક્ષણ કરવામાં આવેલ નથી તેમજ રૂબરૂ સુનવણી વખતે પણ પ્રત્યક્ષ નિરિક્ષણ કરવા અંગે સંમત થયેલ નથી.

# –:હુકમ :–

આરટીઆઈ એકટ મુજબ ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતી આપવાની હોય છે. આ કિસ્સામાં અરજદારે સને –૨૦૦૫ થી તા.૨૩/૦૨/૧૨ સુધીમાં પોતે કેટલી અરજીઓ કરી તેની સંખ્યાની માહિતી માંગેલ છે. આરટીઆઈ એકટ અન્વયે અરજદારની અરજીઓ અંગે નિભાવવામાં આવતા રજીસ્ટરમાં પણ અલગથી વ્યકિતગત રીતે અરજદારની કેટલી અરજીઓ આવી તેવો રેકર્ડ કે રજીસ્ટર નિભાવવાની કોઈ જોગવાઈ નથી. જે ધ્યાને લેતા અરજદાર જાહેર માહિતી અધિકારીના તા.૧૯/૦૩/૧૨ ના પત્ર અનુસાર જાહેર માહિતી અધિકારીશ્રીનો સંપર્ક કરી કાયદાની શરૂઆતથી તા.૨૩/૦૨/૧૨ સુધીની આરટીઆઈ એકટ હેઠળની અરજીઓના રજીસ્ટ્રરની પ્રત્યક્ષ તપાસણી કરી તેમાંથી તેમના નામથી નોંધાયેલ અરજીઓની સંખ્યાઓનો ઉતારો કે ગણતરી કરી સંખ્યા મેળવવા સ્વતંત્ર છે. અરજદારને દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી આગોતરો સમય મેળવી તપાસણી કરવા માટે ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે. અરજદારની તેવી માંગણી થયેથી અમલવારી કરી હુકમની જાણ અત્રેની કચેરીને કરવા જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૮૪૪
તા.૨૭/૬/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.      તા.................

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૦૫/૦૩/૧૨ (આઈ.ડી.નં.૧૯૭૮) ની અરજીના અનુસંધાનમાં મળેલ માહિતી ખોટી તેમજ અધુરી આપવામાં આવેલ છે.
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૨/૦૫/૧૨ SMC/FAP/નં ૧૯/૨૦૧૨–૧૩

તા.૦૫/૦૩/૧૨ ની અરજીના અનુસંધાનમાં સેન્ટ્રલ ઝોન આકારણી દફતરે ટેના નં. ૦૪–એ–૧૭–૦૫૩૧–૦–૦૦૨ થી નોંધાયેલ મિલકતના રેકર્ડ રૂબરૂ તપાસવા તથા તેમાંથી પ્રમાણિત નકલો પૂરી પાડવા અંગે અરજી કરેલ. જે સંદર્ભે મળેલ જવાબથી નારાજ થઈ પ્રથમ અપીલ કરેલ છે.

અરજદારની પ્રથમ અપીલ અરજીના અનુસંધાનમાં મુળ અરજીની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ આપવા જોગ પુરક માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા તથા અપીલ અરજીના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા અત્રેથી પત્ર નં. ૫૧૫/૨ તા.૨૮/૦૫/૧૨ થી માહિતી મંગાવેલ તથા અરજદારને માંગેલ માહિતી બાબતે કોઈ નારાજગી/ પુરાવા હોય કે અપીલ સમય દરમ્યાન માહિતી મળેલ હોય તો તે અંગે કોઈ નારાજગી હોયતો જરૂરી પુરાવા સહિત રજુ કરવા અત્રેથી પત્ર નં. ૫૧૫/૧ તા.૨૮/૦૫/૧૨ ના પત્રથી જણાવેલ.

અરજદાર ધ્વારા તેઓના તા.૧૫/૦૬/૧૨ ના પત્ર ધ્વારા તેઓને જે માહિતી પુરી પાડેલ છે તે અનુક્રમણીકા પુરી પાડવા તથા મિલકતના ઉપયોગ/વપરાશ બાબતે જે ફેરફાર નોંધાયેલ છે તે પુરાવાની ચકાસણી પુરી પાડેલ નથી. જે પુરાવાઓ ચકાસવા તથા તેની ઝેરોક્ષ નકલ વિના મુલ્યે પુરી પાડવા હુકમ કરવા તથા વર્ષ–૧૯૭૫–૭૬ ના આકારણીના કાચા પત્રકમાં જે સુધારો કરવામાં આવેલ છે તેની વિગત તપાસવા તથા તેની નકલ પુરી પાડવા તેમજ રેકર્ડના ઈન્સ્પેકશનમાં કેટલીક માહિતીઓ છુપાવેલી હોય. જેથી તેઓની માંગણી મુજબની પ્રમાણીત નકલો પુરી પાડવા જણાવેલ. અરજદારની અપીલ અરજીને ધ્યાને લેતા તેઓ ધ્વારા કરવામાં આવેલ પ્રત્યક્ષ નિરિક્ષણ સિવાયના કેટલાક રેકર્ડો જેવા કે એસેસમેન્ટ રજીસ્ટ્રર, સુધીરચંદ્ર કાંતીલાલ ધ્વારા ભરવામાં આવેલ ફોમ વિગેરેની માહિતી મળવા અંગે અપીલ અરજી કરેલ છે. અરજદારે તેઓ ધ્વારા રૂા.૯૨/– તા.૨૫/૦૪/૧૨ ના રોજ જમા કરાવ્યા હોવા છતાં તેઓને તેની નકલો તા.૨૫/૦૫/૧૨ ના રોજ પુરી પાડવામાં આવેલ હોય જેથી રૂા.૯૨/– પરત આપવા અંગે હુકમ કરવા જણાવેલ છે.

જયારે જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીએ તેમના તા.૧૧/૦૬/૧૨ ના પત્રમાં અરજદારને તા.૦૩/૦૪/૧૨ ના રોજ સાંજે ૪:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ઉપલબ્ધ રેકર્ડનું ઈન્સ્પેકશન કરી જવા જણાવેલ જે પત્ર અરજદાને મળેલ ન હોય જેથી અરજદારને ફરીથી તા.૧૧/૦૪/૧૨ ના રોજ રૂબરૂ ચકાસણી કરવા જણાવેલ છે ત્યાર બાદ તા.૧૨/૦૪/૧૨ ના રોજ સાંજે ૫:૦૦ કલાક થી ૫:૨૦ કલાક દરમ્યાન ઉપલબ્ધ રેકર્ડની રૂબરૂ ચકાસણી કરેલ છે જેમાં અરજદારે સને–૧૯૭૫–૭૬ નું આકારણીનું કાચુ પત્રકની કલર ઝેરોક્ષની માંગણી કરેલ છે. જેના અનુસંધાનમાં અરજદારને જાહેર માહિતી અધિકારીના તા.૧૭/૦૪/૧૨ ના પત્ર મુજબ રૂા.૯૨/– જમા કરવા જણાવેલ. જે નાણાં અરજદારે તા.૨૫/૦૪/૧૨ ના રોજ જમા કરાવેલ છે. જેની નકલો અરજદારે રૂબરૂમાં તા.૦૨/૦૫/૧૨ ના રોજ મળેલ હોવાનું અરજદારશ્રી વતી મહેશભાઈ સાલવાલાએ મેળવેલ હોવાનું જાહેર માહિતી અધિકારીએ રજુ કરેલ પુરાવામાં જણાવેલ છે.

અરજદારની મુળ અરજીને ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર પાઠવી રૂબરૂ ઈન્સ્પેકશન માટે બોલાવેલ છે. જે અરજદારની રજુઆતને ધ્યાને લઈ ફરીથી તા.૧૧/૦૪/૧૨ ના રોજ રૂબરૂ ચકાસણી પુરી પાડેલ છે જેમાં સને–૧૯૭૨–૭૩ થી ૨૦૧૧–૧૨ સુધીના રેકર્ડનું અરજદાર ધ્વારા તા.૧૨/૦૪/૧૨ ના રોજ રૂબરૂ તપાસણી કરી સને ૧૯૭૫–૭૬ ના આકારણીના કાચા પત્રકની કલર ઝેરોક્ષની માંગણી કરેલ છે અને જે અંગે થતાં ખર્ચના નાણાં ભરવાની અરજદારે સંમતિ આપેલ છે.

અપીલ અધિકારીના પત્ર મુજબ તા.૨૫/૦૬/૧૨ ના રોજ રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા જણાવેલ તેમ છતાં અરજદાર કે તેમના પ્રતિનિધિ હાજર રહેલ નથી. અરજદારની મુળ અરજી, અપીલ અરજી તથા તા.૧૫/૦૬/૧૨ ના પત્રને ધ્યાને લેતા અરજદારે માંગેલ માહિતીઓ અંગે અરજદારને ઉપલબ્ધ રેકર્ડની પ્રત્યક્ષ તપાસણી જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ છે તેમજ તેઓ ધ્વારા માંગવામાં આવેલ માહિતીની કલર ઝેરાક્ષ પણ જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ છે.

## –:હુકમ :–

અરજદાર વધુ કોઈ રેકર્ડની પ્રત્યક્ષ તપાસણી કરવા માંગતા હોય કે તેની નકલો મેળવવા માંગતા હોય તો આરટીઆઈ એકટની જોગવાઈ મુજબ તપાસણી/ નકલો મેળવવા અર્થેની નિયત ફી ભરવાની શરતે જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી અગાઉથી સમય મેળવી ઉપલબ્ધ રેકર્ડની ફરી પ્રત્યક્ષ તપાસણી કરી તેમાંથી તેમને જોઈતી માહિતીની નકલો નિયત ફી ભરી મેળવવા સ્વતંત્ર છે. અરજદારને દિન–૭ માં જાહેર માહિતીનો અધિકારીનો સંપર્ક કરી આગોતરો સમય મેળવી તપાસણી કરવા ઈચ્છુક હોય તો જાહેર માહિતીનો અધિકારીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે. અરજદારની તેવી માંગણી થયેથી અમલવારી કરી હુકમની જાણ અત્રેની કચેરીમાં જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૮૪૩
તા.૨૭/૬/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |
|---|---|---|

અપીલ અરજી નં.      તા.................

સામાવાળા :– (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર
(૨) જાહેર માહિતી અધિકારી અને ગુમાસ્તા નિરિક્ષક
(૩) જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૦૯/૦૩/૧૨ (આઈ.ડી.નં. ૭૯૧/નોર્થ ઝોન) ની અરજીના અનુસંધાનમાં આજદિન સુધી મળેલ નથી.
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૯/૦૫/૧૨ SMC/FAP/નં ૧૦/૨૦૧૨–૧૩

તા.૦૯/૦૩/૧૨ ની અરજીના અનુસંધાનમાં સેન્ટ્રલ ઝોન માંથી માંગેલ માહિતીનો કોઈ પ્રત્યુતર મળેલ નથી. જે સંદર્ભે મળેલ જવાબથી નારાજ થઈ પ્રથમ અપીલ કરેલ છે.

અરજદારે તેઓની મુળ અરજીમાં મુદ્દા નં. ૧ સુરત શહેરમાં ટોટલ કેટલી વાડી લગ્ન માટેના હોલ, પાર્ટી પ્લોટ અને સુરત મહાનગરપાલિકા ધ્વારા કેટલા હોલને મહાનગરપાલિકા અને પોલીસમાંથી પરમીશન આપવામાં આવે છે. મુદ્દા નં. ૨ લાગતા વળગતા ડિપાર્ટમેન્ટ ધ્વારા પાર્કિંગ વ્યવસ્થા સંદર્ભે શું નીતિ નિયમ બનાવવામાં આવેલ છે. તેની નકલ આપવી. મુદ્દા નં.૩ સુરત જીલ્લા (ડિસ્ટ્રીક) માં પાણીનો વેપાર કરતી ટોટલ સંસ્થા કેટલી દરેક સંસ્થાના નામ એડ્રેસ જણાવવા. મુદ્દા નં.૪ પાણીનો વ્યવસાય કરવા માટે કેટલા લાયસન્સ લેવા પડે છે એના માટે કયા–કયા કાયદાનું પાલન કરવાનું પાલન કરવાનું રહે છે. મુદ્દા નં. ૫ પાણીનો વ્યવસાય કરતા કેટલા યુનિટ પર પાણીના મીટર લગાડવામાં આવેલા છે. મુદ્દા નં.૬ પાણીના ધંધો કરતા કેટલી સંસ્થા પાસે આઈ.એસ.આઈ. માર્કો નથી અને આઈ.એસ.આઈ. માર્કો લેવા માટે કયા–કયા કાગળીયાની જરૂર રહે છે. મુદ્દા નં. ૭ પાણીના ટેન્કર ભરવાની પરમીશન સુરતમાં કેટલી સંસ્થા કે વ્યકિત પાસે છે મુદ્દા નં. ૮ પોતાના બોરીંગમાંથી પાણીના ટેન્કર ભરવાની પરમીશન કોઈના ધ્વારા લેવામાં આવી છે. મુદ્દા નં. ૯ પાણીના ટેન્કર ભરી વેચવાવાળાને લેવાવાળાને કયા કાયદાનું પાલન કરવું પડે.

અરજદારની પ્રથમ અપીલ અરજીના અનુસંધાનમાં મુળ અરજીની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતનીક નકલ આપવા જોગ પુરક માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા તથા અપીલ અરજીના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા અત્રેથી પત્ર નં. ૪૪૪, ૪૪૫, ૪૪૬ તા.૧૯/૦૫/૧૨ થી માહિતી મંગાવેલ તથા અરજદારને માંગેલ માહિતી બાબતે કોઈ નારાજગી/ પુરાવા હોય કે અપીલ સમય દરમ્યાન માહિતી મળેલ હોય તો તે અંગે કોઈ નારાજગી હોયતો જરૂરી પુરાવા સહિત રજુ કરવા અત્રેથી પત્ર નં. ૪૪૩ તા.૧૯/૦૫/૧૨ ના પત્રથી જણાવેલ.

સદર પત્રના અનુસંધાનમાં ડે.ઈજનેરએ અરજદારે માંગેલ માહિતી અત્રેના વિભાગને લાગુ પડતી ન હોય અરજદારે માંગેલ માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે પરંતુ અરજદારને કોઈ જવાબ પાઠવેલ હોવાનું જણાતું નથી. જયારે નાયબ આરોગ્ય અધિકારીએ પત્ર નં. ૨૭૯૮ તા.૩૧/૦૩/૧૨ થી અરજદારને મુદ્દા નં. ૧ બાબતે આરોગય વિભાગ તરફથી કોઈ પરવાનગી આપવામાં આવતી નથી તેમ જણાવેલ છે તથા ગુમાસ્તાનિરિક્ષક ધ્વારા કોઈ પૂર્તતા રીપોર્ટ મોકલાવેલ નથી. અરજદારને સદર અપીલ અરજીના અનુસંધાનમાં તા.૧૯/૦૫/૧૨ ના પત્ર ધ્વારા જરૂરી પુરાવા સહિત અપીલ અરજી અંગે અન્ય કોઈ રજુઆત હોય તો તે રજુ કરવા જણાવેલ. અરજદાર તરફથી આ પત્ર અનુસંધાને કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારીઓ અને અરજદાર પિંકલ પી. ધીવાલાને તા.૨૫/૦૬/૧૨ ના રોજ રૂબરૂ સુનવણી અંગે પત્ર પાઠવેલ તે સમયે અરજદારશ્રીએ

તેમણે માંગેલ માહિતી સેન્ટ્રલ ઝોનમાંથી મળેલ ન હોય મળવા પાત્ર માહિતી દિન–૭ માં મળે તેવી રજુઆત કરેલ છે. જયારે ગુમાસ્તા નિરિક્ષક ધ્વારા અરજદારની મુળ અરજી તેઓના વિભાગને મળેલ નથી જેથી અરજદારને માહિતી પૂરી પાડી પાડવામાં આવેલ નથી તેમ જણાવેલ છે.

## –:હુકમ :–

અરજદારની મુળ અરજી સંદર્ભે કરેલ પ્રથમ અપીલના અનુસંધાનમાં અરજદારને મુદ્દા નં. ૧ માં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ પાર્ટી પ્લોટ, વાડી અંગેની માહિતી તથા તે બાબતે કાયદાકીય જોગવાઈ મુજબ આપવામાં આવતી પરમીશન બાબતે ગુમાસ્તા નિરિક્ષકએ તથા સુરત મહાનગરપાલિકાની માલિકીના પાર્ટી પ્લો, વાડી અંગે સંબધિત કર્મચારી પાસે માહિતી મેળવી અરજદારને માહિતી આપવાની રહે છે. જયારે મુદ્દા નં. ૪ બાબતે ડે.ઈજનેરએ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી માહિતી આપવાની રહે છે. આમ અરજદારને મુળ અરજીના સંદર્ભે લાગત મુદ્દા નં. ૧, ૩,૫,૭, અને ૮ બાબતે અત્રેના ઝોનની માહિતી આરટીઆઈ એકટની કલમ –૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં પૂરી પાડવા અંગે ગુમાસ્તા નિરિક્ષક અને ડે.ઈજનેર સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છ

સી.ઝેડ/આઉટ/નં.૮૮૭
તા.૩૦/૬/૧૨

(ડી.એમ.પટેલ)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર
(૨) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને ગુમાસ્તા નિરિક્ષક
(૨) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.        તા.................

સામાવાળા :– (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૦૭/૦૪/૧૨ (આઈ.ડી.નં. એ.પી.૯) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૭/૦૫/૧૨ SMC/FAP/નં ૨૩/૨૦૧૨–૧૩

તા.૦૭/૦૪/૧૨ ની અરજીના અનુસંધાનમાં સેન્ટ્રલ ઝોનને વિજીલન્સ વિભાગમાંથી તેઓનો પત્ર નં.૮૪ તા.૧૦/૦૪/૧૨ થી અરજદારે મુદ્દા નં.૮ ની માહિતી બાબતે તબદીલ કરેલ. અરજદારે માંગેલ માહિતીનો કોઈ પ્રત્યુત્તર મળેલ નથી. જે સંદર્ભે નારાજ થઈ પ્રથમ અપીલ કરેલ છે.

અરજદારે મુદ્દા નં.૮ માં તા.૦૧/૦૧/૧૨ થી તા.૦૫/૦૪/૧૨ સુધીમાં સેન્ટ્રલ ઝોન સુરતમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે કેટલી અરજીઓ તથા ફરીયાદો નોંધાયેલ છે તેની નકલો તથા તેના અનુસંધાને ઝોન ધ્વારા જે કોઈ કાર્યવાહી થઈ હોય તેની માહિતી માંગેલ છે. અરજદારની અપીલના અનુસંધાનમાં ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને અનુસંધાને આપવામાં આવેલ માહિતી કે વિલંબ/ વિસંગતતા/ ઈન્કાર હોય તો તે અંગે તેઓનો પક્ષ પુરાવા સહિત રજુ કરવા પત્ર નં. ૫૫૬ તા.૩૧/૦૫/૧૨ થી જણાવેલ. જે અન્વયે તેઓ તરફથી આજદિન સુધી કોઈ પણ પ્રત્યુતર મળેલ નથી. જયારે અરજદારને પણ પત્ર નં. ૫૫૬/૨ તા.૩૧/૦૫/૧૨ થી તેઓની નારાજગી અંગે વધુ કોઈ રજુઆત હોય કે અપીલ સમય દરમ્યાન માહિતી મળેલ હોય તો તેના અનુસંધાને કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત રજુ કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં તેઓ તા.૧૨/૦૬/૧૨ મુજબ આજદિન સુધી જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ જવાબ મળેલ નથી. જેથી માંગેલ માહિતી પુરી પાડવા હુકમ કરવા વિનંતી કરેલ.

અરજદારની પ્રથમ અપીલના અનુસંધાને તા.૨૫/૦૬/૧૨ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ. અરજદાર રૂબરૂ સુનવણી સમયે હાજર રહેલ નથી. જયારે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીએ અરજદારને પત્ર નં.૪૦૭ તા.૧૭/૦૫/૧૨ થી રૂબરૂ નિરિક્ષણ કરી જવા અંગે પત્ર પાઠવેલ છે. તેમ છતાં અરજદાર આજદિન સુધી રૂબરૂ દફતરી રેકર્ડનું નિરિક્ષણ કરવા માટે હાજર રહેલ નથી તેમ જણાવેલ છે.

**–:હુકમ :–**

અરજદારની મુળ અરજી સંદર્ભે કરેલ પ્રથમ અપીલના અનુસંધાનમાં અરજદારને મુદ્દા નં.૮ માં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો બાબતે આવેલ અરજીઓ તથા તેના અનુસંધાને થયેલ કાર્યવાહીની માહિતી માંગેલ છે. અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય મર્યાદા બાદ અરજદારને જવાબ પાઠવવામાં આવેલ છે. જે મુજબ અરજદાર ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીનો અગાઉથી સમય મેળવી ઉપલબ્ધ રેકર્ડનું પ્રત્યક્ષ નિરિક્ષણ કરી શકે છે તથા નિરિક્ષણ બાદ અરજદાર ધ્વારા માંગણી થયેથી જોઈતી માહિતીની નકલો ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ એકટના નિયમ ૭(૬) મુજબ વિના મુલ્યે માહિતીની નકલો પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૯૧૮
તા.૪/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર
તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂં.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.          તા.................

સામાવાળા :– (૧) નાયબ આરોગ્ય અધિકાર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૦/૦૪/૧૨ (આઈ.ડી.નં. ૬૧) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૭/૦૫/૧૨ SMC/FAP/નં ૯/૨૦૧૨–૧૩

શ્રી મુન્શી સિરાજ એમ. તા.૧૦/૦૪/૧૨ ની અરજીના અનુસંધાનમાં અરજદારે હરીપુરા સીમ્જી બ્લોકસની બાજુમાં ચાલતા સ્પ્રે કલરના કારખાના આરોગ્યને હાનિકારક છે. જે બંધ કરાવવાની સત્તા સુરત મહાનગરપાલિકાના કયા અધિકારીની છે? તથા તેઓના કાર્યક્ષેત્રમાં આવે છે કે કેમ? જે અંગેની માહિતી માંગેલ છે.

અરજદારને પત્ર નં.૧૮૦ તા.૧૯/૦૪/૧૨ થી જવાબ પાઠવવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે મળેલ જવાબથી નારાજ થઈ પ્રથમ અપીલ કરેલ છે. તથા તેમણે માંગેલ માહિતી પ્રશ્નનો જવાબ મળે તેવી અપેક્ષા સહ અપીલ કરેલ છે.

અરજદારે માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ માં હરીપુરા સીમ્જી બ્લોકસમાં ચાલતાં સદરહુ સ્પ્રે કલરના કારખાના આરોગ્યને હાનીકારક છે? (૨) જે બંધ કરાવવાની સત્તા સુ.મ.પાના કયા અધિકારીની છે? (૩) સ્પ્રે કલરના કારખાના બંધ કરાવવાનું તેઓના કાર્યક્ષેત્રમાં આવે છે કે કેમ? તે તમામ બાબતનો જવાબ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી ધ્વારા રેકર્ડ તપાસતા માહિતી ઉપલબ્ધ નથી તેમ જણાવેલ છે.

અરજદારની અપીલ અરજીના અનુસંધાનમાં પત્ર નં. ૩૫૨/૧ તા.૧૦/૦૫/૧૨ થી તેઓ ધ્વારા માંગેલ માહિતી બાબતે અન્ય કોઈ નારાજગી હોય તો જરૂરી પુરાવા સહિત અત્રેની કચેરીને મોકલી આપવા જણાવેલ. જેના અનુસંધાનમાં અરજદાર ધ્વારા કોઈ રજુઆત કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી ધ્વારા અત્રેના પત્ર નં.૩૫૨/૨ તા.૧૦/૦૫/૧૨ ના અનુસંધાનમાં તેઓના દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેમ જણાવેલ છે. તથા અરજદારને પણ પાઠવેલ જવાબ પત્ર નં.૧૮૦ તા.૧૯/૦૪/૧૨ ની નકલ સામેલ કરેલ છે.

અરજદારે તેઓને મળેલ જવાબથી નારાજ થઈ કરેલ અપીલ અરજીમાં તેઓએ તેમના પ્રશ્નોનો જવાબ મળે તેવી રજુઆત કરેલ છે. આરટીઆઈ એકટની જોગવાઈ મુજબ ઉપલબ્ધ રેકર્ડના આધારે માહિતી આપવાની હોય છે. જેથી અરજદારે માંગેલ માહિતી દફતરી રેકર્ડ ન હોવાનો જવાબ અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવવામાં આવેલ છે. અરજદાર તેમણે પુછેલ પ્રશ્નના મળેલ જવાબથી નારાજ હોય તો જાહેર માહિતી અધિકારીને અગાઉથી સમય મેળવી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી નિયમ અનુસાર ફી ભરવાની શરતે કરી શકે છે.

**–:હુકમ :–**

અરજદારની અપીલ અરજીને ધ્યાને લઈ તથા જાહેર માહિતીઅધિકારી અને આરોગ્ય અધિકારી ધ્વારા માંગેલ માહિતીનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી. તે રીતનો જવાબ પાઠવવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર જો ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો અગાઉથી સમય મેળવી આરટીઆઈ નિયમ અનુસાર જરૂરી ફી ભરવાની શરતે પ્રત્યક્ષ નિરિક્ષણ કરી શકે છે. અને અરજદાર ધ્વારા તેવી માંગણી થયેથી ઉપલબ્ધ દફતરી રેકર્ડનું નિરિક્ષણ ફી ભરવાની શરતે આપવાનું રહેશે. હાલના તબકકે અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૯૬૩
તા.૭/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.        તા.................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૭/૦૩/૧૨ (આઈ.ડી.નં. ૨૦૯૪) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૩૦/૦૫/૧૨ SMC/FAP/નં ૨૬/૨૦૧૨–૧૩

તા.૨૭/૦૩/૧૨ ની અરજીના અનુસંધાનમાં અરજદારે માંગેલ માહિતી

(૧) સુરત શહેરમાં જાન્યુઆરી–૨૦૦૬ સુધીમાં સુરત મહાનગરપાલિકાના કબ્જા હેઠળ કેટલી જમીન સુરત શહેરના કયા વિસ્તારમાં અને કેટલી આવેલ હતી તેની ચોકકસ માહિતી. (૨) સુરત શહેરમાં ફેબ્રુઆરી–૨૦૧૨ સુધીમાં સુરત મહાનગરપાલિકાના કબ્જા હેઠળ કેટલી જમીન સુરત શહેરના કયા વિસ્તારમાં અને કેટલી આવેલ હતી તેની ચોકકસ માહિતી માંગેલ જેનો જવાબ ૩૦(ત્રીસ) દિવસની સમય મર્યાદા પૂર્ણ થયેલ હોવા છતાં મળેલ નથી. જેથી પ્રથમ અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની અપીલ અરજીને ધ્યાને લઈ તા.૦૧/૦૬/૧૨ ના પત્ર ધ્વારા અરજદારને અપીલ સમય દરમ્યાન માહિતી મળેલ હોય કે અન્ય કોઈ નારાજગી અંગેના પુરાવા હોય તો સહીત રજુઆત કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં અરજદાર ધ્વારા અન્ય કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. અરજદારની અપીલના અનુસંધાને ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને તા.૦૧/૦૬/૧૨ ના પત્ર ધ્વારા અરજદારની પ્રથમ અપીલ સંદર્ભે આપેલ માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા/ ઈન્કાર હોયતો તેની સ્પષ્ટતાસહ દિન–૫ માં તેઓનો પક્ષ રજુ કરવા જણાવેલ જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા અરજદારને માહિતી આપ્યા અંગેના પુરાવા કે અન્ય કોઈ રજુઆત કરવામાં આવેલ નથી.

**–:હુકમ :–**

અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજીને ધ્યાને લઈ અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા આજદિન સુધી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી. તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા અરજદારને માહિતી પુરી પાડયા અંગેના કોઈ પુરાવા રજુ કરેલ નથી. જેને ધ્યાને લેતા આરટીઆઈની કલમ ૭(૬) મુજબ અરજદારને માંગેલ માહિતી દિન–૭ માં વિના મુલ્યે અરજદારને પુરી પાડવા તેમજ તે અંગેની જાણ અત્રેની કચેરીને કરવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૯૨૧
તા.૪/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર (એ,બી,સી,ડી) જાણ તથા અમલ માટે.

| | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |
|---|---|---|

અપીલ અરજી નં. તા.................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૪/૦૩/૧૨ (આઈ.ડી.નં. ૨૦૨૩) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૧/૦૫/૧૨ SMC/FAP/નં. ૩/૨૦૧૨–૧૩

તા.૧૪/૦૩/૧૨ ની અરજીના અનુસંધાનમાં અરજદારે માંગેલ માહિતી

(૧) સુરત શહેર બેગમપુરા, દુધારા શેરી ઘર નં.૪/૩૫૬ તેમજ ગલેમંડી, કડીયા શેરી, રામજી મંદિરની ગલીમાં ઘર નં.૭/૪૪૯૪ વાળી મિલકતોના ગેરકાયદેસર બાંધકામ બાબતે એડવોકેટ મારફત બી.પી.એમ.સી. એકટની કલમ ૪૮૭ મુજબની નોટીસ આપવામાં આવેલ. આ નોટીસના અનુસંધાનમાં વિભાગ ધ્વારા શું કાર્યવાહી થઈ? તેની નકલ માંગેલ. (૨) ૪/૩૫૬, ૭/૪૪૯૪ વાળી મિલકતના ગેરકાયદેસર બાંધકામ બાબતે શહેર વિકાસ વિભાગ તરફથી નોટીસ આપેલ જેની નકલ માંગેલ. અરજદારે માંગેલ માહિતી પત્ર નં.૭૩ તા.૧૦/૦૪/૧૨ ના રોજ પત્ર ધ્વારા મુદ્દા નં.૧ ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા કોઈ કાર્યવાહી કરેલ હોવાનું જણાતું નથી. તેમજ મુદ્દા નં. ૨ બાબતે બી.પી.એમ.સી. એકટની કલમ ૨૬૦(૧),(૨) મુજબની નોટીસની નકલના નકલ દીઠ રૂા.૨/– લેખે બે પાના રૂા.૪/– જમા કરાવ્યેથી તેમજ તાકીદની નોટીસના નકલના રૂા.૨/– ભર્યેથી મળી શકશે તેમ જણાવેલ છે. અરજદાર ધ્વારા રસીદ નં.૨૮૫૫૯૬ તા.૧૨/૦૪/૧૨ ના રોજ રૂા.૬/– જમા કરાવેલ છે. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.૧૨૭ તા.૧૬/૦૪/૧૨ ના રોજ માંગ્યા મુજબની નકલ (તાકીદના પત્રની નકલ) પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારે પોતાની અપીલમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા ખોટી તેમજ ગેરમાર્ગે દોરનારી માહિતી આપવામાં આવેલ છે. તા.૩૦/૦૧/૧૨ ના રોજ નોટીસ આપવામાં આવેલ છે. તેમ છતાં ગેરકાયદેસર બાંધકામ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોવાનું જણાવેલ છે તો લીગલ નોટીસ આપેલ તે બાબતે કશી કાર્યવાહી કરવામાં આવેલ નથી. અરજદારે અપીલ અરજીના મુદ્દા નં.૪ અને ૫ માં તેઓએ માંગેલ માહિતીના મળેલ જવાબનો સંદર્ભ રજુ કરી ઘર નં. ૪/૩૫૬ વાળી મિલકતમાં હાલમાં પણ આર્કીટેક ધ્વારા રીવાઈઝડ પ્લાન મંજુર કર્યા વિના ગેરકાયદેસર બાંધકામ ચાલે છે. તેવી રજુઆત કરેલ છે. અરજદારે ઘર નં.૭/૪૪૯૪ બાબતે માંગેલ માહિતી પૈકી તેઓને પ્રથમ નોટીસની નકલો મળેલ નથી. જયારે ફકત તાકીદની નોટીસની નકલ મળેલ છે. જે અપાવવા તેમજ પ્લાન પાસ વગર તાકીદની નોટીસ આપ્યા બાદ પણ ગેરકાયદેસર બાંધકામ કરી સંપૂર્ણ મિલકત બની ગઈ છે તેમ છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેવી રજુઆત કરેલ છે.

અરજદારની પ્રથમ અપીલના અનુસંધાનમાં પત્ર નં.૩૨૩ તા.૦૫/૦૫/૧૨ થી નારાજગીકે અન્ય કોઈ પુરાવા હોય તો રજુઆત કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં અરજદાર ધ્વારા તેઓના તા.૧૦/૦૫/૧૨ ના પત્ર ધ્વારા મુદ્દા નં.૧ હેઠળ માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા ખોટી આપવામાં આવેલ છે. તેઓ ધ્વારા વકીલ મારફત નોટીસ આપવા છતાં ગેરકાયદેસર બાંધકામ રોકવામાં આવેલ નથી. તેમજ રીવાઈઝડ પ્લાન પણ આર્કીટેક ધ્વારા રજુ કરવામાં આવેલ નથી. આ વિસ્તારમાં સુ.મ.પ ના શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેર ધ્વારા રાઉન્ડમાં આવતા હોય છે તેમ છતાં મિલકતદારને નોટીસ આપેલ નથી. તથા ગેરકાયદેસર બાંધકામ રોકવા અંગે કોઈ કાર્યવાહી કરેલ નથી. આર્કીટેક ધ્વારા રજુ કરેલ બાંહેધરી પત્ર આધારે પણ ઘર નં. ૪/૩૫૬ વાળી મિલકતમાં તપાસ કરવામાં આવે તો આર્કીટેક ધ્વારા ખોટી એફીડેવીટ રજુ કરવામાં આવેલ હોવાનું તેમજ ગેરકાયદેસર બાંધકામ બાબતે કોઈ કાર્યવાહી કરેલ હોવાનું જણાતું નથી. તેવી ખોટી માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે. જયારે ઘર નં.૭/૪૪૯૪ વાળી મિલકતના માલિકે સુ.મ.પ પાસે બાંધકામ કરવા અંગે પ્લાન મંજુર કરાવવામાં આવેલ નથી તેવુ અગાઉના આરટીઆઈના જવાબમાં જણાવેલ છે. અપીલ અરજી કરનાર ધ્વારા વકીલ મારફત કલમ –૪૮૭ મુજબની નોટીસ તા.૩૦/૦૧/૧૨ ના રોજ મે.કમિશનરશ્રીને ઉદ્દેશીને કરવામાં આવેલ તેમ છતાં સદર બાબતે શહેર વિકાસ વિભાગ ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. ફકત તા.૨૨/૦૬/૧૦ ના રોજ નોટીસ આપવામાં આવેલ છે. નોટીસ આપ્યા બાદ આગળની કાર્યવાહી શા માટે કરવામાં આવી નથી. તેવી રજુઆત કરેલ છે.

અરજદારની અપીલના અનુસંધાને ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને તા.૦૫/૦૫/૧૨ ના પત્ર ધ્વારા અરજદારની પ્રથમ અપીલ સંદર્ભે આપેલ માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા/ ઈન્કાર હોયતો તેની સ્પષ્ટતાસહ દિન–૫ માં તેઓનો પક્ષ રજુ કરવા જણાવેલ જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા અરજદારને માહિતી આપ્યા અંગેના પુરાવા કે અન્ય કોઈ રજુઆત કરવામાં આવેલ નથી.

અરજદારને અત્રેથી પત્ર નં. ૭૮૦ તા.૨૨/૦૬/૧૨ થી અત્રેની કચેરીમાં રૂબરૂ રજુઆત કરવા અંગે જણાવેલ જે સમયે અરજદાર ધ્વારા ઘર નં.૪/૩૫૬ બાબતે કોઈ કાર્યવાહી થઈ નથી તથા તે અંગેની માહિતી મળેલ નથી. જયારે ઘર નં. ૭/૧૪૪૪ બાબતે પ્રથમ નોટીસની નકલ મળેલ નથી. જે અંગે રજુઆત કરેલ છે.

અરજદારની પ્રથમ અપીલ અરજી તા.૧૦/૦૫/૧૨ ના પત્ર ધ્વારા કરેલ રજુઆત તથા તા.૩૦/૦૬/૧૨ ના રોજ રૂબરૂ સુનવણીમાં કરેલ રજુઆતને ધ્યાને લઈ અરજદારે માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ ની માહિતીના અનુસંધાનમાં અરજદારે એડવોકેટ મારફત બી.પી.એમ.સી. એકટની કલમ –૪૮૭ મુજબ આપેલ નોટીસ અનુસંધાને થયેલ કાર્યવાહીની માહિતી માંગેલ. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા તેઓનો તા.૧૦/૦૪/૧૨ ના પત્ર ધ્વારા તેઓની એડવોકેટ મારફત આપેલ નોટીસના અનુસંધાનમાં કોઈ કાર્યવાહી કરેલ હોવાનું જણાતું નથી. તેમ જણાવેલ છે.

અરજદાર ધ્વારા જાહેર માહિતી અધિકારીના પત્રના અનુસંધાનમાં રસીદ નં. ૨૮૫૫૯૬ થી રૂ.૬/– જમા કરાવવામાં આવેલ છે. તેમ છતાં તેઓને મિલકત નં. ૭/૪૪૯૪ વાળી મિલકતની પ્રથમ નોટીસની નકલ મળેલ નથી અને ફકત તાકીદના પત્રની નકલ મળેલ છે. જેથી પ્રથમ નોટીસની નકલો અપાવવાની રજુઆત કરેલ છે. જે મુજબ પ્રથમ નોટીસની નકલો અરજદારને આપવાજોગ હોવાનું જણાય છે.

**–:હુકમ :–**

અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજી તથા રૂબરૂ રજુઆતને ધ્યાને લઈ અરજદારે માંગેલ મુદ્દા નં.૧ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા પુરી પાડવામાં આવેલ હોવાનુ જણાય છે. જયારે મિલકત નં. ૭/૪૪૯૪ ની પ્રથમ નોટીસની નકલો અરજદારને પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી. અરજદારે અપીલ તબકકે બી.પી.એમ.સી. એકટની કલમ–૪૮૭ મુજબ વકીલ ધ્વારા નોટીસ આપવા છતાં શા માટે કોઈ કાર્યવાહી થઈ નથી તે રીતની અપીલ તબકકે કરેલ રજુઆત માંગેલ માહિતીથી અલગ પડે છે તથા મિલકત નં. ૭/૪૪૯૪ વાળી મિલકત બાબતે પણ નોટીસ આપ્યા બાદ શા માટે આગળની કાર્યવાહી થયેલ નથી. તેવી રજુઆત અપીલ તબકકે કરેલ છે. અરજદાર ઉપરોકત બંને રજુઆત માંગેલ માહિતી મળયા બાદ ઉદ્દભવતા પ્રશ્નો અંગેની છે. જેથી તેમના આ પ્રશ્નો અંગે તેઓ લાગત સક્ષમ સત્તાધીશને અલગથી રજુઆત કરવાની રહે છે અને તેમ કરવા તેઓ સ્વતંત્ર છે. અરજદારને મુદ્દા નં. ૧ બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ જવાબ કે "આપેલ નોટીસના અનુસંધાનમાં કોઈ કાર્યવાહી થયેલ નથી" જે માહિતી આપ્યા બરાબર છે. જયારે મિલકત નં.૭/૪૪૯૪ બાબતે માંગેલ માહિતી પૈકી અરજદારે નાણાં ભરવા છતાં પ્રથમ નોટીસની નકલો જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ નથી. જે અરજદારને દિન–૭ માં અરજદારને પુરી પાડવા અને ભવિષ્યમાં અરજદાર ધ્વારા નાણાં ભર્યા બાદ માંગેલ નકલો પુરેપુરી સમયસર મળી રહે તે અંગે તકેદારી રાખવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૯૧૯
તા.૪/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |

અપીલ અરજી નં.          તા..................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૯/૦૩/૧૨ (આઈ.ડી.નં. ૨૧૧૯) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૮/૦૫/૧૨ SMC/FAP/નં ૧૫/૨૦૧૨–૧૩

તા.૨૯/૦૩/૧૨ ની અરજીના અનુસંધાનમાં અરજદારે ગુજરાત સરકાર તરફથી ગેરકાયદેસર બાંધકામ કાયદેસર કરવાની કટ ઓફ ડેટ ૨૮/૦૩/૧૧ નકકી કરવામાં આવેલ હોય ત્યાર બાદ સુ.મ.પા ની હદમાં ગેરકાયદેસર બાંધકામો કેટલા છે તેની આંકડાકીય માહિતી માંગેલ.

અરજદારની ઉપરોકત મુળ અરજીના અનુસંધાનમાં તા.૧૫/૦૫/૧૨ ના રોજ પ્રથમ અપીલ કરવામાં આવેલ. જેમા વરાછા/ અઠવા ઝોન માંથી ખોટી માહિતી મળેલ છે. લિંબાયત ઝોનમાંથી માહિતી મળેલ નથી અને મધ્યસ્થ શહેર વિકાસ વિભાગમાંથી મળેલ માહિતી છુપાવવામાં આવેલ હોવાથી અપીલ અરજી કરેલ છે.

અરજદારની અપીલ અરજીના અનુસંધાનમાં તા.૨૩/૦૫/૧૨ ના પત્ર ધ્વારા ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તેમજ અરજદારને મળેલ અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત રજુ કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં અરજદાર કે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. અરજદારને તા.૩૦/૦૬/૧૨ ના રોજ રૂબરૂ સુનવણી અર્થે પત્ર લખેલ જે સંદર્ભે અઠવા ઝોન તેમજ મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તથા વરાછા ઝોનની માહિતી ખોટી મળેલ છે. જયારે લિંબાયત ઝોનમાંથી માહિતી મળેલ નથી. સેન્ટ્રલ ઝોનમાંથી મળેલ માહિતી બાબતે કોઈ નારાજગી કે ફરીયાદ હોય તો રજુ કરવા જણાવેલ. તેના અનુસંધાનમાં અરજદારે સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં. ૫૯ તા.૩૦/૦૪/૧૨ ના રોજ જવાબ મળેલ છે. જે બાબતે કોઈ નારાજગી જણાવેલ નથી. જયારે અન્ય ઝોન તથા ખાતાની માહિતી મેળવવા અંગે રજુઆત કરેલ છે. અરજદારની રજુઆત અત્રેના સેન્ટ્રલ ઝોનને લાગત ન હોય તેઓની અપીલ અરજી લાગત ઝોન/ વિભાગને તબદીલ કરવા ઘટીત કાર્યવાહી કરવા મેનેજરશ્રી નાગરિક સુવિધા કેન્દ્રને જણાવવામાં આવે છે.

**–:હુકમ :–**

અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજી તથા રૂબરૂ રજુઆતને ધ્યાને લઈ અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા આજદિન સુધી પુરી પાડવામાં આવેલ છે. તથા તેમની રૂબરૂ રજુઆતમાં અન્ય ઝોન/ વિભાગ ધ્વારા માહિતી અધુરી/ ખોટી મળેલ હોય જેથી તે અંગેની રજુઆત જેતે ઝોન/ વિભાગના અપીલ અધિકારી સમક્ષ કરવા અરજદાર સ્વતંત્ર છે. તથા તે અંગે લાગત વિભાગ/ ઝોનના અપીલ અધિકારીશ્રીનો સંપર્ક કરી શકે છે. અત્રેના સેન્ટ્રલ ઝોનના ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને કોઈ ફરીયાદ ન હોય સેન્ટ્રલ ઝોન પુરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૯૨૦
તા.૪/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.        તા.................

સામાવાળા :– (૧) નાયબ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૩૦/૦૪/૧૨ (આઈ.ડી.નં. ૧૧૨૬) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૯/૦૫/૧૨ SMC/FAP/નં ૨૫/૨૦૧૨–૧૩

અરજદાર તા.૩૦/૦૪/૧૨ (આઈ.ડી.નં.૧૧૨૬) ની અરજી ધ્વારા સુરત રેલ્વે સ્ટેશન પાસે દંડ ઉઘરાવવામાં આવે છે. તે બાબતે દંડ ઉઘરાવવાનો ઠરાવ, કર્મચારીની સત્તા, જાહેરાત કરવામાં આવી છે કે કેમ? ડ્રેસ કોડ, રીપોટીંગ, કચરાપેટી સ્ટેશન પાસે મુકવામાં આવેલ છે. તેની દંડ ઉઘરાવનાર વ્યકિત ગુટકાખાઈ શકે વિગેરે ૧૧ મુદ્દાની માહિતી માંગેલ.

અરજદારે પોતાની તા.૨૩/૦૫/૧૨ ની અપીલ અરજીમાં જે માહિતી માંગેલ છે તે પૂરતી નથી તેવી રજુઆત કરી પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારની અપીલ અનુસંધાને અત્રેથી પત્ર નં.૫૫૪/૧ તા.૩૧/૦૫/૧૨ થી અરજદારને પોતાની નારાજગી કે મળેલ જવાબ અંગે કોઈ રજુઆત/ પુરાવા હોય તો રજુ કરવા જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીને પણ પત્ર નં.૫૫૪/૨ તા.૩૧/૦૫/૧૨ થી અરજદારની અરજી સંબધે કરેલ કાર્યવાહી તથા તેઓનો પક્ષ રજુ કરતો પૂર્તતા રીપોર્ટ રજુ કરવા જણાવેલ.

અરજદાર ધ્વારા ઉપરોકત પત્રના અનુસંધાનમાં કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી ધ્વારા તેઓના તા.૦૪/૦૬/૧૨ ના રોજ જવાબ પાઠવવામાં આવેલ હોવાનું જણાવેલ છે તથા મોકલાવેલ જવાબની નકલ પુરાવા તરીકે રજુ કરેલ છે.

અરજદારને તેઓની અપીલના અનુસંધાનમાં ફરીથી પત્ર નં.૭૩૪ તા.૧૯/૦૬/૧૨ થી રૂબરૂ સુનવણી અંગે તા.૨૫/૦૬/૧૨ ના રોજ હાજર રહેવા જણાવેલ જે સમયે અરજદાર રૂબરૂ હાજર રહેલ નથી. અરજદારની મુળ અરજી તથા અપીલ અરજીને ધ્યાને લેતા અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી ધ્વારા પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તથા માંગેલ માહિતીની નકલો મેળવવા માટે જરૂરી ફી જમા કરાવવાનું પત્ર ધ્વારા જણાવેલ છે. જેના અનુસંધાનમાં અરજદાર ધ્વારા ફીની રકમ જમા કરાવેલ હોવાનું જણાતું નથી. તેમજ અત્રેના પત્રનો જવાબ કે રૂબરૂ સુનવણી સમયે પણ ઉપસ્થિત રહી અન્ય કોઈ રજુઆત કે પુરાવા રજુ કરેલ નથી.

જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી ધ્વારા અરજદારે માંગેલ માહિતીનો જવાબ સમય મર્યાદામાં પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે તથા માંગેલ માહિતીની નકલો મેળવવા બાબતે નાણાં જમા કરાવવા જણાવેલ છે. અરજદારે નાણાં જમા ક રાવ્યા અંગે કોઈ પુરાવા રજુ કરેલ નથી.

**–:હુકમ :–**

અરજદારની મુળ અરજી તથા પ્રથમ અપીલ અરજી અને તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીએ અપીલ તબકકે રજુ કરેલ પૂરાવામાં અરજદારને તેઓ ધ્વારા સમય મર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ છે. તથા અરજદારે અપીલ સંદર્ભે નારાજગીના કારણો અન્ય કોઈ રજુઆત/પુરાવા રજુ કરેલ નથી. જેથી અરજદાર જો ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીના

જવાબ અન્વયે માહિતી નકલ મેળવવા અંગે જમા કરાવવા જોગ નાણાં જમા કરાવી માહિતીની નકલો મેળવી શકે છે. હાલના તબકકે અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી ધ્વારા સમય મર્યાદામાં પૂરી પાડલ હોય. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૯૬૨
તા.૦૭/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.        તા.................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૧/૦૫/૧૨ (આઈ.ડી.નં. ૨૪૭) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૨/૦૬/૧૨ SMC/FAP/નં ૩૪/૨૦૧૨–૧૩

અરજદાર ની મુળ તા.૧૧/૦૫/૧૨ ની(આઈ.ડી.નં.૨૪૭) ની અરજીમાં તેઓ (૧) તા.૦૭/૦૪/૧૧ ની અરજી બાબતે થયેલ કાર્યવાહીની વિગત (૨) ટોરેન્ટ કંપની ધ્વારા બદબાર કેબલ, ડી.બી બોક્ષ જે રસ્તા ઉપર રોડને અડીને મુકવામાં આવેલ છે. જેનું ભાડુ જમીન મિલકત વિભાગ ધ્વારા કાયદેસર જયારથી ગોઠવેલ છે. ત્યારથી આજદિન સુધીની માહિતી માંગેલ.(૩) કમિશ્નરશ્રી સ્થાયી સમિતિ કે અધિકારીએ ન વસુલવાનું જણાવેલ હોય તો તે અંગેની માહિતીની નકલની માંગણી કરેલ.

અરજદારની અપીલ અરજીના અનુસંધાને થયેલ કાર્યવાહી આપેલ જવાબની નકલ સહિત તેઓનો પક્ષ રજુ કરવા ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને પત્ર નં.૭૨૫ તા.૧૯/૦૬/૧૨ થી જણાવેલ જેના અનુસંધાનમાં અરજદારને તા.૨૩/૦૫/૧૨ થી આઉટ નં.૪૯૧ થી જવાબ પાઠવવામાં આવેલ છે. તેમજ અરજદારે ટોરેન્ટ પાવર કંપની ધ્વારા મુકવામાં આવેલ ડી.બી. બોક્ષનું સુ.મ.પા ધ્વારા ભાડુ વસુલ કરવામાં આવતું નથી. તથા કંપની સાથે ડી.બી. બોક્ષ મુકવા અંગે સુ.મ.પા ના સક્ષમ સત્તાએ કોઈ નિર્ણય લીધો નથી કે કોઈ ઠરાવ પસાર કરવામાં આવેલ નથી. તે રીતની રજુઆત કરેલ છે.

જયારે અરજદારે તેઓ ધ્વારા તા.૧૭/૦૪/૧૨ ના રોજ કમિશ્નરશ્રીને ઉદ્દેશીને અરજી કરેલ હોવા છતાં આ બાબતે કેમ કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી અને સુ.મ.પા ના આવકના સાધન બાબતે પણ કેમ વિચારણા કરતા નથી. તે બાબતે તા.૨૫/૦૬/૧૨ ના પત્રમાં જણાવેલ છે.

અરજદારે તેની તા.૦૭/૦૪/૧૨ ના રોજ સદર બાબતે કરેલ અરજી બાબતે થયેલ કાર્યવાહીની માહિતી માંગેલ છે. અરજદારે પુરાવામાં તેમણે આપેલ મે.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને કરેલ અરજી મધ્યસ્થ કચેરીમાં આપવામાં આવેલ હોવાનું જણાય છે. જેથી અરજદારની તા.૦૭/૦૪/૧૧ ની અરજી બાબતેનો સેન્ટ્રલ ઝોનમાં આ અરજી મળી હોય તો શું કાર્યવાહી કરવામાં આવી તે અંગે અરજદારને માહિત કરવા જોઈએ અથવા જો અરજદારની તા.૦૭/૦૪/૧૨ ની અરજી અત્રે સેન્ટ્રલ ઝોનને ન મળી હોય તો આ અરજી સ્વીકારનાર મધ્યસ્થ કચેરીના જાહેર માહિતી અધિકારીને સદર અરજી તબદીલ કરવા અંગે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા કાર્યવાહી કરવી જોઈએ. અરજદારનો મુળ હેતુ ટોરન્ટ પાવર કંપની ધ્વારા મુકવામાં આવતા બદબાર કેબલ, ડી.બી.બોક્ષનું ભાડુ વસુલ કરવા અંગે તેઓની તા.૦૭/૦૪/૧૨ ની અરજી બાબતે થયેલ કાર્યવાહીની માહિતી માંગેલ છે.

હાલમાં સુ.મ.પા માં ટોરેન્ટ પાવર કંપની ધ્વારા બદબાર કેબલ, ડી.બી.બોક્ષ મુકવામાં આવે છે તે બાબતે ભાડુ વસુલ કરવા અંગે કોઈ નિર્ણય કરવામાં આવ્યો હોય કે ઠરાવ હોય તો તેની માહિતી અરજદારને માહિતગાર કરવા જોઈએ.

# –:હુકમ :–

અરજદારની મુળ તા.૦૭/૦૪/૧૨ ની અરજી બાબતે આરટીઆઈ એકટ અન્વયે અરજદારે તા.૨૩/૦૫/૧૨ ના રોજ નમૂનો 'ક' માં અરજી કરેલ છે. તા.૦૭/૦૪/૧૨ ની અરજી જો અત્રેના સેન્ટ્રલ ઝોનને મળેલ હોય તો તે સંદર્ભે કરેલ કાર્યવાહી અરજદારને માહિતગાર કરવા અન્યથા સદર અરજી મધ્યસ્થ કચેરીમાં સ્વીકારવામાં આવેલ હોવાનું જણાય છે. જેથી અરજદારની આરટીઆઈની અરજી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરીને તબદીલ કરવા અને થયેલ કાર્યવાહીથી માહિતગાર કરવા જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરીને જણાવવામાં આવે છે. અરજદારને પણ મુળ અરજી (સાદી) ના સંદર્ભમાં જયારે પણ આરટીઆઈ એકટ અન્વયે અરજી કરવામાં આવે ત્યારે જુની મુળ અરજીની ઝેરોક્ષ નકલ સામેલ કરવી જોઈએ. જેથી અરજી જે તે જાહેર માહિતી અધિકારીને સમય મર્યાદામાં તબદીલ થઈ શકે તેમજ અરજદારને પણ માહિતી સમય મર્યાદામાં મળી શકે. હાલ પુરતી અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે. તથા તેમની આ અરજી તબદીલ થયા બાદ મળેલ માહિતીથી નારાજ હોય તો સંબધિત અપીલ અધિકારીને રજુઆત કરવા સ્વતંત્ર છે.

સી.ઝેડ/આઉટ/નં.૯૬૭
તા.૦૭/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર જાણ તથા અમલ માટે.

| | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |
|---|---|---|

અપીલ અરજી નં.        તા.................

સામાવાળા :– (૧) આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૬/૦૫/૧૨ (આઈ.ડી.નં. ૨૬૬) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૯/૦૬/૧૨ SMC/FAP/નં ૩૮/૨૦૧૨–૧૩

તા.૧૬/૦૫/૧૨ ની (આઈ.ડી. નં. ૨૬૬) ની અરજી થી મ્યુ. ટેના નં. ૦૯–એ–૦૩–૦૪૩૧–૦–૦૦૩ વાળી મિલકતમાં કબ્જેદાર તરીકે અબ્દુલ રહેમાન મોહંમદ રહેમતુલ્લા મલેકનું નામ કઈ તારીખે, કયા આધારે દાખલ કરવામાં આવ્યું જેની નકલ/ પુરાવા અરજીની માહિતી માંગેલ.

અરજદારની અરજીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીના તા.૦૨/૦૬/૧૨ ના પત્ર નં.૪૫ થી રૂા.૩૬/– જમા કરાવવા જણાવેલ છે. જે નાણાં અરજદાર ઘ્વારા તા.૧૬/૦૫/૧૨ ના રોજ જમા કરાવેલ છે. આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી ઘ્વારા તેઓના પત્ર નં.૪૫ તા.૧૨/૦૬/૧૨ થી પુરાવા સહિતનો તુમારની નકલ આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

અરજદારને અત્રેથી પત્ર નં. ૭૪૪/૧ તા.૨૦/૦૬/૧૨ ની અપીલ અરજી સંદર્ભે અન્ય કોઈ રજુઆત કે પુરાવા હોય તો રજુ કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી ઘ્વારા આપવામાં આવેલ નકલો સહિત કુલ પાના નંગ–૧ થી ૨૭ ની નકલો રજુ કરેલ અને જેમાં તેઓને માહિતી અધુરી મળેલ હોવાનું જણાવેલ છે. તથા અરજદારે જાહેર માહિતી અધિકારી ઘ્વારા આપવામાં આવેલ માહિતીની નકલોમાંથી મકાન માલિકનું સંમતિ પત્રક, રેશન કાર્ડ તથા વેરાબીલની રસીદની નકલો જે તુમાર સાથે જે તે સમયે અબ્દુલ રહેમાન મોહમંદ મલેક ઘ્વારા રજુ કરેલ હોવાનું જણાય છે. જે તેઓને મળેલ નથી.

અરજદારે તેઓની અપીલ અરજીમાં (૧) મકાન માલિકનું લેખિત સંમતિ (૨) રેશન કાર્ડની ઝેરોક્ષ નકલ (૩) મ્યુ. વેરા ભરપાઈ કર્યા હોય તો વેરાની રસીદ તથા અન્ય જરૂરી પુરાવા તેઓને મળેલ ન હોવાથી અપીલ અરજી કરેલ છે.

અરજદારને જાહેર માહિતી અધિકારી ઘ્વારા નાણાં ભર્યા બાદ આપવામાં આવેલ નકલો પૈકી સાદર રજુ રીપોર્ટમાં રજુ કરેલ પુરાવામાં અનુક્રમ નં. ૫ મકાન માલિકની લેખિત સંમતિ અનુક્રમ નં.૧૧ ટેક્ષ ભરપાઈ કર્યાની રસીદની નકલ ઉપર (√) ટીક માર્ક કરેલ છે. જયારે અરજદારની માંગણી મુજબ રેશન કાર્ડની ઝેરોક્ષની નકલ મલેક અબ્દુલ રહેમાન ઘ્વારા રજુ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારે અપીલ તબકકે માંગેલ ઉપરોકત માહિતીની નકલો જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી ઘ્વારા પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી.

# –:હુકમ :–

અરજદારમુળ અરજીમાં માંગેલ માહિતી તથા અપીલ તબકકે રજુ કરેલ પુરાવાને ઘ્યાને લેતા અરજદારે મળેલ માહિતીની નકલો પૈકી અકારણી દફતરે નામ દાખલ કરાવવા અંગે મુળ અરજદાર અબ્દુલ રહેમાન મોહમંદ રહેમતુલ્લાએ રેશનકાર્ડ, વેરાબીલની નકલ તથા મકાન માલિકનું સંમતિપત્રક રજુ કરવામાં આવેલ હોવાનું જણાય છે. જે અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ હોવાનું જણાતું નથી. અરજદારની માંગણી મુજબના ત્રણે પેપર્સની નકલો આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને પૂરી જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૯૬૬
તા.૦૭/૦૭/૧૨

(ડી.એમ.પટેલ)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.        તા.................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૨/૦૩/૧૨ (આઈ.ડી.નં. ૨૦૬૭) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૪/૦૫/૧૨ SMC/FAP/નં ૦૬/૨૦૧૨–૧૩

અરજદાર ની મુળ તા.૨૨/૦૩/૧૨ ની (આઈ.ડી. નં. ૨૦૬૭) ની અરજી થી (૧) વોર્ડ નં.૫/૧૫૦૮ ની બાંધકામ રજાચિઠ્ઠીની નકલ (૨) વોર્ડ નં.૫/૧૯૨૦,૭/૩૩૬૬, ૭/૩૧૦૫ ની બાંધકામ મંજુરીની રજાચિઠ્ઠીની નકલ. (૩) નોંધ નં.૧૧/૧૨૩૫ ની નવા બાંધકામ મંજુરીની રજાચિઠ્ઠીની નકલ.(૪) નોંધ નં.૧૨/૪૧૬,૧૩૧૩,૧૨૮૪,૭૦૬,૨૩૩૦–૩૧ ના બાંધકામ મંજુરી રજાચિઠ્ઠીની નકલ.(૫) ૧૨/૨૭૨૯,૨૭૩૪ તથા (૬) ૧૨/૨૭૩૫ ના પ્લાન મંજુરી બાંધકામ રજાચિઠ્ઠીની નકલની માંગણી કરેલ.

અરજદારે તેમની તા.૦૪/૦૫/૧૨ ની અપીલ અરજીમાં આજદિન સુધી કોઈ માહિતી મળેલ નથી. જેથી તેઓ ધ્વારા પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે. અરજદારની અપીલ અરજી અનુસંધાને અરજદારને તા.૦૫/૦૫/૧૨ ના પત્ર ધ્વારા અપીલ સમય દરમ્યાન કોઈ માહિતી મળેલ હોય તો તે સંબધે કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત અત્રેની કચેરીને મોકલી આપવા જણાવેલ તથા ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને તા.૦૫/૦૫/૧૨ ના પત્ર ધ્વારા આપવા જોગ પૂરક માહિતી તથા તેઓને પક્ષ રજુ કરતો પૂર્તતા રીપોર્ટ મોકલી આપવા જણાવેલ.

અરજદારે તેઓના તા.૧૧/૦૫/૧૨ ના પત્ર ધ્વારા પણ તેઓને મુળ અરજીના અનુસંધાનમાં આજદિન સુધી માહિતી મળેલ ન હોય જેથી યોગ્ય કાર્યવાહી કરી માંગેલ માહિતી અંગે અપાવવા વિનંતી કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા કોઈ રજુઆત કે પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

અરજદાર ધ્વારા માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી.

## –:હુકમ :–

અરજદારની મુળ અરજી તથા અપીલ અરજી તેમજ તા.૧૧/૦૫/૧૨ ના પત્રને ધ્યાને લઈ અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા સમય મર્યાદામાં પૂરી પાડેલ નથી. જેથી આરટીઆઈ એકટની કલમ ૭(૬) મુજબ અરજદારે માંગેલ માહિતી દિન–૭ માં વિના મુલ્યે પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૯૬૦
તા.૦૭/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી જાણ તથા અમલ માટે.

| | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |
|---|---|---|

અપીલ અરજી નં.        તા.................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૭/૦૩/૧૨ (આઈ.ડી.નં. ૨૦૯૮) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૮/૦૫/૧૨ SMC/FAP/નં ૧૪/૨૦૧૨–૧૩

અરજદાર એ તા.૨૭/૦૩/૧૨ (આઈ.ડી.નં. ૨૦૯૮) ની તેમની અરજી ધ્વારા (૧) ઝાંપા બજાર મેઈન રોડ ૪/૪૧૦૨ ની બાજુમાં ૪/૪૦૮૮/૮૯/૯૩ નવું એપાર્ટમેન્ટ બનાવવામાં આવે છે. તેની પ્લાન મંજુરી ફાઈલની ચકાસણીની વિગત માંગેલ છે. (૨) સદર મિલકતની વિકાસ પરવાનગી આપેલ છે. (૩) કોર્મશીયલ કે રેસીડન્સ મંજુરી છે. તેની વિગત આપવી. (૪) પ્લાન પાસની કોપી તથા કાયદેસર પગલાની વિગત (૫) બી.યુ.સી આપેલ હોય તો તેની માહિતી. (૬) આકારણી દફતરે ચાલતા નામની માહિતી તથા હાલનું બાંધકામ કયા હેતુવાળું છે. તેવી ૬ મુદ્દાની માહિતી માંગેલ.

અરજદારે તેમણે માંગેલ માહિતી પૈકી ફકત ૪/૪૦૮૮ વાળી મિલકતની જ માહિતી આપેલ છે. ૪૦૮૯,૪૦૯૩ ના મકાનની માહિતી આપવામાં આવી નથી. તેમજ મુદ્દા નં.૬ બાબતે પણ કોઈ આપવામાં આવેલ નથી તેવી રજુઆત કરેલ છે. અરજદારને પત્ર નં. ૪૯૩/૧ થી તેઓની અપીલ સંદર્ભે અન્ય કોઈ રજુઆત કે પુરાવા હોય તો રજુ કરવા જણાવેલ જેના અનુસંધાનમાં અરજદારે અન્ય કોઈ રજુઆત કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને પત્ર નં. ૪૯૩/૨ તા.૨૩/૦૫/૧૨ થી અપીલ સંદર્ભે તેમનો પક્ષ રજુ કરવા પૂર્તતા રીપોર્ટ પુરાવા સહિત મોકલી આપવા જણાવેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા તેમના તા.૨૦/૦૬/૧૨ ના પત્ર ધ્વારા અરજદારને પાઠવેલ જવાબની નકલ તેમજ ૪/૪૦૮૯ અને ૪/૪૦૯૩ વાળી મિલકતે હાલમાં છેલ્લા વર્ષમાં કોઈ નવું એપાર્ટમેન્ટ બનાવવામાં આવેલ નથી. તેવી માહિતી આપેલ છે.

અરજદારે તા.૦૨/૦૭/૧૨ ના રોજ રૂબરૂ સુનવણી માટે બોલાવવામાં આવતા તેઓ ધ્વારા મુદ્દા નં.૬ કે જેમાં સદર મિલકતના આકારણી દફતરે કોના નામ ચાલી આવેલ છે. તેની માહિતી માંગેલ છે. જે જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી ધ્વારા પૂરી પાડવામાં આવેલ ન હોવાનું જણાયું. જયારે અરજદારે માંગેલ આરટીઆઈ એકટની કલમ ૭(૩) નિયમ–૫ હેઠળ રૂબરૂ ચકાસણી માંગેલ. જે જાહેર માહિતી અધિકારી ધ્વારા તેઓના પત્રમાં તા.૦૧/૦૫/૧૨ ના રોજ જરૂરી ફી ભરવાની શરતે કરી જણાવેલ છે. જે અન્વયે અરજદારે ફાઈલનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરેલ છે. પરંતુ બતાવેલ ફાઈલમાં પાના નંબર આપવામાં આવેલ ન હોવાથી તેઓ ધ્વારા જરૂરી ફી ભરી જરૂર પ્રમાણે પાના નંબર આપેલ હોય તો તે મુજબ નકલની માંગણી કરી શકાય તેવી રૂબરૂ સુનવણીમાં રજુઆત કરેલ છે. તથા માહિતી મોડી મળેલ હોય, નકલ વિના મુલ્યે આપવા રજુઆત કરેલ છે. અરજદારે તેઓની મુળ અરજી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૨૩/૦૪/૧૨ ના રોજ સમય મર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ છે. તેમજ માંગેલ માહિતીની નકલો પેટે નાણાં ભરવા અરજદારને જણાવેલ છે. તેમ છતાં અરજદાર ધ્વારા નાણાં જમા કરાવ્યા હોવાનું જણાતું નથી. અરજદારે રૂબરૂ રજુઆત વખતે ફાઈલમાંના પાનાના નંબર આપવામાં આવેલ નથી. જેથી ફાઈલના પાનાના નંબર આપવામાં આવે તો પાના નંબર લખી તેઓ જોઈતી માહિતીની નકલોની માંગણી કરી શકે તેવી રજુઆત કરેલ છે.

# –:હુકમ :–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી અને રૂબરૂ રજુઆતને ધ્યાને લઈ અરજદારે માંગેલ મુદ્દા નં.૬ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી ધ્વારા પૂરી પાડવામાં આવેલ નથી. જેથી અરજદારને મુદ્દા નં.૬ ની માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) મુજબ વિના મુલ્યે પુરી પાડવા આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. જયારે શહેર વિકાસ વિભાગની માહિતી બાબતે અરજદારની રજુઆત મુજબ ફાઈલની ચકાસણી તેમાં રહેલ પાનાના નંબર આપી નંબર મુજબ અરજદાર ધ્વારા નકલની માંગણી થયેથી આરટીઆઈના નિયમ મુજબ જરૂરી ફી ભરવાની શરતે અરજદારને આપવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૯૬૧
તા.૦૭/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.        તા.................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૫/૦૫/૧૨ (આઈ.ડી.નં. ૧૩૪૩) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૫/૦૫/૧૨ SMC/FAP/નં ૧૭/૨૦૧૨–૧૩

અરજદારે તેઓની તા.૧૫/૧૨/૧૨ ની (આઈ.ડી.નં.૧૩૪૩) ની મુળ અરજીથી (૧) ઝેનબ બીબી શરીફ ખાન પઠાણની તા.૨૧/૧૦/૧૦ ના રોજ કરેલ અરજી અંગે થયેલ કાર્યવાહીની માહિતી. (૨) સુ.મ.પા તરફથી તેમને HIN -329 નંબર આવાસ ફાળવણી માટે આપેલ છતાં કબ્જો આપેલ નથી જેની માહિતી.(૩) ડિપોઝીટના પૈસાની રસીદ મળી નથી. અન્ય વ્યકિતને ફાળવેલ છે તેની માહિતી. (૪) અરજદારના નામની બોગસ સહી કરી રસીદ લઈ ગયા છે તે કયા કાયદા મુજબ અને તે માટે કયા પગલા લીધા તેની માહિતી. (૫) અરજદાર હુકમ ઘર વગરના છે. તે માટે કઈ વ્યવસ્થા કરી છે. તેની માહિતીની વિગત આરટીઆઈ એકટની અરજી અન્વયે માંગવામાં આવેલ.

અરજદાર ગુલામભાઈ મેમણ ધ્વારા તેમની તા.૧૮/૦૫/૧૨ ની અપીલ અરજીમાં તેઓને આજદિન સુધી ઉપરોકત માંગેલ માહિતી મળેલ નથી. જે મળવા અંગે તથા નિયમ ૭(૬) મુજબ માંગેલ માહિતી વિના મુલ્યે પૂરી પાડવા જણાવેલ છે. અરજદારની અપીલ અરજીના અનુસંધાનમાં પત્ર નં. ૪૯૭/૧ તા.૨૩/૦૫/૧૨ થી અરજદાર અને ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને તેઓનો પક્ષ કે અન્ય કોઈ પુરાવા હોય/ રજુઆત હોય તો રજુ કરવા જણાવેલ. જે અન્વયે અરજદાર કે ડે.ઈજનેર ધ્વારા આજદિન સુધી કોઈ લેખિત રજુઆત કરવામાં આવેલ નથી. ત્યાર બાદ અરજદાર અને જાહેર માહિતી અધિકારીને પત્ર નં.૭૮૩ તા.૨૨/૦૬/૧૨ થી તેમની રજઆત અંગે રૂબરૂમાં બોલાવવામાં આવેલ. જે સમયે અરજદારે તેઓએ માંગેલ માહિતી આજદિન સુધી મળેલ નથી. તેમજ પ્રથમ અપીલ તા.૨૦/૦૨/૧૨ ના રોજ કરેલ જેનો પ્રત્યુત્તર ન મળતા ગુજરાત માહિતી આયોગને બીજી અપીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

અરજદારની પ્રથમ અપીલ અરજી અત્રેની કચેરીને તા.૧૮/૦૫/૧૨ ના રોજ મળેલ છે. ત્યાર બાદ અરજદારને તથા જાહેર માહિતી અધિકારીને પત્ર ધ્વારા રજુઆત/ પુરાવા રજુ કરવા જણાવેલ. જેનો કોઈ પ્રત્યુત્તર ન મળતા તા.૨૨/૦૬/૧૨ ના રોજ રૂબરૂ સુનવણી દરમ્યાન અરજદાર તથા જાહેર માહિતી અધિકારી હાજર રહેલ અને તે સમયે અરજદારની મુળ અરજીની ફાઈલ ઓફિસ શીફટીંગ સમયે મીસ થયેલ હોવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ. જેથી અરજદારે સમયસર જવાબ પાઠવી શકેલ ન હોવાનું જણાવેલ છે.

અરજદારની અપીલ અરજી તથા રૂબરૂ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરની રૂબરૂ રજુઆતને ધ્યાને લઈ અરજદારને આજદિન સુધી માંગેલ માહિતી પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી.

**–:હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તથા રૂબરૂ સુનવણી સમયની રજુઆતને ધ્યાને લઈ અરજદારે માંગેલ આરટીઆઈ એકટની કલમ ૭(૬) મુજબ અરજદારે માંગેલ માહિતી દિન–૭ માં વિના મુલ્યે પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૯૬૫
તા.૦૭/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી જાણ તથા અમલ માટે.

| | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |
|---|---|---|

અપીલ અરજી નં.        તા.................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૧/૦૩/૧૨ (આઈ.ડી.નં. ૬૯) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૪/૦૫/૧૨ SMC/FAP/નં ૮/૨૦૧૨–૧૩

અરજદાર તા.૨૧/૦૩/૧૨ (આઈ.ડી.નં.૬૯) ની અરજીમાં સુ.મ.પા હદ વિસ્તારમાં આવેલી બિસ્માર મિલકતોની માહિતી માંગેલ છે. અરજદાની મુળ અરજી સેન્ટ્રલ ઝોનમાં કરવામાં આવેલ છે. જે પત્ર નં. ૧૭૮ તા.૧૮/૦૪/૧૨ થી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તમામ ઝોનને તબદીલ કરવામાં આવેલ છે.

અરજદારે તેમની અપીલ અરજીમાં તેમણે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા આજદિન સુધી આપવામાં આવેલ નથી. જેથી માંગેલ માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) મુજબ વિના મુલ્યે પૂરી પાડવા તથા જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ એકટના ભંગ બદલ નોટીસ આપવાની માંગણી કરેલ છે.

અરજદારની અપીલ અરજી અન્વયે પત્ર નં. ૩૯૨/૧ તથા ૩૯૨/૨ તા.૧૬/૦૫/૧૨ ના પત્ર થી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને તેમની કોઈ રજુઆત કે પુરાવા હોય તો રજુ કરવા જણાવેલ જેના અનુસંધાનમાં અરજદાર કે જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જેથી પત્ર નં.૭૭૮ તા.૨૨/૦૬/૧૨ થી તા.૩૦/૦૬/૧૨ ના રોજ રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ.

જે સમયે અરજદાર રૂબરૂમાં હાજર રહેલ તે સમયે માંગેલ માહિતી સમય મર્યાદામાં મળેલ નથી. જેથી કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે પૂરી પાડવા તથા માંગેલ માહિતી અન્ય વિભાગને લાગત હોય તેને તબદીલ પણ નિયત સમય મર્યાદામાં કરવામાં આવેલ નથી. જે દિન–૫ ની નિયત સમય મર્યાદામાં કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારીએ શરતચૂકથી જવાબ આજદિન સુધી આપવામાં આવેલ નથી તેમ રૂબરૂમાં જણાવેલ છે.

**–:હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તથા રૂબરૂ સુનવણી સમયે અરજદારે કરેલ રજુઆતને ધ્યાને લઈ અરજદારે માંગેલ માહિતી દિન–૭ માં આરટીઆઈ એકટની કલમ ૭(૬) અન્વયે વિના મુલ્યે પૂરી પાડવા તથા અરજી તબદીલ કરવાના કિસ્સામાં આરટીઆઈ એકટની જોગવાઈ મુજબ દિન–૫ ની સમય મર્યાદામાં તબદીલ કરવા અંગે સંબધિત કર્મચારીને સુચના આપવા ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૯૮૮
તા.૯/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.          તા.................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૦/૦૩/૧૨ (આઈ.ડી.નં. ૨૦૫૪) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૪/૦૫/૧૨ SMC/FAP/નં ૭/૨૦૧૨–૧૩

અરજદાર તા.૨૦/૦૩/૧૨ (આઈ.ડી.નં.૨૦૫૪) ના રોજની મુળ અરજીથી રીપેરીંગ કરવા બાબતે ૬ મુદ્દાની માહિતી માંગેલ. જેના મુદ્દા નં.૬ માં રીપેરીંગ કરવા પહેલા જે મંજુરી મેળવવા અરજી કરવામાં આવે છે. તે અરજીમાં મિલકતનો ટેનામેન્ટ નંબર દર્શાવવો પડે કે કેમ? તે બાબતની માહિતી માંગવામાં આવેલ.

જેના જવાબમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી આપવામાં આવેલ નથી. જેથી મુદ્દા નં.૬ બાબતે અપીલ અરજી કરવામાં આવેલ છે. અરજદાર અપીલ અરજી અનુસંધાને પત્ર નં.૩૨૨/૨ તા.૦૫/૦૫/૧૨ ના રોજ ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને પોતાનો પક્ષ રજુ કરવા તથા અરજદારની અરજી સંદર્ભે કરેલ કાર્યવાહીના પુરાવા સહિત અત્રેની કચેરીને રજુ કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં અરજદાર કે જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જેથી તા.૨૨/૦૬/૧૨ ના પત્ર ધ્વારા તા.૩૦/૦૬/૧૨ ના રોજ રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ.

અરજદારને રૂબરૂ સુનવણી સમયે માંગેલ મુદ્દા નં.૬ અંગે માંગેલ માહિતી બાબતે રૂબરૂમાં વિસ્તૃત સમજણ આપવામાં આવેલ હતી કે રીપેરીંગ કરવાની મંજુરી સમયે અરજદારે વોર્ડ નંબર અને નોંધ નંબર દર્શાવી રીપેરીંગ કરવાની મંજુરી મેળવવાની રહે છે. મિલકતનો ટેનામેન્ટ નંબર ફકત આકારણી વિભાગ ધ્વારા મિલકતની ઓળખ અને વેરા વસુલાત બાબતે જ આપવામાં આવે છે તે રીતનો મૌખિક જવાબ આપેલ. જે જવાબથી અરજદારને સંતોષ થયેલ.

**–:હુકમ :–**

અરજદારે માંગેલ મુદ્દા નં.૬ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર તેમજ આકારણી અધિકારી ધ્વારા રૂબરૂમાં આપેલ હોય. અરજદારને તેનાથી સંતોષ થયેલ હોય અપીલ અરજી સંદર્ભે વિશેષ કાંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય. અપીલ અરજી કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૭૪૪
તા.૨૭/૦૬/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં. તા.................

સામાવાળા :– (૧) નાયબ આરોગ્ય અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૦/૦૪/૧૨ (આઈ.ડી.નં. ૫૬) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૩/૦૬/૧૨ SMC/FAP/નં ૩૫/૨૦૧૨–૧૩

અરજદાર તા.૧૧/૦૪/૧૨ (આઈ.ડી.નં.૫૬) ના રોજની મુળ અરજીથી (૧) સુ.મ.પા ના તમામ ઝોનમાં કેટલા હેલ્થ સેન્ટર આવેલ છે તેની સંખ્યા/ સરનામાની માહિતી (૨) ગુજરાત રાજય સરકાર તરફથી ઝોનને ગ્રાન્ટ ફાળવણી કરી હોય તેની માહિતી. (૩) ગુજરાત સરકારની તેમજ સુ.મ.પા ધ્વારા ફાળવેલ રકમ અને ઉપયોગીતા –ખર્ચની નકલ માહિતી માંગેલ છે.

અરજદારની મુળ અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ હોવાનું જણાય છે. જે જાહેર માહિતી અધિકારી ધ્વારા અંશતઃ તબદીલ નાયબ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તમામ ઝોન, પર્સોનેલ ઓફિસર(આરોગ્ય) અને ડે.એકાઉન્ટન્ટ(આરોગ્ય) વિભાગને પત્ર નં. ૧૪૨ તા.૧૭/૦૪/૧૨ થી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારે પોતાની પ્રથમ અપીલમાં મળેલ માહિતી અધુરી મળેલ છે. તથા જુદા જુદા ઝોન/ વિભાગની સંયુકત અપીલ અત્રે સેન્ટ્રલ ઝોનમાં કરવામાં આવેલ છે. જે પત્ર નં.૭૧૪ તા.૧૮/૦૬/૧૨ થી અપીલ અરજીમાં જણાવેલ વિભાગ/ ઝોન પ્રતિ રવાના કરવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીનો અત્રેના સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી ધ્વારા મુદ્દા નં. ૨ અને ૩ ની માહિતી આપવામાં આવેલ નથી. જેથી પ્રથમ અપીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

અરજદારે કરેલ પ્રથમ અપીલ અનુસંધાને અત્રેથી પત્ર નં.૭૨૮/૧ તા.૧૯/૦૬/૧૨ ના પત્ર ધ્વારા અપીલ તબકકે અન્ય કોઈ રજુઆત કે નારાજગી હોય તો રજુ કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં અરજદારે અધુરી અને અપુરતી માહિતી સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે. તથા અન્ય ઝોન અને વિભાગની રજુઆત પણ અત્રેની કચેરીને કરેલ છે. અરજદારે અપીલ તબકકે દરેક ઝોન અને વિભાગના અપીલ અધિકારીની નિમણૂંક અલગથી કરવામાં આવેલ છે. જેથી તેઓ મૂળ અરજી અપીલ અધિકારીને તબદીલ કરેલ છે. જે મુજબ તેઓની જે તે ઝોન/ વિભાગની રજુઆત અલગથી જેતે ઝોનના અપીલ અધિકારીને કરવાની રહે છે. અત્રેના સેન્ટ્રલ ઝોનને લાગત રજુઆત અરજદાર અત્રેની કચેરીને કરી શકે છે. જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીને પત્ર નં. ૭૨૮/૨ તા.૧૯/૦૬/૧૨ થી તેઓનો પૂર્તતા રીર્પોટ રજુ કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં અરજદારને પત્ર નં. ૪૨૬ તા.૧૮/૦૫/૧૨ થી જવાબ પાઠવેલ છે. તથા ડે.એકાઉન્ટન્ટ આરોગ્ય, ફેમીલી પ્લાનીંગ, મેડીકલ ઓફિસરશ્રીને અરજી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જેથી અત્રેથી વધુ કંઈ કરવાનું રહેતુ નથી તેવી રજુઆત કરેલ છે.

અરજદારે અપીલ અરજી સાથે રજુ કરેલ પુરાવામાં નાયબ હિસાબનીશ અને જાહેર માહિતી અધિકારી આરોગ્ય ખાતા ધ્વારા અરજદારે માંગેલ મુદ્દા નં. ૨/૩ ની માહિતી આપવામાં આવેલ છે. જેમાં જોગવાઈની રકમ તથા ખર્ચની રકમ આપવામાં આવેલ છે. આમ અરજદારે પુછેલ ૩ મુદ્દાના જવાબ પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારને સેન્ટ્રલ ઝોનમાંથી નાયબ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૧ નો જવાબ આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૨ અને ૩ બાબતે ડે.એકાઉન્ટન્ટ આરોગ્ય વિભાગ પ્રતિ અરજી તબદીલ કરેલ. જે અન્વયે ડે.એકાઉન્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી ધ્વારા જવાબ પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

## —:હુકમ :—

અરજદારની મુળ અરજી/ અપીલ અરજી તથા તા.૨૫/૦૬/૧૨ ના પત્રને ધ્યાને લઈ અત્રેના સેન્ટ્રલ ઝોન ધ્વારા લાગત મુદ્દા નં.૧ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે તથા મુદ્દા નં.૨ અને ૩ બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટ આરોગ્ય વિભાગ તેમજ અન્ય વિભાગોને પણ અરજી તબદીલ કરેલ છે. જે ધ્યાને લેતા અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૯૯૭
તા.૯/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, નાયબ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.      તા.................

સામાવાળા :– (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૦/૦૪/૧૨ (આઈ.ડી.નં. ૪૭) ની અરજીના અનુસંધાનમાં આજદિન સુધી જવાબ મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૫/૦૫/૧૨ SMC/FAP/નં ૧૬/૨૦૧૨–૧૩

તા.૧૫/૦૫/૧૨ (આઈ.ડી.નં.૪૭) ની મુળ અરજીમાં (૧) ૭/૪૮૨૦ થી ૭/૪૮૨૨ નળ વાળા મહોલ્લો, લીનીયર બસ સ્ટોપ સામે લોડઝ પ્લાઝા હોટલની બાજુમાંની મિલકતની ફાઈલની રૂબરૂ તપાસણી.

(૨) સદર મિલકતની વિકાસ પરવાનગીની વિગત.

(૩) વિકાસ પરવાનગી કોર્મશીયલ કે રેસીડન્સ કે બંને ભેગી છે તેની માહિતી.

(૪) પ્લાન પાસની નકલ તથા લેવાયેલ કાયદેસર પગલાંની વિગત.

(૫) બી.યુ.સી. તથા રજાચિઠ્ઠીની નકલ.

(૬) તથા આકારણી દફતરે કોના નામ બોલે છે. તેની માહિતી માંગવામાં આવેલ.

અરજદારે તેમની તા.૧૮/૦૫/૧૨ ની અપીલ અરજીમાં આજદિન સુધી માહિતી મળેલ નથી તેમ જણાવેલ છે. અપીલ અરજી અનુસંધાને અરજદારે પત્ર નં.૪૯૬/૨ તા.૨૩/૦૫/૧૨ થી તેમની નારાજગી કે અપીલ સમય દરમ્યાન માહિતી મળેલ હોય તો પુરાવા સહિત અત્રેની કચેરીમાં રજુઆત કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં અરજદાર ધ્વારા કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જયારે પત્ર નં. ૪૯૬/૧ તા.૨૩/૦૫/૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને તેમના પક્ષ રજુ કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના તા.૦૬/૦૭/૧૨ ના પત્ર ધ્વારા અરજદારની મુળ અરજી મુદ્દા નં.૧ થી ૫ બાબતે પત્ર નં.૧૮૬ તા.૧૯/૦૪/૧૨ ના રોજ મધ્યસ્થ શહેર વિકાસ વિભાગના નાયબ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૬ ની માહિતી આકારણી વિભાગને સ્પર્શતી હોય આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારીને મોકલવામાં આવેલ છે.

અરજદારને તા.૦૨/૦૭/૧૨ ના રોજ રૂબરૂ સુનવણી માટે પત્ર નં.૭૯૧ થી જાણ કરેલ. જેના અનુસંધાનમાં અરજદાર ધ્વારા આજદિન સુધી માહિતી મળેલ ન હોય વિના મુલ્યે માહિતી આપવા વિનંતી કરેલ.

અરજદારની રજુઆત તથા ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા શહેર વિકાસને લાગત મુદ્દા નં. ૧ થી ૫ બાબતે અરજી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગમાં અરજી તબદીલ કરેલ હોય તે અંગેની જાણ પણ અરજદારને કરવામાં આવેલ હોય. જેથી લાગત મધ્યસ્થ શહેર વિકાસ વિભાગનો સંપર્ક કરી માહિતી મેળવવાની રહે છે. જયારે મુદ્દા નં.૬ ની માહિતી અત્રેના આકારણી વિભાગમાંથી આપવાની રહે છે. જે અરજદારે પૂરી પાડેલ હોવાનું જણાતું નથી.

# –:હુકમ :–

અરજદારની મુળ અરજી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. જેથી અરજદારને લાગત વિભાગનો સંપર્ક કરી માહિતી મેળવવા સ્વતંત્રછે. જયારે મુદ્દા નં.૬ આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય મર્યાદામાં પૂરી પાડેલ ન હોય. અરજદારે નિયમ ૭(૬) હેઠળ વિના મુલ્યે માહિતી પૂરી પાડવા આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૦૮૦
તા.૧૯/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી જાણ તથા અમલ માટે.
(૨) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.   તા.................

અરજદાર :– શ્રી પિંકલ પી. ઘીવાલા
સામાવાળા :– (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર
ફરીયાદની હકીકત :–
વિષય :– તા.૧૦/૦૪/૧૨ (આઈ.ડી.નં. ૪૭) ની અરજીના અનુસંધાનમાં આજદિન સુધી મળેલ નથી.
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૫/૦૫/૧૨ SMC/FAP/નં ૧૬/૨૦૧૨–૧૩

અરજદાર શ્રી પિંકલ પી. ઘીવાલા તા.૧૫/૦૫/૧૨ (આઈ.ડી.નં.૪૭) ની મુળ અરજીમાં (૧) ૭/૪૮૨૦ થી ૭/૪૮૨૨ નળ વાળા મહોલ્લો, લીનીયર બસ સ્ટોપ સામે લોડઝ પ્લાઝા હોટલની

બાજુમાંની મિલકતની ફાઈલની રૂબરૂ તપાસણી.

(૨) સદર મિલકતની વિકાસ પરવાનગીની વિગત.

(૩) વિકાસ પરવાનગી કોર્મશીયલ કે રેસીડન્સ કે બંને ભેગી છે તેની માહિતી.

(૪) પ્લાન પાસની નકલ તથા લેવાયેલ કાયદેસર પગલાંની વિગત.

(૫) બી.યુ.સી. તથા રજાચિઠ્ઠીની નકલ.

(૬) તથા આકારણી દફતરે કોના નામ બોલે છે. તેની માહિતી માંગવામાં આવેલ.

અરજદારે તેમની તા.૧૮/૦૫/૧૨ ની અપીલ અરજીમાં આજદિન સુધી માહિતી મળેલ નથી તેમ જણાવેલ છે. અપીલ અરજી અનુસંધાને અરજદારે પત્ર નં.૪૯૬/૨ તા.૨૩/૦૫/૧૨ થી તેમની નારાજગી કે અપીલ સમય દરમ્યાન માહિતી મળેલ હોય તો પુરાવા સહિત અત્રેની કચેરીમાં રજુઆત કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં અરજદાર ધ્વારા કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જયારે પત્ર નં. ૪૯૬/૧ તા.૨૩/૦૫/૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને તેમના પક્ષ રજુ કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના તા.૦૬/૦૭/૧૨ ના પત્ર ધ્વારા અરજદારની મુળ અરજી મુદ્દા નં.૧ થી ૫ બાબતે પત્ર નં.૧૮૬ તા.૧૯/૦૪/૧૨ ના રોજ મધ્યસ્થ શહેર વિકાસ વિભાગના નાયબ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૬ ની માહિતી આકારણી વિભાગને સ્પર્શતી હોય આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારીને મોકલવામાં આવેલ છે.

અરજદારને તા.૦૨/૦૭/૧૨ ના રોજ રૂબરૂ સુનવણી માટે પત્ર નં.૭૯૧ થી જાણ કરેલ. જેના અનુસંધાનમાં અરજદાર ધ્વારા આજદિન સુધી માહિતી મળેલ ન હોય વિના મુલ્યે માહિતી આપવા વિનંતી કરેલ.

અરજદારની રજુઆત તથા ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા શહેર વિકાસને લાગત મુદ્દા નં. ૧ થી ૫ બાબતે અરજી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગમાં અરજી તબદીલ કરેલ હોય તે અંગેની જાણ પણ અરજદારને કરવામાં આવેલ હોય. જેથી લાગત મધ્યસ્થ શહેર વિકાસ વિભાગનો સંપર્ક કરી માહિતી મેળવવાની રહે છે. જયારે મુદ્દા નં.૬ ની માહિતી અત્રેના આકારણી વિભાગમાંથી આપવાની રહે છે. જે અરજદારે પૂરી પાડેલ હોવાનું જણાતું નથી.

# —:હુકમ :—

અરજદારની મુળ અરજી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. જેથી અરજદારને લાગત વિભાગનો સંપર્ક કરી માહિતી મેળવવા સ્વતંત્રછે. જયારે મુદ્દા નં.૬ આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય મર્યાદામાં પૂરી પાડેલ ન હોય. અરજદારે નિયમ ૭(૬) હેઠળ વિના મુલ્યે માહિતી પૂરી પાડવા આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૦૮૦
તા.૧૯/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર

| RIGHT TO INFORMATION | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |
|---|---|---|

અપીલ અરજી નં. તા.................

અરજદાર :– શ્રી પિંકલ પી. ઘીવાલા
સામાવાળા :– (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૦/૦૪/૧૨ (આઈ.ડી.નં. ૪૫) ની અરજીના અનુસંધાનમાં આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૫/૦૫/૧૨ SMC/FAP/નં ૧૩/૨૦૧૨–૧૩

અરજદારશ્રે તા.૧૦/૦૪/૨૦૧૨ (આઈ.ડી.નં.૪૫) ની મૂળ અરજી થી (૧) સુરત શહેરમાં બનાવવામાં આવેલ કોર્પોરેટરનાં નામવાળા સાઈનબોર્ડ કયારે બનાવવામાં આવ્યા (૨) કોન્ટ્રાકટ કઈ સંસ્થા / વ્યકિતને આપવામાં આવ્યો. (૩) કોન્ટ્રાકટરના નામ / સરનામા તથા તેઓ લાયસન્સ ધરાવે છે કે કેમ ? (૪) સદર બાબતની ફાઈલની તપાસણીની મંજુરી (૫) કુલ ખર્ચ કેટલો થયો અને કયા કોર્પોરેટરની ગ્રાન્ટમાંથી ચૂકવોય. (૬) બોર્ડ બનાવવાનું કયા આધારે નકકી કર્યુ. (૭) જેના આધારે બોર્ડ બનાવવામાં આવ્યા તેની કોપી (૮) સાઈન બોર્ડ બનાવવા અંગેના ઠરાવની કોપી જેવા આઠ મુદ્દાની માહિતી માંગેલ.

અરજદારે તેઓની મૂળ અરજી બાબતે મળેલ જવાબની નારાજ થઈ તા.૧૫/૦૫/૨૦૧૨ નાં રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અત્રેનાં સેન્ટ્રલ ઝોન ધ્વારા જવાબ મોડો આપવામાં આવેલ છે. તેમ જણાવેલ છે. જેથી માહિતી વિના મુલ્યે મળવા પાત્ર હોવાનું જણાવેલ છે.

અરજદારાની અપીલ અરજીનાં અનુસંધાનમાં પત્ર નં.૪૯૪/૨ થી અરજદારને અપીલ સંદર્ભે અન્યકોઈ રજુઆત કે પુરાવા હોય તો તે સહીત અત્રેની કચેરીને મોકલી આપવા જણાવેલ, જેના સંદર્ભે તેઓ ધ્વારા અન્ય કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરને પત્ર નં.૪૯૪/૧ થી અરજદારની અપીલ સંદર્ભે તેઓનો પક્ષ રજુ કરવા તથા અરજદારની મૂળ અરજી સંદર્ભે કરેલ કાર્યવાહી બાબતે રજુઆત કરવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર ધ્વારા અરજદારને પત્ર નં.૩૪૩ તા.૦૯/૦૫/૨૦૧૨ થી ૩૦ દિવસની સમય મર્યાદામાં જવાબ પાઠવેલ હોવાનું જણાવેલ છે. જેથી અરજદારને જવાબ મોડો મળેલ હોવાની રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી તેમ જણાવેલ છે, તથા તેઓ ધ્વારા અરજદારે પાઠવેલ જવબાની નકલ / નોંધ વિભાગના રિપોર્ટની ઝેરોક્ષ સહીત પુરાવા રૂપે રજુ કરેલ છે.

ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને તેમજ અરજદારની અપીલ અરજીના અનુસંધાને અરજદારને તા.૦૨/૦૭/૨૦૧૨ નાં રોજ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ જે સમયે સેન્ટ્રલઝોનમાંથી મળેલ જવાબ સમય મર્યાદા બહાર મળેલ હોય જેથી માહિતીની નકલ વિના મુલ્યે આપવા તથા આપેલ માહિતી અધુરી / ખોટી મળેલ છે તથા સદર બોર્ડ બનાવવાનો ઠરાવ ૨૦૦૫ માં થયેલ હોય જેથી તે અંગેની મહિતી આપવા માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને તેમની તા.૧૦/૦૪/૧૨ ની મૂળ અરજી બાબતે તા.૦૯/૦૫/૨૦૧૨ નાં રોજ જવાબ પાઠવવામાં આવેલ છે. જે આર.ટી.આઈ. એકટની કલમ ૭/૪ મુજબ ૩૦ દિવસની સમય મર્યાદામાં જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ હોવાનું જણાય છે. જેથી અરજદારની જવાબ મોડો મળ્યો હોવાથી, માંગેલ માહિતીની નકલ વિના મુલ્યે આપવાની માંગણી ગ્રાહય રાખી શકાય તેમ નથી જયારે અરજદારે માંગેલ માહિતીઓ પૈકી સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં કોર્પોરેટરના નામ સહિત વિસ્તાર શેરી / એપાર્ટમેન્ટ ના નામ સહીતના બોર્ડ ૨૦૦૫ ની સાલમાં લગાડવામાં આપ્યા હોવાનું અરજદારે રૂબરૂમાં જણાવેલ છે. જે મુજબ અરજદારે ૨૦૦૫ માં

થયેલ ઠરાવ મુજબની માહિતી આપવાની માંગણી કરેલ છે. જે અન્વયે અરજદારે ૨૦૦૫ નાં અનુસંધાનમાં દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી આપવાની થાય છે.

અરજદારની અપીલ અરજી, રૂબરૂ સુનવણીને ધ્યાને લેતા અરજદારની માંગણી મુજબ બોર્ડ લગાડવા અંગે જો કોઈ ૨૦૦૫ ની સાલમાં ઠરાવ થયેલ હોય તો તે અંતર્ગત ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતી નિયમ ૭(૬) મુજબ વિના મુલ્યે આપવાની થાય છે.

## :–હુકમ–:

અરજદારને આપેલ જવાબને ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીનો અગાઉથી સમય મેળવી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી આરટીઆઈ નિયમ મુજબ જરૂરી ફી ભરવાની શરતે અરજદાર ઈચ્છુક હોય તો નિરિક્ષણ કરવા સ્વતંત્ર છે. જયારે વર્ષ ૨૦૦૫ અંતર્ગત જો કોઈ ઠરાવ થયેલ હોય કે કોઈ રેકર્ડ ઉપલબ્ધ હોય તો તે બાબતની માહિતી અરજદારને દિન–૭ માં વિના મુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૦૮૧
તા.૧૯/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.        તા.................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૦/૦૪/૧૨ (આઈ.ડી.નં. ૧૩૧) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૦/૦૬/૧૨ SMC/FAP/નં ૪૪/૨૦૧૨–૧૩

તા.૨૦/૦૪/૧૨ ની અરજીના અનુસંધાનમાં સંબધિત વિભાગોમાં તા.૦૩/૦૮/૧૧, તા.૧૬/૦૮/૧૧, તા.૦૫/૧૧/૧૧ ના રોજ સંબધિત વિભાગમાં અરજી કરેલ. જે સંબધે લાગત વિભાગના કર્મચારી ધ્વારા શું તપાસ કરી/ રીપોર્ટ કર્યો તથા તે સંબધે કર્મચારી ઉપર શું કાર્યવાહી કરી તેની માહિતી માંગેલ છે. તથા ગેરકાયદેસર બાંધકામ બાબતે આપેલ નોટીસની માંગણી કરેલ છે.

અરજદાર ધ્વારા ઉપરોકત વિષયની માંગેલ માહિતી અન્વયે મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી સેન્ટ્રલ ઝોન ધ્વારા આપવામાં આવેલ નથી. જેથી પ્રથમ અપીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જેના અનુસંધાનમાં અરજદારને તા.૨૦/૦૬/૧૨ ના પત્ર ધ્વારા અપીલ સમય દરમ્યાન માહિતી મળી હોય તો તે અંગે કોઈ નારાજગી હોય તો પુરાવા સહિત અત્રેની કચેરીમાં રજુ કરવા જણાવેલ તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર (સેન્ટ્રલ ઝોન) ને પણ પત્ર ધ્વારા તેઓનો પૂર્તતા રીપોર્ટ આપેલ જવાબની વિગતો વિલંબ/ વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતા સહ તેમનો પક્ષ રજુ કરવા જણાવેલ.

અરજદાર કે જાહેર માહિતી અધિકારી ધ્વારા અન્ય કોઈ રજુઆત કે પૂર્તતા રીર્પોટ મોકલવામાં આવેલ નથી. અરજદારે અપીલ તબકકે સેન્ટ્રલ ઝોન ધ્વારા કોઈ માહિતી મળેલ નથી તેવી રજુઆત કરેલ છે તથા તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા પણ અરજદારને માહિતી પૂરી પાડયા અંગેના કોઈ પુરાવા રજુ કરેલ નથી.

અરજદારે અપીલ તબકકે તેમણે આરટીઆઈની અરજીમાં જણાવેલ મુળ અરજીઓ પૈકી તા.૦૩/૦૮/૧૧ ની અરજી તથા તા.૧૬/૦૮/૧૧ ની અરજી વિજીલન્સ વિભાગને કરેલ છે. જયારે તા.૦૫/૧૧/૧૧ ની અરજી વિજીલન્સ ઓફિસરને ઉદ્દેશીને કરેલ છે. જેની નકલ ઝોનલ ચીફશ્રી સેન્ટ્રલ ઝોનને મોકલવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની આરટીઆઈ એકટ અન્વયેની અરજી પત્ર નં.૨૧૬ તા.૨૩/૦૪/૧૨ થી વિજીલન્સ ઓફિસરશ્રી વિજીલનસ વિભાગને સેન્ટ્રલ ઝોનમાંથી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદારે તેમની અપીલ અરજીમાં મુદ્દા નં.૪ માં તેમણે માંગેલ માહિતીના મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી સેન્ટ્રલ ઝોન પાસે પણ માંગેલ છે. જે સેન્ટ્રલ ઝોન ધ્વારા પૂરી પાડવામાં આવેલ નથી.

અરજદારે કરેલ મુળ અરજીઓ પૈકી તા.૦૩/૦૮/૧૧ અને તા.૧૬/૦૮/૧૧ ની અરજીઓ ફકત વિજીલન્સ વિભાગને કરવામાં આવેલ હોવાનું જણાય છે. જયારે તા.૦૫/૧૧/૧૧ ની અરજીની નકલ ઝોનલ ચીફશ્રી સેન્ટ્રલ ઝોનને પણ આપવામાં આવેલ છે. જેથી તા.૦૫/૧૧/૧૧ ની અરજદારની મુળ અરજી બાબતે થયેલ કાર્યવાહીની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડવાની રહે છે.

# –:હુકમ :–

અરજદારની તા.૨૦/૦૪/૧૨ ની મુળ અરજી પૈકી તા.૦૫/૧૧/૧૧ ની અરજી અન્વયે થયેલ કાર્યવાહી બાબતે અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર સેન્ટ્રલ ઝોન ધ્વારા માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. જેથી આરટીઆઈ ની કલમ ૭(૬) હેઠળ અરજદારને દિન–૭ માં વિના મુલ્યે માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને જણાવવામાં આવે છે. માહિતી મળ્યા બાદ અરજદાર મળેલ જવાબથી નારાજ હોય કે અસંતુષ્ટ હોય તો ફરીથી રજુઆત કરવા સ્વતંત્ર છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૦૩૨
તા.૩૧/૦૭/૧૨

(ડી.એમ.પટેલ)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં. તા.................

સામાવાળા :– (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૧/૦૪/૧૨ (આઈ.ડી.નં. ૧૧૦) ની અરજીના અનુસંધાનમાં આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૩/૦૬/૧૨ SMC/FAP/નં ૩૬/૨૦૧૨–૧૩

અરજદાર તા.૨૧/૦૪/૨૦૧૨ (આઈ.ડી.નં.૧૧૦) ની મૂળ અરજી થી વોર્ડ નં.૧/૪૧૦–૪૧૧–૪૧૨ વાળી ફાઈલની તપાસણી વિકાસ પરવાનગી, રજાચિઠ્ઠીની નકલ, આ મંજુરી કોર્મશીયલ કે રેસીડન્સી છે. તેની માહિતી, પ્લાન પાસની કોપી,સદર મિલકત વિરૂધ્ધ આપેલ ફરીયાદ આવી હોય તો તેની વિગત તેના અનુસંધાને લીધેલ પગલાંની માહિતી, આકારણીની વિગત તથા ૧/૯૬૫ વાળી મિલકતની પણ ઉપર મુજબ દફતરી ચકાસણી, પ્લાન મંજુરી, રજાચિઠ્ઠી વિગેરેની માહિતી માંગેલ છે.

જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારે પત્ર નં. ૫૯૪ તા.૦૨/૦૬/૧૨ થી પ્રત્યુત્તર આપવામાં આવેલ છે. અરજદારે તેઓની અપીલ અરજીમાં માંગેલ માહિતી સમય મર્યાદા બાદ મળેલ છે અને મુદ્દા નં. ૧/૧ ની માહિતી અને મુદ્દા નં. ૨/૨ ની માહિતી મળેલ નથી અને ફાઈલની તપાસણી કરવાની માંગણી કરેલ છે. જે તપાસણી અંગેનો પત્ર પાઠવેલ નથી.

અરજદારની અપીલ અરજીના અનુસંધાનમાં પત્ર નં.૭૪૩ થી અરજદાર તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને પત્ર લખી તેઓની અન્ય રજુઆત કે પુરાવા પૂર્તતા રીર્પોટ અત્રે મોકલી આપવા જણાવેલ. જેના અનુસંધાનમાં અરજદાર ધ્વારા કોઈ રજુઆત થયેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા પણ કોઈ રજુઆત, પુરાવા રજુ થયેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ અરજીને ધ્યાને લઈ અરજદારની મુળ અરજી તા.૨૧/૦૪/૧૨ ની હોય જયારે અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં. ૫૯૪ તા.૦૨/૦૬/૧૨ ના રોજ જવાબ પાઠવવામાં આવેલ હોવાનું એટલે નિયત સમય મર્યાદા બાદ માહિતી આપવામાં આવી છે. જેથી અરજદારની માંગણી મુજબની માહિતી વિના મુલ્યે આપવાની થાય છે.

અરજદારની મુળ અરજી તથા અપીલ અરજીને ધ્યાને લઈ અરજદારને માંગેલ માહિતી ૩૦ દિવસની સમય મર્યાદામાં બાદ આપવામાં આવેલ છે તથા અરજદારે જવાબમાં માહિતીની નકલ મેળવવા માટે જરૂરી ફી ભરવા તથા તપાસણી માટે ફી ભરવા જણાવેલ છે. જે આરટીઆઈ ના નિયમ સાથે સુસંગત નથી.

## –:હુકમ:–

અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય મર્યાદા બાદ આપવામાં આવેલ છે. જેથી તેમણે માંગેલ માહિતી દિન–૭ માં વિના મુલ્યે પૂરી પાડવા તથા અરજદારની મુળ અરજીમાં પણ તપાસણીની માંગણી કરેલ છે તેમજ અપીલ તબકકે પણ માંગણી કરેલ છે. જેને ધ્યાને લઈ અરજદારને માંગેલ માહિતી દિન–૭ આરટીઆઈ એકટની કલમ ૭(૬) મુજબ વિના મુલ્યે પૂરી પાડવા તથા ઉપલબ્ધ દફતરી રેકર્ડની તપાસણી અંગે અનુકૂળ તારીખ/ સમયનો પત્ર અરજદારને પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૦૧૯
તા.૧૧/૦૭/૧૨

(ડી.એમ.પટેલ)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં. તા.................

સામાવાળા :– (૧) ઈ.ચા.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારી
(૨) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી
(૩) આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૫/૦૫/૧૨ (આઈ.ડી.નં. ૨૩૯) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૫/૦૬/૧૨ SMC/FAP/નં ૪૪/૨૦૧૨–૧૩

અરજદાર તા.૧૫/૦૫/૧૨ (આઈ.ડી.નં.૨૩૯) ના અનુસંધાનમાં પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારે વોર્ડ નં.૧૧/૧૩૫૨ માં કરેલ રીપેરીંગની અરજીમાં અરજી કરનારે ખોટા પુરાવા મુકી કરેલ અરજીની ખોટી માહિતી મ્યુનિ. કોપોર્રેશનને આપી/ રજુ કરી છેતરપીંડી કરી ગેરમાર્ગે દોરનાર અરજદાર વ્યકિત વિરૂધ્ધ ભારતીય દંડ સહિતાની જોગવાઈ અન્વયે ફોજદારી ગુન્હાની ફરીયાદ કરવા–કરાવવા બાબતે રજુઆત કરેલ છે.

અરજદારની મુળ અરજીમાં નીચે મુજબના મુદ્દાઓની માહિતી માંગેલ છે.

(૧) વોર્ડ નં. ૧૧/૧૩૫૨ માં કરેલ રીપરીંગની મંજુરી માંગતી સૈયદ અબ્બાસ ધ્વારા કરવામાં આવેલ અરજી સાથે બીડેલ પુરાવામાં રીપેરીંગ કરવાનો હતો તે હયાત સ્ટ્રકચરના ફોટા તથા સ્ટેબીલીટી રીપોર્ટ જેતા ઉપર ટેના નં. ૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ મોકલાવામાં હતો?

(૨) ૧૨/૧૩૫૨ વાળી મિલકત પૈકીમાં ટેના નં.૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ આવેલ નથી તે આપના ખાતાને જાણકારી હોવા છતાં ખોટો સ્ટેબીલીટી રીપોર્ટ અને ૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ જે અરજી તા.૨૭/૦૩/૨૦૦૮ ની અરજી પેપર્સ ન હોવા છતાં કરેલ તા.૨૭/૦૩/૨૦૦૮ ની અરજી પેપર્સ અમોને મોકલી ગેરમાર્ગે દોરેલ છે?

(૩) ૧૨/૧૩૫૨ વાળી મિલકત પૈકીમાં તા.૨૭/૦૩/૨૦૦૮ ના અરજી કરનાર સૈયદ સબીયા સૈયદ અબ્બાસને ૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ ભાડુઆત તરીકે આવેલ છે અને તે સિવાય ૧૨/૧૩૫૨ પૈકીમાં બીજા કોઈ ટેનામેન્ટના તેઓ ભાડુઆત કે માલિક ન હોવા છતાં અરજી સાથે રજુ કરેલ રીપેરીંગ થનારો ટેનામેન્ટના હયાત સ્ટ્રકચરના ફોટા ઉપર ખોટો ટેનામેન્ટ નંબર દર્શાવી મે.કાર્યપાલક ઈજનેરને ગેરમાર્ગે દોરી મ્યુનિ. કોપોર્રેશન સાથે છેતરપીડી કરેલ છે?

(૪) મ્યુનિ. કોપોર્રેશન અને તેના અધિકારી સાથે છેતરપીડી કરવી અને ખોટી માહિતી અને ખોટા પુરાવા આપવા બદલ અરજી કરનાર વ્યકિત કે અરજદાર ઉપર સુરત મ્યુનિસીપલ કોપોર્રેશનના બી.પી.એમ.સી. એકટ મુજબ શું કાર્યવાહી થાય તેની માહિતી આપશો.

અરજદારે તેઓ અપીલ અરજીમાં રીપેરીંગની મંજુરી માંગનાર વ્યકિતએ ખોટા પુરાવા રજુ કરી મહાનગરપાલિકા સાથે છેતરપીડી કરેલ છે. જેથી તેમની સામે કાનુની રાહે કાર્યવાહી કરવાની રજુઆત કરેલ છે તથા તેમની અપીલ અરજી સાથે અગાઉ મેળવેલ માહિતી પુરાવા તરીકે રજુ કરેલ છે. અરજદારે તેઓની તા.૧૫/૦૫/૧૨ (આઈ.ડી.નં.૨૩૯) ની મુળ અરજી બાબતે મળેલ જવાબ અંગે નારાજગી/ માહિતી મળેલ નથી તેવી કોઈ રજુઆત કરેલ નથી. પરંતુ મુળ પ્રશ્નથી અલાયદી રીપેરીંગની અરજી કરનાર સૈયદ સબીયા સૈયદ અબ્બાસ ધ્વારા ખોટા પુરાવા રજુ કરી રીપેરીંગની મંજુરી માંગેલ છે તથા સદર મિલકત વકફ ટ્રસ્ટની હોય જેમાં પણ લેટર પેડ ઉપર અરજીમાં ખોટી સહી કરેલ છે. તેવી રજુઆત કરી સુરત મહાનગરપાલિકા સાથે છેતરપીડી કરેલ હોય તેમની સામે કાયદાકીય જોગવાઈ અન્વયે ફરીયાદ કરવા/ કરાવવા અરજ કરેલ છે.

અરજદારની મુળ તા.૧૫/૦૫/૧૨ થી માંગેલ માહિતી બાબતે નારાજગી/ માહિતી મળેલ નથી. તે બાબતે પૂર્તતા રીપોર્ટ મંગાવતો પત્ર ૮૪૧/૧ તા.૨૭/૦૬/૧૨ ની મોકલાવેલ જેના અનુસંધાનમાં અરજદારે કોઈ રજુઆત કરેલ નથી. જયારે આસી.લો.ઓફિસરે અરજદારે માંગેલ માહિતી પત્ર નં. ૬૩૮ તા.૦૭/૦૬/૧૨ થી પૂરી પાડવામાં આવેલ છે. તેમજ અરજદારની અપીલ અરજી આરટીઆઈ એકટ હેઠળ કરવા પાત્ર અપીલ કરેલ ન હોવાનું જણાય છે તે રીતનો જવાબ મોકલાવેલ છે.

અરજદારની મુળ અરજી તથા અપીલ અરજી બંને એકબીજા સાથે સુંસંગત નથી. આરટીઆઈ એકટ હેઠળ અરજદારે માંગેલ માહિતી અન્વયે ખોટી માહિતી, માહિતી ન મળી હોય, કે અન્ય કોઈ નારાજગી હોય તો તેના અનુસંધાનમાં જ અપીલ અરજી કરી શકે છે. અરજદારે તા.૨૫/૦૬/૧૨ ની તેઓની અરજીમાં રીપેરીંગની અરજી કરનાર સામે ખોટી માહિતી આપી રીપેરીંગની મંજુરી માંગેલ હોય તેમની સામે કાયદાકીય રીતે ફરીયાદ કરવા અરજી કરેલ છે.

આરટીઆઈ એકટ અન્વયે અરજદારની અપીલ અરજી માંગેલ માહિતી મુળ અરજીથી ભિન્ન છે. ખોટી રજુઆત કરી મકાન રીપેરીંગની મંજુરી માંગનાર સૈયદ સબીયા સૈયદ અબ્બાસ સામે કાયદાકીય રાહે ફરીયાદ કરવાની માંગણી લાગત સક્ષમ સત્તાધીશ સમક્ષ અલગથી કરવાની રહે છે.

**–:હુકમ :–**

અરજદારની મુળ અરજી તથા અપીલ અરજી આરટીઆઈ એકટ મુજબ એકબીજા સાથે સુસંગત નથી. તેઓની કાયદાકીય રાહે પગલાં ભરવાની અપીલ અરજીની રજુઆત લાગત સક્ષમ સત્તાધીશ સમક્ષ અરજદારે કરવાની રહે છે અને તેમ કરવા તેઓ સ્વતંત્ર છે. અપીલ તબકકે તેઓની અરજી અનુસંધાને કોઈ કાર્યવાહી રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૦૩૨
તા.૩૧/૦૭/૧૨

(ડી.એમ.પટેલ)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) ઈ.ચા.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારી
(૨) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી
(૩) આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી

| | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |
|---|---|---|

અપીલ અરજી નં.        તા.................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૪/૦૫/૧૨ (આઈ.ડી.નં. ૩૩૨) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૬/૦૭/૧૨ SMC/FAP/નં ૫૧/૨૦૧૨–૧૨

અરજદાર તા.૨૪/૦૫/૧૨ (આઈ.ડી નં. ૩૩૨) થી ૨/૧૪૨૦ રાજહંસ બિલ્ડીંગ પાછળ આવેલ મિલકતના બાંધકામ બાબત ૬ મુદ્દાની માહિતી માંગેલ.

અરજદારે પ્રથમ અપીલ અરજીમાં આજદિન સુધી માહિતી મળેલ ન હોય તાકીદે જવાબ પાઠવવા વિનંતી કરેલ છે. અપીલ અરજી સંદર્ભે અત્રેથી પત્ર નં. ૯૮૯૧૧ થી અરજદારને તથા ૯૮૯/૨ થી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને તેમનો પક્ષ રજુ કરવા જણાવેલ.

અરજદારે તા.૧૧/૦૭/૧૨ ના રોજ રૂબરૂમાં અત્રેની કચેરીનો સંપર્ક કરી માંગેલ માહિતીની વિગત તાકીદે પૂરી પાડવા રજુઆત કરેલ. જયારે ડે.ઈજનેર ધ્વારા સદર માંગેલ માહિતી મંજુર પ્લાન, રજાચિઠ્ઠી વિગેરેની માહિતી અત્રે ઉપલબ્ધ ન હોય અરજદારની મુળ અરજી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવી છે. જે પત્ર નં.૯૮૯ તા.૦૯/૦૭/૧૨ ની નકલ રૂબરૂમાં આપવામાં આવેલ.

અરજદાની મુળ અરજીથી માંગેલ વિગતો સેન્ટ્રલ ઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય તો લાગત વિભાગ પ્રતિ આરટીઆઈ એકટની કલમ–૭, નિયમ –૪ મુજબ અરજી મળ્યા તારીખ થી દિન–૫ ની સમય મર્યાદામાં તબદીલ કરવાની હોય છે લાગત કિસ્સામાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા નિયત સમય મર્યાદામાં અરજી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. જે અંગે સંબધિત કર્મચારી અને ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને નિયત સમય મર્યાદામાં અરજી તબદીલ કરવા અંગે તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

## હુકમ

અરજદારની અરજી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. જે તે વિભાગના મળેલ જવાબથી નારાજગી હોય તો સંબધિત વિભાગના અપીલ અધિકારીને અરજદાર અપીલ કરવા સ્વતંત્ર છે. હાલ પુરતી અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૦૩૧
તા.૧૩/૦૭/૧૨

(ડી.એમ.પટેલ)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

| | | |
|---|---|---|
| | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |

અપીલ અરજી નં.            તા.................

સામાવાળા :– (૧) નાયબ આરોગ્ય અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૦૫/૦૩/૧૨ (આઈ.ડી.નં. ૧૯૭૨) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૬/૦૪/૧૨ SMC/FAP/નં ૬–એ/૨૦૧૧–૧૨

અરજદાર તા.૦૫/૦૩/૧૨ (આઈ.ડી.નં.૧૯૭૨) બાબતે સ્થાયી સમિતિ ધ્વારા મંજુર થયેલ રાત્રી સફાઈ સ્ટ્રીટ લાઈટના કોન્ટ્રાકટની વિગત તથા કોન્ટ્રાકટરના નામ સરનામા દરેક ઝોનના નાયબ આરોગ્ય અધિકારીના નામ, સરનામા ૧૩ મુદ્દાની માહિતી માંગેલ.

સદર અરજી સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં. ૨૧૭૮ તા.૦૫/૦૩/૧૨ ના રોજ આરોગ્ય અધિકારી (આરોગ્ય વિભાગ) કાર્યપાલક ઈજનેર તમામ ઝોન તેમજ ડે.ઈજનેર (લાઈટ વિભાગ) ને તબદીલ કરવામાં આવેલ. જેના મળેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા અપીલ અરજી ડે.કમિશ્નરશ્રીને ઉદ્દેશી કરવામાં આવેલ. જે અત્રે સેન્ટ્રલ ઝોનના અપીલ અધિકારીને મળેલ છે. જેમાં અરજદારે સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીના પત્રના સંદર્ભે અરજદારે રૂા.૨/– નકલ ફી પેટે તા.૨૯/૦૩/૧૨ ના રોજ જમા કરાવેલ હોવા છતાં નકલ મળેલ નથી.

અરજદારની અપીલ સંદર્ભે નાયબ આરોગ્ય અધિકારીને પત્ર નં. ૨૨૫ તા.૨૫/૦૪/૧૨ થી અને અરજદારને પત્ર નં.૫૧૨ તા.૨૮/૦૫/૧૨ થી પુર્તતા રીપોર્ટ પુરાવા સહીત મોકલી આપવા જણાવેલ. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીના તા.૨૨/૦૫/૧૨ ના પત્ર ધ્વારા અરજદારને પત્ર નં. ૨૬૪૮ તા.૨૬/૦૩/૧૨ થી આપેલ જવાબ તથા અરજદાર તરફથી રૂા.૨/– રસીદ નં.૨૧૨૫૦૫ થી તા.૨૯/૦૩/૧૨ ના રોજ જમા કરાવેલ જેની નકલ તથા તેના અનુસંધાને પાઠવેલ જવાબ તરીકે રજુ કરેલ છે. જયારે અરજદાર ધ્વારા કોઈ પુરક માહિતી કે પુરાવા રજુ કરેલ નથી.

જાહેર માહિતી અધિકારીએ રજુ કરેલ પુરાવામાં અરજદારને મોકલવામાં આવેલ નકલ તથા સામેલ પત્ર નં. ૨૮૦૦ તા.૩૧/૦૩/૧૨ માં સદર પત્ર મુળ અરજદાર નરેશભાઈ બથવારના બદલે વિનોદભાઈ કંટારિયાને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. આમ મુળ અરજદારને માહિતીની નકલ મોકલવામાં હોવાનું જણાતું નથી. સેન્ટ્રલ ઝોન પુરતી અરજદારની અપીલ અરજીને ધ્યાને લઈ અરજદારે માંગેલ માહિતીની નકલ અન્ય અરજદારને નામ/સરનામા ઉપર રવાના કરવામાં આવેલ હોવાનું જણાય છે.

**–:હુકમ :–**

અરજદારે તા.૨૯/૦૩/૧૨ ના રોજ નકલ ફી પેટે રૂા.૨/– જમા કરાવેલ હોય મુળ અરજદારને આ પત્ર મળ્યેથી દિન–૫ માં માંગેલ માહિતીની નકલ આપવા નાયબ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૦૩૩
તા.૧૩/૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, નાયબ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |

અપીલ અરજી નં.        તા.................

સામાવાળા :– (૧) પર્સોનેલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી
(૨) નાયબ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી
(૩) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૯/૦૩/૧૨ (આઈ.ડી.નં. ૨૧૧૬) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૫/૦૫/૧૨ SMC/FAP/નં. ૨૫/૨૦૧૨–૧૨

અરજદાર ની તા.૨૯/૦૩/૧૨ (આઈ.ડી.નં.૨૧૧૬) ની મુળ અરજી થી સુરત મહાનગરપાલિકાના સાતેય ઝોનમાં કુલ –૨૨૪ હેવી વ્હીકલ ડ્રા ઈવરોના નામ, સરનામા, અનુભવના પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાત, જાતિ, ઝોન–વિભાગ–વ્હીકલ નંબર અને નિમણૂંકની તારીખ અંગેની માહિતી માંગેલ. અરજદારે માંગેલ માહિતી બાબતે પત્ર નં.૨૭૮૫ તા.૩૦/૦૩/૧૨ થી સેકશન ઓફિસર મધ્યસ્થ મહેકમ અને રીક્રુટમેન્ટ વિભાગ તથા તમામ ઝોનને અરજી તબદીલ કરેલ જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૨૩૬ તા.૨૬/૦૪/૧૨ થી જવાબ પાઠવવામાં આવેલ છે. જયારે ડે.ઈજનેર અને નાયબ આરોગ્ય અધિકારી ધ્વારા કોઈ માહિતી આપવામાં આવેલ હોવાનું જણાતું નથી.

અરજદારની અપીલ અરજી સંદર્ભે સેન્ટ્રલ ઝોનમાં પર્સોનેલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારીએ પત્ર નં. ૩૬૩ તા.૦૫/૦૫/૧૨ ના પત્રથી તા.૧૪/૦૫/૧૨ ના રોજ રૂબરૂ ચકાસણી માટે બોલાવેલ પરંતુ તા.૧૪/૦૫/૧૨ ના રોજ ગાંધીનગર મુકામે ગુજરાત માહિતી આયોગમાં સુનવણી હોય બીજી તારીખ બાબતે પત્ર પાઠવવા જણાવેલ તથા પત્ર નં. ૨૩૬ તા.૨૬/૦૪/૧૨ થી પાના નં.૧૯ ના રૂા.૩૮/– જમા કરાવવા જણાવેલ જેમાં શૈક્ષણિક લાયકાતની માહિતી મળેલ નથી. જેથી રૂબરૂ ચકાસણીની માંગણી કરેલ છે. તેવી અપીલ અરજીમાં રજુઆત કરેલ છે.

જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી પત્ર નં. ૫૫૫/૨ તા.૩૧/૦૫/૧૨ થી અરજદારની અપીલ અરજી સંદર્ભે જરૂરી પુરાવા તેમજ પૂર્તતા રીપોર્ટ રજુ કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસરએ તેમના તા.૦૨/૦૬/૧૨ ના પત્ર નં.૫૯૨ થી અરજદારે માંગેલ માહિતી માટે તેમને પત્ર સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૨૪૯ તા.૧૭/૦૪/૧૨ થી રૂા.૩૮/– જમા કરાવવા જણાવેલ તથા તા.૦૫/૦૫/૧૨ ના રોજ રેકર્ડ તપાસણી કરવા જણાવેલ. જે સંદર્ભે અરજદારે તા.૧૪/૦૫/૧૨ ના રોજ રેકર્ડ તપાસણી માટે તારીખ અનુકૂળ ન હોય બીજી તારીખ ફાળવવા વિનંતી કરેલ. જેને ધ્યાને લઈ તેમને તા.૨૪/૦૫/૧૨ ના રોજ રૂબરૂમાં નિરીક્ષણ અર્થે બોલાવવામાં આવેલ. જે મુજબ અરજદાર તા.૨૪/૦૫/૧૨ ના રોજ સવારે ૧૧:૨૨ થી ૧૧:૨૯ કલાક દરમ્યાન રેકર્ડ તપાસણી કરી ગયેલ છે અને સેવા પત્રકની તપાસણી કરી જરૂરીયાત પુરતી રેકર્ડનો ઉતારો કરેલ છે. જે સંબધી તમામ પેપર્સની નકલો રજુ કરેલ છે તથા અરજદારને પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૫૪૩ તા.૩૦/૦૫/૧૨ ના રોજ પત્ર ધ્વારા અરજદારે માંગેલ માહિતી તથા પ્રત્યક્ષ નિરીક્ષણ પણ પુરું પાડવામાં આવેલ છે તથા તેમની અરજી અનુસંધાને માહિતી આપવાની રહેતી નથી. તે રીતનો ઉત્તર આપવામાં આવેલ છે.

અરજદારે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર ધ્વારા સાથે તપાસણી માટે પત્ર ધ્વારા જાણ કરેલ. જે તારીખ અરજદારને અનુકૂળ ન હોય બીજી તારીખ ફાળવવા વિનંતી કરેલ જે જાહેર માહિતી અધિકારી ધ્વારા ગ્રાહય રાખવામાં આવેલ. તેમ છતાં તે પૂર્વે અરજદાર ધ્વારા અપીલ અરજી કરવામાં આવેલ છે અને તપાસણી દરમ્યાન ઉતારો કર્યા બાદ પણ અપીલ કરવાનું અરજદારનું વલણ વ્યાજબી ન હોવાનું જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરે તેમના રીપોર્ટમાં જણાવેલ છે.

અરજદારની મુળ અરજી તથા અપીલ અરજીને ધ્યાને લેતા અત્રેથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૭૯૫ તા.૨૨/૦૬/૧૨ થી રૂબરૂ સુનવણી તા.૩૦/૦૬/૧૨ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રાખવામાં આવેલ. જે સમયે અરજદાર રૂબરૂ સુનવણી સમયે હાજર રહેલ તે સમયે રૂબરૂમાં તેમને ડ્રાઈવરોની સંખ્યા તથા કર્મચારી નંબર ઉપલબ્ધ રેકર્ડ જોતા મળેલ પરંતુ ડ્રાઈવરોના વ્હીકલ નંબર અને નામની વિગત મળેલ નથી. જે માહિતી આપવા લેખિતમાં રજુઆત કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ જવાબ તથા તપાસણી અને રજુ કરેલ પુરાવા અને તા.૩૦/૦૩/૧૨ ના રૂબરૂ સુનવણી દરમ્યાન અરજદારે માંગેલ માહિતી પૈકી જાહેર

માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર ધ્વારા રૂબરૂમાં પ્રત્યક્ષ નિરીક્ષણ પુરુ પાડી ઉપલબ્ધ દફતરી રેકર્ડની માહિતી પૂરી પાડેલ હોવાનું જણાય છે. જેથી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર કક્ષાએ અરજદારને કોઈ નારાજગી હોવાનું કોઈ કારણ જણાતું નથી. જયારે અરજદારને વ્હીકલના નામ અને નંબરની માહિતી મળેલ નથી. તેવી તા.૩૦/૩/૧૨ ની રૂબરૂ સુનવણી સમયે કરેલ લેખિત રજુઆત મુજબ વ્હીકલના નામ અને નંબર અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર તેમજ નાયબ આરોગ્ય અધિકારી કક્ષાએ આપવાની બાકી રહે છે.

**—:હુકમ :—**

અરજદારે માંગેલ માહિતી પૈકી મજકુર ડ્રાઈવરોના વ્હીકલ નંબર અને નામ વિગત આરટીઆઈની કલમ ૭(૬) મુજબ અરજદારને વિના મુલ્યે પૂરી પાડવા જાહરે માહિતી અધિકારી અને ડે.ઈજનેર તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૯૬૨
તા.૭/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી જાણ માટે.
(૨) પ્રતિ, નાયબ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી જાણ તથા અમલ માટે.
(૩) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.      તા.................

સામાવાળા :– ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૨/૦૩/૧૨ (આઈ.ડી.નં.૨૦૦૫) ની અરજીના અનુસંધાનમાં મળેલ માહિતી ખોટી તેમજ અધુરી આપવામાં આવેલ છે.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૪/૦૫/૧૨ SMC/FAP/નં ૫/૨૦૧૨–૧૩

અરજદાર તા.૧૨/૦૩/૧૨ (આઈ.ડી. નં.૨૦૦૫) ની અરજીથી અરજદાર ધ્વારા તા.૦૧/૦૯/૦૯ ના રોજ અપીલ નં.૬૩૦ થી જે માહિતીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ડા. ઓફ પ્લાનીંગ ધ્વારા પત્ર નં.ટી.ડી.ઓ./૨૪૯૧ તા.૧૮/૦૯/૦૯ થી જણાવેલ કે વિકાસ પરવાનગીને રીવાઈઝડ/મોડીફાઈડ કે નવી હોય તે અંગે નિર્ણય ન કરવા અરજી રજુ કર્યાની તારીખથી ૯૦ દિવસમાં નિર્ણય કરવાની જોગવાઈ છે. તે મુજબ બેગમપુરા દુધારા શેરી મિલકત નં.૪/૩૬૦ વાળી મિલકતના માલિકે સુરત મહાનગરપાલિકા પાસે નવું બાંધકામ કરવા માટે સેન્ટ્રલ ઝોન નં.૧૭૯ તા.૦૭/૧૨/૧૧ થી ગ્રા.ફલોર + બે માળનો પ્લાન મંજુર કરાવેલ ત્યાર બાદ ૪/૩૬૦ વાળી મિલકતના માલિકે મંજુર પ્લાન કરતા સ્થળ પર ગ્રા.ફલોર + ત્રીજા માળનું બાંધકામ કરેલ જે વધારાનું બાંધકામ કરેલ (૧) વધારાનું બાંધકામ કાયદેસર કરવા માટે આર્કીટેક વિજય પાસવાલા પાસે તા.૦૯/૧૦/૦૭ થી પ્લાન રીવાઈઝડ કરવા સુરત મહાનગરપાલિકામાં રજુ કરવામાં આવેલ તે પ્લાન કઈ તારીખે મંજુર કરવામાં આવ્યો તેની વિગત. (૨) આ પ્લાન મંજુર કરવામાં ન આવ્યો હોય તો તે સંબધે વધારાના ગેરકાયદેસર બાંધકામ બાબતે આપેલ નોટીસની નકલ. (૩) આર્કીટેક ધ્વારા સદર મિલકતનો રીવાઈઝડ પ્લાન મુકવામાં આવેલ તે બાબતે આર્કીટેક વિજય પાસવાલાએ કઈ તારીખે રાજીનામુ આપ્યુ તથા નવા આર્કીટેકની નિમણૂંકના પત્રની નકલની માંગણી કરેલ છે.

અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૦૭/૦૪/૧૨ પત્ર નં. ૪૯ થી આપવામાં આવેલ છે. જે મળેલ જવાબથી નારાજ થઈ અરજદારે પ્રથમ અપીલ કરેલ છે. જેમાં તેમણે માંગેલ રીવાઈઝડ પ્લાન મંજુરી અર્થે રજુ કરેલ તેની નકલની માંગણી કરેલ. જેના પુરાવા તરીકે અગાઉ આરટીઆઈ અન્વયે મળેલ આસી. કમિશ્નરશ્રી અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. ૮૦ તા.૨૫/૦૪/૦૮ ની નકલ રજુ કરેલ છે. જેમાં "રજુ થયેલ મોડીફાઈડ પ્લાનમાં સુચવ્યા મુજબનાં સ્થળ મોડીફીકેશન હાલ પર્યન્ત ગ્રાહય રાખવામાં આવેલ નથી." તે પત્રની નકલ રજુ કરેલ છે. જે મુજબ અરજદારના આર્કીટેક ધ્વારા રીવાઈઝડ પ્લાન રજુ કરવામાં આવેલ હોવાનું જણાય છે. તેવી રજુઆત કરેલ છે.

અરજદારે મુદ્દા નં.૨ થી ૪/૩૬૦ વાળી મિલકતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે આપેલ નોટીસની નકલની માંગણી કરેલ જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા નોટીસ આપવામાં આવેલ હોવાનો રેકર્ડ ઉપલબ્ધ નથી તેમ જણાવેલ છે. અપીલ તબકકે અરજદારે ગેરકાયદેસર બાંધકામ બાબતે બી.પી.એમ.સી. એકટની કલમ ૨૬(૧)(૨) હેઠળ નોટીસ આપવાની હોય છે. જે આપવામાં આવેલ નથી અને આંખ આડા કાન કરી કરી બચાવવામાં આવેલ છે. આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે. અરજદારે અપીલ તબકકે કરેલ રજુઆત માંગેલ માહિતીથી ભિન્ન છે. ૪/૩૬૦ વાળી મિલકતના માલિકને નોટીસ આપવામાં આવેલ નથી. જે બાબતે તેઓ અલગથી રજુઆત સક્ષમ સત્તાધીશ સમક્ષ કરવાની રહે છે. અપીલ તબકકે તેઓ ઉપસ્થિત કરેલ પ્રશ્ન માંગેલ માહિતી સાથે સુસંગત ન હોય નોટીસ ન આપવા બાબતે અલગથી સક્ષમ સત્તાધીશ સમક્ષ

રજુઆત કરવા અરજદાર સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં. ૩ થી આર્કીટેક વિજય પાસવાલાએ રાજીનામુ આપ્યુ તેના પત્રની નકલ માંગેલ. જે અરજદારે જાહેર માહિતીઅધિકારી ધ્વારા પૂરી પાડેલ છે.

અરજદારની અપીલ અરજી સંબધે પત્ર નં.૩૨૦/૧ તા.૦૫/૦૫/૧૨ થી રજુઆત પુરાવા રજુ કરવા જણાવેલ તથા પત્ર નં.૩૨૦/૨ તા.૦૫/૦૫/૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને જણાવેલ જે અન્વયે અરજદારે તેમના તા.૧૦/૦૫/૧૨ ના પત્ર ધ્વારા આર્કીટેક વિજય પાસવાલા ધ્વારા રીવાઈઝ પ્લાન રજુ કરેલ જે ૯૦ દિવસની સમય મર્યાદા છતાં ૧૦૯૫ દિવસે પણ મંજુર થઈ શકતો નથી તથા સદર મિલકતની બાલ્કની ગેરકાયદેસર બાંધવામાં આવેલ હોય જે બાબતે નોટીસ આપવાની કાર્યવાહી સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ નથી. જેથી મુદ્દા નં. ૧ અને ૨ ની માહિતી રેકર્ડ ઉપલબ્ધ નથી. તેવી ખોટી માહિતી આપવામાં આવેલ છે. જયારે રેકર્ડ ઉપલબ્ધ નથી તો કયારે ગુમ થયો કયા અધિકારીના સમયમાં થયો, પોલીસ ફરીયાદ દાખલ કરવામાં ન આવી, માહિતીથી વંચીત ન રાખી શકાય તેવી રજુઆત કરેલ છે.

જયારે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા અરજદારની અપીલના અનુસંધાનમાં કોઈ રીપોર્ટ/ પુરાવા/ રજુઆત કરવામાં આવેલ નથી. અરજદાર અને જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને આ બાબતે તા.૩૦/૦૬/૧૨ ના રોજ બપોરે ૩:૪૫ કલાકે રૂબરૂ સુનવણી માટે બોલાવવામાં આવેલ જે સમયે અરજદારે હાજર રહી ૪/૩૬૦ વાળી મિલકત બાબતે કમિશ્નરશ્રીએ ૨૦૦૯ માં હુકમ કરવા કરેલ તેની અમલવારી નથી થઈ. રીવાઈઝ પ્લાન મંજુરી ૯૦ દિવસની સમય મર્યાદા હોવા છતાં ૧૦૯૫ દિવસ થયા તેની કારણની માહિતી મુદ્દા નં.૧ બાબતે રજુ કરેલ રીવાઈઝ પ્લાનની નકલ. મુદ્દા નં. ૨ બાબતે ગેરકાયદેસર બાંધકામ બાબતે નોટીસની નકલ. મુદા નં. ૩ નવા આર્કીટેકની નિમણૂંકની વિગત.

ઉપરોકત ત્રણ માહિતી તેમને મળેલ નથી. જે અપાવવા અંગે યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે.

અરજદારની અપીલ અરજી સમયે કરેલ લેખિત રજુઆત તથા તા.૧૯/૦૫/૧૨ ના પત્રમાં કરેલ રજુઆત તા.૩૦/૦૩/૧૨ ના રોજ કરેલ રૂબરૂ રજુઆતને ધ્યાને લેતા અરજદારે મુદ્દા નં. ૧ થી માંગેલ માહિતીમાં મિલકત નં. ૪/૩૬૦ વાળી મિલકતનો રીવાઈઝડ પ્લાનની નકલ માંગેલ છે. જેના જવાબમાં રેકર્ડ ઉપલબ્ધ નથી તે રીતની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા આપવામાં આવેલ છે. અરજદારે તેમના પુરાવા આર્કીટેક ધ્વારા રજુ કરેલ પત્ર તથા અગાઉ જાહેર માહિતી અધિકારી ધ્વારા અપાયેલ જવાબની નકલ રજુ કરેલ કરેલ છે. જે ૪/૩૬૦ વાળી મિલકત બાબતે રીવાઈઝડ પ્લાન કરી મંજુરી માટે રજુ કરવામાં આવેલ છે. જે બાબતે હાલના જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા આપેલ જવાબ યોગ્ય નથી. જેથી આ બાબતે રેકર્ડની ચકાસણી કરી ઉપલબ્ધ રેકર્ડ હોય તો પૂરો પાડવા અને તો તેનો કોઈ નિકાલ/ નાશ કરવામાં આવેલ હોય તો તે સંબધી અરજદારને માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરે પૂરી પાડવાની રહે છે. જયારે મુદ્દા નં.૨ બાબતે ૪/૩૬૦ વાળી મિલકતના માલિકને નોટીસ આપવામાં આવેલ હોવાનું રેકર્ડ પર ઉપલબ્ધ નથી તે રીતનો જવાબ જાહેર માહિતી અધિકારી ધ્વારા અપાયેલ છે. જે અંગે અરજદાર ઈચ્છુક હોય તો ઉપલબ્ધ રેકર્ડની પ્રત્યક્ષ ચકાસણી જાહેર માહિતી અધિકારીનો અગાઉથી સમય મેળવી આરટીઆઈ એકટના નિયમ મુજબ જરૂરી ફી ભરવાની શરતે કરી શકે છે. જયારે મુદ્દા નં.૩ માં નવા આર્કીટેકની નિમણૂંક બાબતે પણ અરજદારે ઈચ્છુક હોય તો રેકર્ડની પ્રત્યક્ષ ચકાસણી કરી શકે છે. અરજદારની આ સિવાયની રીવાઈઝડ પ્લાન મંજુર કરવાની જોગવાઈ ૯૦ દિવસની હોવા છતાં ૧૦૯૫ દિવસ થવા છતાં મંજુર થયેલ નથી. તેના કારણની માહિતી અરજદારે માંગેલ મુળ માહિતીથી અલાયદી રજુઆત છે. જે અપીલ અરજી, મુળ અરજી સાથે સુસંગત નથી. અરજદાર સદર બાબતે લાગત વિભાગને અલાયદી રજુઆત કરી શકે છે અને તેમ કરવા તેઓ સ્વતંત્ર છે.

# –:હુકમ :–

અરજદારે રજુ કરેલ પુરાવાને ધ્યાને લેતા રીવાઈઝ પ્લાન મંજુરી અર્થે રજુ કરવામાં આવેલ હોવાનું જણાયે છે. જે અરજદારને આરટીઆઈ એકટની કલમ ૭(૬) મુજબ દિન–૭ માં વિના મુલ્યે પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.ર અને ૩ બાબતે અરજદારને નારાજગી અંગે જાહેર માહિતી અધિકારીનો અગાઉથી સમય મેળવી કલમ ૭(૫) મુજબ જરૂરી ફી ભરવાની શરતે ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી શકે છે અને અરજદાર ધ્વારા તેવી માંગણી થયેથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી ફી ભરવાની શરતે આપવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૨૦૧૧
તા.૨૧/૦૭/૧૨

(ડી.એમ.પટેલ)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.        તા.................

સામાવાળા :– ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૦૮/૦૬/૧૨ (આઈ.ડી.નં.૨૯૮) ની અરજીના અનુસંધાનમાં મળેલ માહિતી ખોટી તેમજ અધુરી આપવામાં આવેલ છે.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૯/૦૬/૧૨ SMC/FAP/નં ૪૭/૨૦૧૨–૧૩

અરજદાર તા.૦૮/૦૬/૧૨ (આઈ.ડી નં. ૨૯૮) થી આરટીઆઈ એકટ અન્વયે વોર્ડ નં.૧૨, ઘર નં.૧૭૦૫,૧૭૦૬,૧૭૦૮,૩૨૮૨ અને ૩૨૮૩ વાળી મિલકતના મંજુર પ્લાન, રજાચિઠ્ઠી, રીન્યુ કરેલ તેની પ્રમાણિત નકલ તથા પ્રોગ્રેસ સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ તેની નકલની માંગણી કરેલ. અરજદારની મુળ અરજી બાબતે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા સદર માંગેલ માહિતીનો કોપી રેકર્ડ અત્રેની કચેરીમાં ઉપલબ્ધ નથી. તે રીતનો જવાબ તા.૧૪/૦૬/૧૨ ના પત્રથી અરજદારને પાઠવેલ છે.

અરજદારે તા.૨૯/૦૬/૧૨ ના રોજ મળેલ પ્રત્યુતરથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની પ્રથમ અપીલ અરજી અનુસંધાને અત્રેથી પત્ર નં.૯૯૧/૧ તા.૦૯/૦૭/૧૨ થી અરજદારને પૂર્તતા રીપોર્ટ/ પુરાવા રજુ કરવા જણાવેલ જેમાં અરજદારે તેઓના પત્ર નં.૪૧૩ તા.૧૬/૦૭/૧૨ ના પત્ર ધ્વારા તેઓ પાસેનો જુનો રેકર્ડ તપાસતા પત્ર નં.ટી.ડી.ઓ. નં.૩૫૮૯ તા.૦૯/૦૧/૦૪ થી બાંધકામની મુદ્દત લંબાવી આપવાની મંજુરી આપતો પત્ર શહેર વિકાસ અધિકારીશ્રીની સહીથી આપવામાં આવેલ હોવાનું જણાવતો પત્રની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

જયારે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને પત્ર નં.૯૯૯/૨ તા.૦૯/૦૭/૧૨ થી પૂર્તતા રીર્પોટ પુરાવા સહીત રજુ કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં આજદિન સુધી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ રજુઆત, રીપોર્ટ રજુ કરેલ નથી.

અરજદારે અપીલ તબકકે રજુ કરેલ પુરાવામાં શહેર વિકાસ અધિકારીની સહીથી તેઓને બાંધકામની મુદ્દત વધારાની માંગણી વધારી આપવામાં આવતા પત્ર નં.૩૫૮૯ તા.૦૯/૦૧/૨૦૦૪ ના પત્રની નકલ રજુ કરેલ છે. જેને ધ્યાને લેતા સદર મિલકત બાબતે મધ્યસ્થ શહેર વિકાસ વિભાગમાંથી પ્લાન મંજુર કરવામાં આવેલ હોવાનું જણાય છે. જેથી અરજદારની મુળ અરજી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગના જાહેર માહિતીને તબદીલ કરવામાં આવે, તે અંગે ઘટીત કાર્યવાહી હાથ ધરવા ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી તથા અપીલ તબકકે રજુ કરેલ પુરાવાને ધ્યાને લેતા અરજદારે માંગેલ માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય પરંતુ આ બાબતે મધ્યસ્થ શહેર વિકાસ વિભાગમાંથી પ્લાન મંજુર કરવામાં આવેલ હોય. અરજદારની મુળ અરજી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને દિન–૫ માં અરજદારની જાણ હેઠળ તબદીલ કરવા અંગે લાગત કર્મચારી તેમજ ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને સમય મર્યાદામાં તબદીલ કરવા અંગે તકેદારી રાખવા જણાવવામાં આવે છે. અરજદારે તેમની મુળ અરજીથી માંગેલ માહિતી બાબતે મધ્યસ્થ શહેર વિકાસ વિભાગના જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. સેન્ટ્રલ ઝોન પુરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૨૦૧૨
તા.૨૧/૦૬/૧૨

(ડી.એમ.પટેલ)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.          તા.................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૦/૦૩/૧૨ (આઈ.ડી.નં. ૨૦૫૨) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૫/૦૬/૧૨ SMC/FAP/નં ૨૯/૨૦૧૨–૧૩

અરજદાર તા.૨૦/૦૩/૧૨ ની મુળ અરજી (આઈ.ડી.નં.૨૦૫૨) થી (૧) સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન તરફથી ૪/૩૫૯–અ વાળી મિલકતના ગેરકાયદેસર બાંધકામ બાબતે સેન્ટ્રલ ઝોન/આ.ના./૨૨૪૧ તા.૧૯/૦૯/૨૦૦૯ થી જે નોટીસ આપવામાં આવેલ તેના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકામાં કયા અરજદાર તરફથી ૪/૩૫૯–અ વાળી મિલકતના ગેરકાયદેસર બાંધકામ બાબતે અરજીઓ કરવામાં આવી તેમજ કયા કયા અરજદારો તરફથી ૪/૩૫૯–અ વાળી મિલકતના ગેરકાયદેસર બાંધકામ બાબતે માહિતીઓ માંગવામાં આવી તેની સહી સિકકાવાળી સર્ટીફાઈડ નકલ ફાળવી માહિતી આપો.

(૨) સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન તરફથી ૪/૩૫૯–અ વાળી મિલકતના ગેરકાયદેસર બાંધકામ બાબતે તા.૧૯/૦૯/૨૦૦૯ થી જે નોટીસ આપવામાં આવેલ તેના અનુસંધાનમાં ૪/૩૫૯–અ વાળી મિલકતના માલિકે નોટીસનો જવાબ તા.૨૫/૦૯/૨૦૦૯ ના રોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોનને રજુ કરવામાં આવેલ તેના અનુસંધાનમાં ૪/૩૫૯–અ વાળી મિલકતના માલિકને બી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ કઈ તારીખે પત્ર લખી સુરત મહાનગરપાલિકામાં મળવા બોલાવી સાંભળવાની તેમજ રજુઆત કરવાની તક આપવામાં આવી તેની સહી સિકકાવાળી નકલ ફાળવી માહિતી આપો.

(૩) સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન તરફથી ૪/૩૫૯–અ વાળી મિલકતના ગેરકાયદેસર બાંધકામ બાબતે તા.૧૯/૦૯/૨૦૦૯ થી જે નોટીસ આપવામાં આવેલ તેના અનુસંધાનમાં ૪/૩૫૯–અ વાળી મિલકતના માલિકે નોટીસનો જવાબ તા.૨૫/૦૯/૨૦૦૯ ના રોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોનને રજુ કરવામાં આવ્યા તેમ છતાં સુરત મહાનગરપાલિકા કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન તરફથી ૪/૩૫૯–અ વાળી મિલકતના માલિકને રજુઆત કરવાના તેમજ સાંભળવાની તક આપ્યા વગર સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન તરફથી સેન્ટ્રલ ઝોન/ઈએનજી/આ.નં./૨૩૩૨ તા.૩૦/૦૯/૨૦૦૯ થી જે તાકીદની નોટીસ આપવામાં આવેલ જે આપી શકે તેની માહિતી આપો.

(૪) સુરત મહાનગરપાલિકાની હદ વાળા વિસ્તારમાં કોઈપણ કરદાતા પ્લાન મંજુર કરાવી બાંધકામ કરે અને તે બાંધકામ મંજુર પ્લાન કરતા વધારે કરે તે વધારાના બાંધકામ બાબતે સુરત મહાનગરપાલિકા તરફથી વધારાના બાંધકામ બાબતે બી.પી.એમ.સી. એકટની કલમની જોગવાઈ મુજબ કેટલા દિવસ તેમજ મંજુર પ્લાન કરતા વધારાનું જે બાંધકામ કરે તે કરદાતાને કેટલા વર્ષ પછી વધારાના બાંધકામ બાબતે નોટીસ ન આપી શકે તે બાબતની બી.પી.એમ.સી. એકટની જાણકારી આપવી તેમજ માહિતી આપો. માહિતી માંગેલ અરજદારને પત્ર નં.૧૯૬ તા.૧૯/૦૪/૧૨ થી માંગેલ માહિતી પૂરી પાડવામાં આવેલ તેમજ રૂા.૨૬/– જમા કરાવી માંગેલ માહિતીની નકલ મેળવવા જણાવેલ. જે અરજદારે જમા કરાવી માંગેલ માહિતીની નકલ મેળવેલ છે.

અરજદારે તા.૦૪/૦૬/૧૨ ના પત્રથી પ્રથમ અપીલ કરેલ છે. જેમાં તેઓએ માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અધુરી પૂરી પાડવામાં આવેલ છે. મિલકત નં.૪/૩૫૯–અ વાળી મિલકતના ગેરકાયદેસર બાંધકામ

બાબતે કોણે કોણે અરજી કરેલ છે. તેની માહિતી માંગેલ જે તેઓને આપવામાં આવી નથી અને જે વ્યકિતની માહિતી માંગેલ છે તેમણે માહિતી આપવાની ના પાડે છે. તેમ ડે.ઈજનેર ધ્વારા પત્રમાં જણાવેલ છે. અરજદારે આ માહિતીથી સુરત મહાનગરપાલિકાને કોઈ નુકશાન થતુ નથી તેમજ ક્રાઈમ અને લશ્કરની ગુપ્ત માહિતી સિવાય તમામ માહિતી આરટીઆઈ એકટ મુજબ મળી શકે તેમ જણાવેલ છે. જયારે મુદ્દા નં.ર બાબતે રેકર્ડ ઉપલબ્ધ નથી તે રીતનો જવાબ મળેલ છે. જેના પુરાવામાં અરજદારે ૪/૩૫૯ વાળી મિલકતના મુળ માલિકને તા.૧૯/૦૯/૦૯ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા નોટીસ આપવામાં આવેલ જેના અનુસંધાનમાં માલિકે તા.૨૫/૦૯/૦૯ ના રોજ આપેલ જવાબની કોપી રજુ કરેલ છે. જે ધ્યાને લઈ રજુઆત અને સાંભળવાની તક સુરત મહાનગરપાલિકાએ આપવી જોઈએ તેવી રજુઆત કરેલ છે.

મુદ્દા નં.૩ માં માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અભિપ્રાયો કે કારણ આપવાના રહેતા નથી તેમ જણાવેલ છે. જયારે મુદ્દા નં.૪ થી પુછેલ માહિતી બાબતે અધુરી/ ખોટી માહિતી આપવામાં આવેલ છે. સદર મિલકતનું બાંધકામ ૧૯૯૨–૧૯૯૩ માં મંજુર કરવામાં આવ્યુ હોય કોઈ પણ જાતનું વધારાનું બાંધકામ કરવામાં આવેલ નથી. તેમજ તે બાંધકામ મુજબની આકારણી પણ કરવામાં આવેલ છે. સને–૧૯૯૨–૧૯૯૩ થી ૨૦૦૯ સુધીમાં કોઈ પણ જાતનું વધારાનું બાંધકામ મકાન માલિક ધ્વારા કરવામાં આવ્યું નથી અને ભારતીય બંધારણ મુજબ ૧૨ વર્ષ સુધીમાં કાર્યવાહી કરવાની રહે છે. ત્યારબાદ આપેલ નોટીસ રદ ગણાય. તેની માહિતી આપેલ નથી. તેમજ માંગેલ માહિતી ચોખ્ખી આપવામાં આવેલ નથી. કેટલા દિવસ પછી તેમજ કેટલા વર્ષ પછી ગેરકાયદેસર બાંધકામની નોટીસ આપી શકે તે બાબતની માહિતી આપેલ નથી. તેવી રજુઆત અપીલ તબકકે અરજદારે કરેલ છે.

અરજદારની અપીલને ધ્યાને લઈ પત્ર નં.૭૩૦/૨ તા.૧૯/૦૩/૧૨ થી અરજદારને તેઓનો પક્ષ પુરાવા સહિત રજુ કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં તેઓ ધ્વારા તા.૨૫/૦૬/૧૨ ના પત્ર ધ્વારા તેઓના મુળ અપીલ પત્ર સાથે જરૂરી પુરાવા સહિત રજુઆત કરેલ છે. જેને ધ્યાને લઈ સાચી માહિતી આપવા રજુઆત કરેલ છે. જયારે પત્ર નં.૭૩૦/૧ તા.૧૯/૦૬/૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને તેઓનો પક્ષ રજુ કરવા પૂર્તતા રીપોર્ટ મોકલી આપવા જણાવેલ. જેના અનુસંધાનમાં તેઓ ધ્વારા તા.૨૪/૭/૧૨થી પુર્તતા રિપોર્ટ મોકલવામાં આવેલ છે.

અરજદારે મુદૃા નં. ૧ બાબતે રૂા.૬/– ભરપાઈ કરેલ છે અને તેમને નકલ પણ પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.ર બાબતે રેકર્ડ ઉપલબ્ધ નથી તે રીતનો જવાબ જાહેર માહિતી અધિકારીએ આપેલ છે. અરજદારે અપીલ તબકકે તા.૨૫/૦૯/૦૯ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રીને ઉદૃેશીને ૪/૩૫૯ વાળી મિલકતના માલિક ધ્વારા કરવામાં આવેલ અરજીની નકલ રજુ કરેલ છે. જે અન્વયે સદર અરજી નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા ખાતે આપવામાં આવેલ હોવાનું જણાય છે. જે અન્વયે થયેલ કાર્યવાહીથી અરજદારને માહિતી આપવાની બાકી રહે છે.જે અન્વયે જાહેર માહિતી અધિકારીના પૂર્તતા રિપોર્ટમાં અરજદાર ની મુળ અરજી ઉપલ્બધ છે પરંતુ તેના અનુસંધાન માં કોઈ કાર્યવાહી થયેલ નથીતે રીત નો પૂર્તતા રિપોર્ટ મળેલ છે.જેને ધ્યાને લેતા અરજદારને કોઈ માહિતી આપવાની રહેતી નથી તેમ છતા અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો અગાઉ થી સમય મેળવી ઉપલ્બધ રેકર્ડ નું નિરીક્ષણ કરી શકે છે. જયારે મુદ્દા નં.૩ માં મિલકત નં.૪/૩૫૯ ના માલિકને રજુઆત કરવાની તક આપ્યા વિના તાકીદ ની નોટીસ આપેલ છે, તેની માહિતી માંગેલ છે. જેના જવાબમાં કોઈપણ જાતના અભિપ્રાય કે કારણો આપવાના રહેતા નથી તેમ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે.જેમાં જણાવેલ કલમ અરજદારને બી.પી. એમ.સી એકટ ની ઈમારતો બાંધવાને લગતા વિનિમયો ની નકલ આપેલ છે જેમા કલમ ૨૬૦ મુજબ કાર્યવાહી કરવાનો ઉલ્લેખ છે. અરજદારને પત્રનં.૧૯૬ તા.૧૯/૪/૧૨ થી જવાબ પાઠવેલ છે. જયારે મુદ્દા નં.૪ બાબતે રૂા.૨૦/– ભરી નકલ મેળવવા અંગે જણાવેલ છે અને તે મુજબ અરજદારે તે નકલો મેળવેલ હોવાનું જણાય છે.

# –:હુકમ :–

અરજદારની મુળ અરજી પ્રથમ અપીલ તેમજ રજુ કરેલ પુરાવાને ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૧,૪ થી માંગેલ નકલ આપેલ છે.મુદ્દા નં.૨ બાબતે ૪/૩૫૯ માલિક ધ્વારા અરજી નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે જમા કરાવેલ છે. જે અન્વયે કોઈ કાર્યવાહી થયેલ નથી જેથી કોઈ માહિતી આપવાની રહેતી નથી.તેમ જાહેર માહિતી અધિકારીએ તેમના રિપોર્ટ માં જણાવેલ છે.જે અંગે અરજદાર ખરાઈ કરવા માંગતા હોય તો જાહેર માહિતી અધિકારીનો અગાઉ થી સમય મેળવી નિયમ મુજબ ફી ભરવાની શરતે નિરીક્ષણ કરી શકે છે. જયારે મુદ્દાનં.૩ તથા૪ બાબતે અરજદારને બાંધકામ  અંગે ના નિયમોની નકલ આપવામાં આવેલ છે. જેની કલમ ૨૬૦ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. અરજદારને મુદ્દા નં.૨ થી મકાન માલિક ધ્વારા કરેલ અરજી સંદર્ભે કોઈ કાર્યવાહી થયેલ નથી. તે બાબતનો અરજદારને પ્રત્યુતર આપવા ડે.ઈજનેરશ્રીને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૩૯૦
તા.૧૭/૦૮/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧)    પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર  જાણ તથા અમલ માટે.

| RIGHT TO INFORMATION | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |
|---|---|---|

અપીલ અરજી નં.      તા.................

સામાવાળા :– ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૪/૦૫/૧૨ (આઈ.ડી.નં.) ની અરજીના અનુસંધાનમાં અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૯/૦૬/૧૨ SMC/FAP/નં ૪૭/૨૦૧૨–૧૩

અરજદારે તા.૦૮/૦૬/૧૨ (આઈ.ડી નં. ૨૯૮) થી આરટીઆઈ એકટ અન્વયે વોર્ડ નં.૧૨, ઘર નં.૧૭૦૫,૧૭૦૬,૧૭૦૮,૩૨૮૨ અને ૩૨૮૩ વાળી મિલકતના મંજુર પ્લાન, રજાચિઠ્ઠી, રીન્યુ કરેલ તેની પ્રમાણિત નકલ તથા પ્રોગ્રેસ સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ તેની નકલની માંગણી કરેલ. અરજદારની મુળ અરજી બાબતે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા સદર માંગેલ માહિતીનો કોપી રેકર્ડ અત્રેની કચેરીમાં ઉપલબ્ધ નથી. તે રીતનો જવાબ તા.૧૪/૦૬/૧૨ ના પત્રથી અરજદારને પાઠવેલ છે.

અરજદારે તા.૨૯/૦૬/૧૨ ના રોજ મળેલ પ્રતિ ઉત્તરથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની પ્રથમ અપીલ અરજી અનુસંધાને અત્રેથી પત્ર નં.૯૯૧/૧ તા.૦૯/૦૭/૧૨ થી અરજદારને પૂર્તતા રીપોર્ટ/ પુરાવા રજુ કરવા જણાવેલ જેમાં અરજદારે તેઓના પત્ર નં.૪૧૩ તા.૧૬/૦૭/૧૨ ના પત્ર ધ્વારા તેઓ પાસેનો જુનો રેકર્ડ તપાસતા પત્ર નં.ટી.ડી.ઓ. નં.૩૫૮૯ તા.૦૯/૦૧/૦૪ થી બાંધકામની મુદ્દત લંબાવી આપવાની મંજુરી આપતો પત્ર શહેર વિકાસ અધિકારીશ્રીની સહીથી આપવામાં આવેલ હોવાનું જણાવતો પત્રની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

જયારે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને પત્ર નં.૯૯૧/૨ તા.૦૯/૦૭/૧૨ થી પૂર્તતા રીર્પોટ પુરાવા સહીત રજુ કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં આજદિન સુધી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ રજુઆત રીપોર્ટ રજુ કરેલ નથી.

અરજદારે અપીલ તબકકે રજુ કરેલ પુરાવામાં શહેર વિકાસ અધિકારીની સહીથી તેઓને બાંધકામની મુદ્દત વધારાની માંગણી વધારી આપવામાં આવતા પત્ર નં.૩૫૮૯ તા.૦૯/૦૧/૨૦૦૪ ના પત્રની નકલ રજુ કરેલ છે. જેને ધ્યાને લેતા સદર મિલકત બાબતે મધ્યસ્થ શહેર વિકાસ વિભાગમાંથી પ્લાન મંજુર કરવામાં આવેલ હોવાનું જણાય છે. જેને ધ્યાને લેતા અરજદારની મુળ અરજી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગના જાહેર માહિતીને તબદીલ કરવામાં આવે તે અંગે ઘટીત કાર્યવાહી હાથ ધરવા ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી તથા અપીલ તબકકે રજુ કરેલ પુરાવાને ધ્યાને લેતા અરજદારે માંગેલ માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય પરંતુ આ બાબતે મધ્યસ્થ શહેર વિકાસ વિભાગમાંથી પ્લાન મંજુર કરવામાં આવેલ હોય. અરજદારની મુળ અરજી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને દિન–૫ માં અરજદારની જાણ હેઠળ તબદીલ કરવા અંગે લાગત કર્મચારી તેમજ ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને તકેદારી રાખવા જણાવવામાં આવે છે. અરજદારે તેમની મુળ અરજીથી માંગેલ

સી.ઝેડ/આઉટ/નં.૨૦૧૨
તા.૨૧/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.      તા.................

સામાવાળા :– (૧) નાયબ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી
(૨) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી
(૩) ગુમાસ્તા નિરીક્ષક અને જાહેર માહિતી અધિકારી
(૪) આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૦/૦૪/૧૨ (આઈ.ડી.નં.૫૯) ની અરજીના અનુસંધાનમાં અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૯/૦૬/૧૨ SMC/FAP/નં ૪૨/૨૦૧૨–૧૩

અરજદાર તેઓની તા.૧૦/૦૪/૧૨ (આઈ.ડી.નં.૫૯) ની મુળ અરજી બાબતે આજદિન સુધી માહિતી મળેલ ન હોય તા.૧૯/૦૬/૧૨ ના રોજ પ્રથમ અપીલ કરેલ છે.

અરજદારે તેઓની તા.૧૦/૦૪/૧૨ ની મુળ અરજી આરોગ્ય અધિકારીને ઉદ્દેશીને કરવામાં આવેલ જે તેઓ ધ્વારા લાગત વિભાગને તબદીલ કરેલ જે સેન્ટ્રલ ઝોનને પણ તબદીલ કરેલ. અરજદારની મુળ અરજીમાં સુરત શહેરમાં સોનું–ચાંદી ગાળવાની ભઠ્ઠી/કારખાના/લેબોરેટરી આવેલ છે. તે બાબતે વિવિધ ૧૯ મુદ્દાની માહિતી માંગેલ છે.

અરજદાર અપીલ અરજી સંદર્ભે સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારીશ્રીઓ (૧) નાયબ આરોગ્ય અધિકારી (૨) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (૩) ગુમાસ્તાધારા નિરીક્ષક અને જાહેર માહિતી અધિકારી (૪) આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી તેઓનો પક્ષ/ પૂર્તતા રીપોર્ટ રજુ કરવા જણાવેલ જેના અનુસંધાનમાં આકારણી અધિકારીએ તેમના પત્ર નં. એ.આર.ઓ./૦૮ તા.૨૯/૦૬/૧૨ થી અરજદારને મુદ્દા નં.૧ અને ૧૫ ની માહિતી બાબતે ઉપલબ્ધ રેકર્ડ વિપુલ પ્રમાણમાં હોય ઈન્સ્પેકશન કરી જવા તથા ત્યાર બાદ જરૂર જણાય તેની માહિતી પુરી પાડવામાં આવશે તેમ જણાવે છે. જયારે આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૧ થી ૮ તથા ૧૭ અને ૧૯ ની માહિતી આપવામાં આવેલ છે તથા માંગેલ માહિતી પેટે નાણાં ભરવા જણાવેલ છે. જે અરજદાર ધ્વારા આજદિન સુધી ભરપાઈ કરવામાં આવેલ નથી. જયારે ગુમાસ્તા નિરિક્ષક અને જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના પત્ર નં.૧૦૨ તા.૦૨/૦૭/૧૨ થી અરજદારે માંગેલ માહિતી પૈકી તેઓને લાગત મુદ્દા નં.૧,૩,૧૪,૧૯ નો જવાબ આપેલ છે. જેમાં અરજદારે માંગેલ માહિતીનો રેકર્ડ સંયુકત હોય જોઈતી માહિતી રૂબરૂ નિરીક્ષણ કરવા માટે પત્ર મળ્યેથી દિન–૭ માં રૂબરૂ નિરીક્ષણ નિયમાનુસાર ફી ભરવાની શરતે દફતરી રેકર્ડની ચકાસણી કરી જવા જણાવેલ છે.

જયારે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીએ તેમના પત્ર નં.૩૬૫ તા.૧૧/૦૫/૧૨ થી નિયત ફોર્મેટમાં માંગેલ માહિતી નિભાવવામાં આવતી ન હોય રૂબરૂ નિરીક્ષણ માટે નિયત ફી ભરવાની શરતે નિરીક્ષણ કરી જવા જણાવેલ છે.

અરજદારને અત્રેથી પત્ર નં.૭૪૭/૨ તા.૨૦/૦૬/૧૨ થી તેમની અપીલ અરજી સંદર્ભે અન્ય કોઈ રજુઆત કે નારાજગી હોય કે અપીલ સમય દરમ્યાન માહિતી મળેલ હોય તો તે અંગે જરૂરી રજુઆત પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જેના અનુસંધાનમાં આજદિન સુધી કોઈ રજુઆત અરજદાર ધ્વારા કરવામાં આવેલ નથી.

અરજદારને જાહેર માહિતી અધિકારીઓના પત્ર ધ્વારા ઈન્સ્પેકશન કરી જવા અને માંગેલ માહિતી પેટે નાણાં ભરી જવા પત્રો ધ્વારા જણાવેલ છે. અરજદારે તે બાબતે નાણાં ભરી જવા પત્રો ધ્વારા જણાવેલ છે. અરજદારે

તે બાબતે નાણાં ભર્યાના કોઈ પુરાવા રજુ કરેલ નથી તેમજ ઈન્સ્પેકશન પણ કરવામાં આવેલ હોવાનું જણાતું નથી. જેથી અરજદાર જો માહિતી મેળવવા ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીઓના પત્ર અનુસંધાને માહિતીની નકલો મેળવવા માટે નાણાં ભરપાઈ કરે અને રૂબરૂ નિરીક્ષણના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીનો અગાઉથી સમય મેળવી પ્રત્યક્ષ નિરીક્ષણ કરી શકે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી બાબતે જાહેર માહિતી અધિકારીઓએ નાણાં ભરવાની જાણ કરતો પત્ર તથા રૂબરૂ નિરક્ષણ માટે કચેરીનો સંપર્ક કરવાની જાણ કરતા પત્રો પાઠવવામાં આવેલ છે. અપીલના પૂર્તતા રીપોર્ટ બાબતે પણ અરજદારે કોઈ રજુઆત કરેલ નથી. જેને ધ્યાને લેતા અરજદારને જાહેર માહિતી અધિકારીઓ સમય મર્યાદામાં જવાબ પાઠવેલ છે. તેઓ ધ્વારા સુચના મુજબ માંગેલ માહિતીની નકલો મેળવી શકે છે અને પ્રત્યક્ષ નિરીક્ષણ માટે જાહેર માહિતી અધિકારીઓનો અગાઉથી સમય મેળવી અરજદાર ઈચ્છુક હોય નિરીક્ષણ કરી જોઈતી માહિતી આરટીઆઈ નિયમ–૫ કલમ(૧)(૨)(ક) મુજબ જરૂરી ફી ભરવાની શરતે કરી શકે ત્યાર બાદ મળેલ માહિતીથી નારાજ હોય તો ફરીથી રજુઆત કરવા સ્વતંત્ર છે. હાલ પુરતું અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૧૨૩
તા.૨૩/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.     તા.................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.ર૩/૦પ/૧ર (આઈ.ડી.નં.૧૧૯/૬૦૦/રરર૩) ની અરજીના અનુસંધાનમાં અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦ર/૦૭/૧ર SMC/FAP/નં ૪૯/ર૦૧ર–૧૩

અરજદાર તેઓની તા.ર૩/૦પ/૧ર (આઈ.ડી.નં.૧૧૯/૬૦૦/રરર૩) ની મુળ અરજી ઉધના ઝોનમાં કરવામાં આવેલ. જે અરજી ઉધના ઝોન ધ્વારા પત્ર નં.ર૧ર તા.ર૮/૦પ/૧ર થી સેન્ટ્રલ ઝોનને તબદીલ કરવામાં આવેલ જેમાં અરજદારે (૧) ઈમ્પેકટ ફી નું પરિપત્ર આવ્યુ ત્યારથી આજદિન સુધીમાં ગેરકાયદેસર બાંધકામોમાં આપેલ નોટીસ આપ્યા બાદ કાર્યવાહી ના કરેલ હોય તો જે તે જવાબદાર અધિકારીના નામ, હોદ્દા સહિતની વિગતો આપવી. (ર) ઈમ્પેકટ ફી ના નિયમ બાદ જો કોઈ ગેરકાયદેસર બાંધકામ ઉભા થાય તો તેના માટે જવાબદારી ફીકસ કરેલ હોય તેવો કોઈ પણ કરાવી અથવા પરિપત્ર આવેલ હોય તો તેની નકલ આપવી. (૩) ઉપરોકત ગેરકાયદેસર બાંધકામ બાબતે ઈમ્પેકટ ફી ની કટ ઓફ ડેટ બાદથી આજદિન સુધી ગેરકાયદેસર બાંધકામો તેમજ તેના માટે જવાબદાર અધિકારી વિરૂધ્ધ કોઈ પણ ફરીયાદ અથવા તેમની કચેરી ધ્વારા કોઈ પગલા, કારણદર્શક નોટીસ અથવા અન્ય કોઈ કાર્યવાહી કરેલ હોય તો તેની નકલો સહિત માહિતી આપવી તેમજ નોટી આપ્યા બાદ કોઈ જ કાર્યવાહી વિરૂધ્ધ કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો તેમજ કોઈ કાર્યવાહી ન કરેલ હોય તો તેના ક્રોસ કરેલા તેમજ તે જવાબદાર અધિકારીના નામ, હોદ્દા સહિતની વિગતો આપવી વિગેરેની માહિતી માંગેલ. અરજદારે તેઓની તા.૦ર/૦૭/૧ર ની પ્રથમ અપીલ નં.૪૯ થી કરવામાં આવેલ.

અરજદારે અપીલ તબકકે આજદિન સુધી કોઈ માહિતી મળેલ નથી. જેથી માંગેલ માહિતી વિના મુલ્યે પૂરી પાડવા તથા જાહેર માહિતી અધિકારી વિરૂધ્ધ કલમ ર૦(૧) તથા ર૦(ર) મુજબ કાર્યવાહી કરવાની માંગણી કરેલ છે.

અરજદારની અપીલ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને પત્ર નં.૯૮૬/ર તા.૦૯/૦૭/૧ર ના રોજ પત્ર ધ્વારા અરજદારની મુળ અરજી સંદર્ભે થયેલ કાર્યવાહીના પુરાવા સહિત પૂર્તતા રીપોર્ટ મોકલી આપવા જણાવેલ. જેના સંદર્ભે તેઓના પત્ર નં.૧૦ર૧ તા.૧૧/૦૭/૧ર થી જવાબ પાઠવેલ છે. જેમાં તેઓ ધ્વારા અરજદારને તેઓની તા.ર૩/૦પ/૧ર ની મુળ અરજી બાબતે પત્ર નં.૭૯ર તા.રર/૦૬/૧ર થી માંગેલ માહિતીનો પ્રત્યુતર આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ ની માહિતીમાં માંગેલ નોટીસની સંખ્યા તથા થયેલ કાર્યવાહીની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપરથી મળી શકશે તેમ જણાવેલ છે. જયારે મુદ્દા નં.ર માં ઈમ્પેકટ ફી બાદ ગેરકાયદેસર બાંધકામ માટે જવાબદારી અંગેના પરિપત્રની નકલ રૂા.ર/– ભર્યેથી મળી શકશે તેમ જણાવેલ છે. જયારે મુદ્દા નં.૩માં ઉપરોકત ગેરકાયદેસર બાંધકામ બાબતે ઈમ્પેકટ ફી ની કટ ઓફ ડેટ બાદથી આજદિન સુધી ગેરકાયદેસર બાંધકામો તેમજ તેના માટે જવાબદાર અધિકારી વિરૂધ્ધ કરવામાં આવેલ કાર્યવાહીની વિગત તેમજ તેની ક્રોસ કરેલા જવાબદાર અધિકારીના નામ, હોદ્દા સહિતની વિગતની માંગણી કરેલ છે. જેના પ્રત્યુતર આપેલ છે.

જયારે અરજદારને તેઓને પત્ર નં.૯૮૬/૧ તા.૦૯/૦૭/૧ર થી તેઓની અપીલ સંદર્ભે અન્ય કોઈ નારાજગી હોય કે અપીલ સમય દરમ્યાન માહિતી મળેલ હોય તો તે સંબધે પુરાવા સહિત રજુઆત કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં અરજદાર ધ્વારા તા.ર૦/૦૭/૧ર ના પત્ર ધ્વારા જાહેર માહિતી અધિકારીનો પત્ર તા.૦ર/૦૭/૧ર સુધી મળેલ નથી તેમજ પત્ર મળયા બાદ માહિતી અધુરી અને ગેરમાર્ગે દોરનારી પૂરી પાડેલ છે. જેથી યોગ્ય તે નિર્ણય આપવા વિનંતી કરેલ છે. જેમાં અરજદારે પત્ર નં. ૭૯ર તા.રર/૦૬/૧ર નો જાહેર માહિતી અધિકારીનો પત્ર તથા

પૂર્તતા રીપોર્ટ માંગવા પત્ર નં.૯૮૬/૧ તા.૦૯/૦૭/૧૨ નો પત્ર રજુ કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા મોકલાવેલ પત્ર તેમને કયારે મળ્યો તેના કોઈ પુરાવા રજુ કરેલ નથી.

જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને તા.૨૩/૦૫/૧૨ ની મુળ અરજી બાબતે તા.૨૨/૦૬/૧૨ ના રોજ જવાબ આપેલ હોવાનું જણાય છે. જયારે મુદ્દા નં.૧ ની માહિતી વેબસાઈટ ઉપર ઉપલબ્ધ હોવાનું જણાવેલ છે. જે અરજદાર જણાવેલ વેબસાઈટ ઉપરથી મેળવી શકે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જવાબમાં જણાવેલ નોટીસની નકલો તથા થયેલ કાર્યવાહીની વિગતો નિયમોનુસાર ફી ભરવાની શરતે મેળવી શકે છે અથવા વેબસાઈટ ઉપરથી પ્રિન્ટ આઉટ કરી મેળવી શકે છે. જયારે મુદ્દા નં.૨ ની માહિતી રૂા.૨/–ભરપાઈ કર્યેથી મળી શકશે. તેમ જાહેર માહિતી અધિકારીએ તેમના જવાબમાં જણાવેલ છે. જે અંગે અરજદારે નાણાં ભર્યાના કોઈ પુરાવા રજુ કરેલ નથી. અરજદાર ઈચ્છુક હોય તો રૂા.૨/– ભરી માંગેલ માહિતીની નકલ મેળવી શકે છે. જયારે અરજદારે મુદ્દા નં.૩ માં ઈમ્પેકટ ફી ની કટ ઓફ ડેઈટ બાદના ગેરકાયદેસર બાંધકામ સંબધિત અધિકારીઓ ઉપર થયેલ કાર્યવાહીની માહિતી માંગેલ છે. જે બાબતનો રેકર્ડ ઉપલબ્ધ નથી. તે રીતનો જવાબ અરજદારને પાઠવવામાં આવેલ છે. અરજદારે ઈમ્પેકટ ફી ની કટ ઓફ ડેઈટ બાદના ગેરકાયદેસર બાંધકામ બાબતે જે તે અધિકારી વિરૂધ્ધ થયેલ કાર્યવાહી / ફરીયાદની નકલની માંગણી કરેલ છે તથા તેના નામ હોદ્દાની વિગત માંગેલ છે. અરજદારે માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તે રીતના જાહેર માહિતી અધિકારીના મળેલ જવાબથી અરજદાર નારાજ હોય તો જાહેર માહિતી અધિકારીનો અગાઉથી સમય મેળવી ઉપલબ્ધ રેકર્ડની પ્રત્યક્ષ નિરીક્ષણ આરટીઆઈ એકટ અન્વયે જરૂરી ફી ભરવાની શરતે કરી શકે છે અને જાહેર માહિતી અધિકારએ ઈમ્પેકટ ફી ના કાયદા બાદ ગેરકાયદેસર બાંધકામ બાબતે જવાબદાર અધિકારી સામે જો કોઈ કાર્યવાહી થયેલ હોય તો તે ખરાઈ અર્થે ઉપલબ્ધ રેકર્ડનું પ્રત્યક્ષ નિરીક્ષણ આરટીઆઈ એકટ અન્વયે જરૂરી ફી ભરવાની શરતે અરજદાર કરી શકે છે અને અરજદારની તેવી માંગણી થયેથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર મુદ્દા નં.૩ બાબતે જો કોઈ રેકર્ડ ઉપલબ્ધ હોય તો નિયમ– ૫ મુજબ અરજદારે ફી ભરવાની શરતે ઉપલબ્ધ રેકર્ડનું પ્રત્યક્ષ નિરીક્ષણ આપવા અંગે જણાવવામાં આવે છે. અરજદારે આરટીઆઈ એકટની કલમ ૨૦/૧ તથા ૨૦/૨ જાહેર માહિતી અધિકારી સામે કાર્યવાહી કરવાની માંગણી કરેલ છે. જે આરટીઆઈ એકટ મુજબ પ્રથમ અપીલ અધિકારીને આ બાબતે કોઈ કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવેલ નથી.

## –:હુકમ:–

અરજદારને સમય મર્યાદામાં જવાબ જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ છે. મુદ્દા નં.૧ ની માહિતી વેબસાઈટ ઉપરથી મેળવી શકે છે અથવા જાહેર માહિતી અધિકારી પાસેથી નકલ દીઠ રૂા.૨/– ની ભરપાઈ કરી નોટીસ / થયેલ કાર્યવાહીની નકલો મેળવી શકે છે. મુદ્દા નં.૨ ની માહિતી જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર રૂા.૨/– ની ફી ભરી મેળવી શકે છે. જયારે મુદ્દા નં.૩ આપને અરજદાર ઈચ્છુક હોય તો નિયમોનુસાર ફી ભરવાની શરતે રેકર્ડનું પ્રતયક્ષ ચકાસણી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરનો અગાઉથી સમય મેળવી કરવા સ્વતંત્ર છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૧૫૬
તા.૨૫/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |

અપીલ અરજી નં. તા.................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૪/૦૫/૧૨ (આઈ.ડી.નં.૩૦૫) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૭/૦૭/૧૨ SMC/FAP/નં ૫૨/૨૦૧૨–૧૩

અરજદાર તેઓની તા. ૨૧/૦૫/૧૨ ની (આઈ.ડી.નં.૩૦૫) મુળ અરજીથી (૧) વોર્ડ નં ૯/૧૯૬૭,૧૯૬૮ વાળી મિલકતના મંજૂર પ્લાન. (૨) પ્લાન મંજૂર કરનાર અધિકારી ના નામ. (૩) મંજૂર પ્લાન મુજબ બાંધકામ થાય છે તે બાબતે સ્ટાફ ધ્વારા કેટલીકવાર સ્થળની મુલાકાત લીધી તેની વિગત. (૪) પ્લાન કયા હેતુ માટે થયેલ છે. (૫) પ્લાન વિરૂધ્ધ હોય તો કેવા પગલા સુ.મ.પા ધ્વારા ભરવામાં આપ્યા તેની વિગત તેમજ ભર્યા ન હોય તો શા માટે નથી ભર્યા તે સહિત જણાવવા અંગેની માહિતી માંગેલ છે.

અરજદારને જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા પત્રના ૭૧૨ તા– ૧૮/૦૬/૨૦૧૨ થી સમય મર્યાદામાં રેકર્ડ ઉપલબ્ધ નથી તે રીતનો તેમજ કારણો /અભિપ્રાય આપવાના રહેતા નથી. તે રીતનો જવાબ પાઠવવામાં આવેલ છે.

અરજદાર ને મળેલ જવાબથી નારાજ થઈ અપીલ અરજી તા –૧૮/૬/૨૦૧૨ ના રોજ કરેલ છે. જેના અનુસંધાને પત્રનં ૯૮૭/૧ તથા ૯૮૭/૨ તા ૯/૭/૧૨ ના પત્ર ધ્વારા ડે.ઈજનેર અને જા.મા. અધિકારી તેમજ અરજદારને અપીલ સંદર્ભે અન્ય કોઈ રજૂઆત હોય તો પુરાવા સહિત રજૂઆત કરવા જણાવેલ.

જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર તેમના પત્ર નં ૧/૨૦ તા.૧૧/૭/૨૦૧૨ થી મૂળ અરજી ની નકલ,નોંધ વિભાગ તથા આપેલ પ્રત્યુતર ની નકલ મોકલવવામાં આવેલ છે. જયારે અરજદારે તેઓના તા.૧૬/૭/૨૦૧૨ ના પત્રમાં ગેરકાયદેસર બાંધકામ ની જાણ થયેલ હોવા છતા કોઈપણ પ્રકારની તપાસ કે કાર્યવાહી ન કરી ગેરકાયદેસર બાંધકામ ને છાવરી પ્રોત્સાહન આપવામાં આવેલ છે તથા આ બાબતે બાંધકામ કરનારને નોટિસ આપવામાં આવેલ નથી સદર બાંધકામ ગેરકાયદેસર બંધાયેલ હોય જરૂરી કાર્યવાહી કરી ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા માટે જ અપીલ અરજી કરવામાં આવેલ જણાય છે અને તેના પૂરાવા તરીકે અરજદારે સદર મિલકતના બાંધકામ અંગેના ફોટા રજૂ કરેલ છે અને માર્જીન છોડયા વગર બાંધકામ ચાલી રહેલ હોય ભવિષ્ય માં હવા ઉજાસ ની તકલીફ પડી શકે તેમ હોય અપીલ સંદર્ભે ધતિત કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે.

અરજદાર ની મૂળ અરજી ધ્વારા મિલકત નં.૯/૧૯૬૭ ની બાંધકામ બાબતની માહિતી માંગેલ જે સંદર્ભે આરટીઆઈ એકટ ના નિયમ અનુસાર ઉપલ્બધ રેકર્ડ ની માહિતી આપવાની રહે છે. અરજદાર ની મૂળ માંગણી સદર મિલકત માં ચાલતા બાંધકામ બાબતની છે.મિલકત ધારક ધ્વારા પ્લાન મંજૂર કરવામાટે રજૂ કરેલ ન હોય રેકર્ડ પર ઉપલ્બધ નથી તે રીતનો જવાબ જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નં. ૫ થી શા માટે પગલા ભર્યા નથી તેના કારણ જણાવવાની માંગણી કરેલ છે. જે આરટીઆઈ એકટ સાથે સુસંગત નથી. આરટીઆઈ ના નિયમ મુજબ ઉપલ્બધ રેકર્ડની માહિતી આપવાની જોગવાઈ છે. જે મુજબ અરજદારે માંગેલ માહિતી ઉપલ્બધ ન હોવા અંગેના જવાબ થી અસંતોષ હોયતો અરજદાર જાહેર માહિતી અધિકારીનો અગાઉથી સમય મેળવી ઉપલ્બધ રેકર્ડનું નિરીક્ષણ કરી શકે છે.

અપીલ તબકકે અરજદારે રજૂ કરેલ પૂરાવા (ફોટા) મૂજબ  બાંધકામ ચાલુ રહેલુ છે. જે માટે કોઈ પ્લાન મંજૂર કરવામાં આવેલ નથી કે તે બાબતે કોઈ નોટીસ કે બાંધકામ દૂર કરવા અંગે કાર્યવાહી કરેલ નથી. જેથી પ્રથમ અપીલ કરવામાં આવેલ હોવાનું જણાયેલ છે.

અરજદારની મૂળ અરજી તથા  અપીલ તબકકે કરેલ રજૂઆત તેમને મળેલ માહિતી બાદની કાર્યવાહી કરવા અંગેની છે. અરજદાર માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી  ધ્વારા પૂરી પાડવામાં આવેલ છે. જે મૂજબ અપીલ તબકકે ચાલુ બાંધકામ ના ફોટા રજૂ રી વોર્ડનં.૯/૧૯૬૭ વાળી મિલકત ના પરવાનગી મેળવ્યા વિના બાંધકામ અંગે લાગત સક્ષમ સતાધીશ સમક્ષ અલગથી અરજદારે રજૂઆત કરવાની રહે છે અને તેમ કરવા માટે તેઓ સ્વતંત્ર છે.

**–:હુકમ :–**

અરજદારે માંગેલ માહિતી ઉપલ્બધ રેકર્ડ ના આધારે જાહેર માહિત અધિકારી  અને ડે.ઈજનેર ધ્જારા પૂરી પાડેલ હોય.સદર મિલકતમાં ચાલતા ગેરકાયદેસર બાંધકામ બાબતે આરટીઆઈ એકટ અન્વયે અપીલ લેવલે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. ગેરકાયદેસર ચાલી રહેલ બાંધકામ બાબતે અરજદાર મળેલ માહિતી અને ફોટા પૂરાવા તરીકે રજૂ કરી સક્ષમ સતાધીશ સમક્ષ અલગ થી રજૂઆત કરવાની રહે છે અને તેમ કરવા તેઓ સ્વતંત્ર છે. હાલ ના તબકકે અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૩૬૫
તા.૧૬/૦૮/૧૨

(ડી.આર.ગોહિલ)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧)	પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |
|---|---|---|

અપીલ અરજી નં.      તા.................

સામાવાળા :– (૧) આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી
(૨) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૫/૦૫/૧૨ (આઈ.ડી.નં.૨૩૯) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– (૧) અપીલ નં. SMC/FAP/નં ૪૪/૨૦૧૨–૧૩
(૨) સી.ઝેડ/આરટીઆઈ/આ/ નં.૧૦૩૨ તા. ૧૩/૦૭/૧૨

અરજદારે તેઓ તા.૧૫/૫/૨૦૧૨ ની મૂળ અરજી અન્વયે તા.૨૫/૭/૨૦૧૨ ના રોજ પ્રથમ અપીલ કરેલ જેમાં અરજદારે અપીલ તબકકે મૂળ અરજી સંદર્ભે પત્ર નં ૮૪૧/૧ તા.૨૭/૬/૨૦૧૨ થી દિન–૫ માં પૂર્ણતા રિપોર્ટ આપવા જણાવેલ ને સમયે અરજદાર ધ્વારા કોઈ રજૂઆત કરવામાં આવી નથી.

અરજદારે અપીલ તબકકે મૂળ અરજી થી માંગેલ માહિતી અલાયદી રીપેરીંગની અરજી કરનાર ધ્વારા ખોટા–પૂરાવા રજૂ કરી સૂ.મ.પા સાથે છેતરપીંડી કરેલ હોય ફોજદારી રાહ ફરીયાદ કરવા /કરાવવા રજૂઆત કરેલ છે. જે ધ્યાને લઈ હૂકમ નં ૧૦૩૨ થી અરજદારની અરજી દફતરે કરવાનો હૂકમ કરેલ ત્યારબાદ અરજદારે તેઓના તા.૧૯/૭/૨૦૧૨ ના પત્ર ધ્વારા બાકી મુદ્દા નં ૧,૨,૩ ની માહિતી મળેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તથા અપીલ તબકકે પાઠવેલ પત્ર ને ધ્યાને લેતા જેતે સમયે કોઈ રજૂઆત કરેલ નથી. જેથી તેમની અરજી દફતરે કરવાના હૂકમ મળ્યા બાદ તેમણે ફરીથી તા.૧૯/૭/૨૦૧૨ ના રોજ રજૂઆત કરેલ છે.

અરજદારને અપીલ તબકકે પૂરતા રિપોર્ટ મોકલવા અમે જાણ કરતો પત્ર મળેલ પરંતુ તે સમયે તેમણે કોઈ રજૂઆત કરેલ નથી તેમ છતાં RTI એકટ ૨૦૦૫ ના કાયદા ના મૂળભૂત હાર્દને ધ્યાન માં લેતા મુદા નં ૧થી ૩ ની માહિતી અરજદાર મળેલ નથી તેમ જણાયેલ છે. જે માહિતી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએ પૂરી પાડવાની રહે છે. અરજદારને તા.૩૦/૦૬/૨૦૧૨ ના રોજ રૂબરૂ સૂનવણી સમયે મિલકત ને આપવામા આવતા ટેનામેન્ટ નંબર ફકત આકારણી વિભાગ ધ્વારા મિલકતની ઓળખ માટે વેરા વસુલાતની સરળતા માટે કોમ્પ્યુટર પ્રોગામને આધીન આપવામાં આવે છે. જયારે શહેર વિકાસ વિભાગ ધ્વારા આપવામાં આવતી મંજૂરી સમયે મિલકતનો સીટી સર્વે ના રેકર્ડ ઉપર ચાલતા નંબરને ધ્યાને લેવા માં આવે છે. જે અરજદારે ધ્યાને લેવા વિનંતી.

## હુકમ

અરજદારની પ્રથમ અપીલ તથા તે અન્વયે થયેલ હૂકમ બાદ તા.૧૯/૭/૨૦૧૨ ના પત્રને ધ્યાને લેતા અરજદારે માંગેલ મુદ્દા ૧ થી ૩ ની માહિતી અરજદાર RTI એકટ ની કલમ ૭/૬ અન્વયે દિન–૭ માં પૂરી પાડવા ડે.ઈજનેર ને જાહેર માહિતી અધિકારી ને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૦૩૨
તા.૩૧/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| RIGHT TO INFORMATION | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |
|---|---|---|

અપીલ અરજી નં.  તા.................

સામેવાળા : – જાહેરમાહિતી અધિકારી અને ડે. ઈજનેર

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૮/૦૫/૧૨ (આઈ.ડી.નં.૬૯) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૫/૦૫/૧૨ SMC/FAP/નં.૨૨/૨૦૧૨–૧૩

અરજદાર તા.૨૧/૦૩/૨૦૧૨ (આઈડી. નં.૬૯) ની મૂળ અરજી બાબતે તેઓનાં તા.૨૧/૦૫/૨૦૧૨ નાં પત્ર ધ્વારા માંગેલ માહિતી સમયમર્યાદા બાદ મળેલ હોય, માંગેલ માહિતીની નકલ વિના મુલ્યે આપવા અંગે હુકમ કરવા પ્રથમ અપીલ કરેલ છે.

અરજદારની અપીલ અરજી આરટીઆઈ વિભાગના પત્ર નં.૩૭૭, તા.૨૪/૦૫/૨૦૧૨ થી અત્રેની કચેરીને મળેલ જે અન્વયે પત્ર નં.૫૧૩/૨ તા.૨૮/૦૫/૨૦૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરને તેમનો પૂર્તતા રિપોર્ટ દિન – ૫ માં મોકલી આપવા જણાવેલ. જેના અનુસંધાનમાં જાહેરમાહિતી અધિકારી ધ્વારા કોઈ જવાબ મળેલ નથી. જયારે અરજદારને પત્ર નં.૫૧૩/૧ તા.૨૮/૦૫/૨૦૧૨ થી દિન – ૫ માં અપીલ સમય દરમ્યાન જવાબ મળેલ હોય કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત રજુઆત કરવા જણાવેલ. અરજદાર ધ્વારા પણ જે તે સમયે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી.

અરજદાર અને જાહેર માહિતી અધિકારીને તા.૩૦/૬/૨૦૧૨ નાં રોજ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. તે સમયે અરજદાર ધ્વારા માંગેલ માહિતીનો પત્ર મળેલ છે. જેમાં નકલનાં નાણા ભરવા જણાવેલ છે. અરજદારને તા.૨૧/૦૩/૨૦૧૨ ની મૂળ અરજી બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર ધ્વારા તા.૦૪/૦૫/૨૦૧૨ થી જવાબ પાઠવવામાં આવેલ. જેમાં કુલ રૂા.૧૫૪/– ભર્યેથી નકલ મળી શકશે તેમ જણાવેલ છે. અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા ૩૦ દિવસની સમય મર્યાદા બાદ જવાબ પાઠવવામાં આવેલ છે. જેથી પત્રમાં જણાવેલ નોટીસનો નકલો તથા બી.પી.એમ.સી. એકટની કલમ – ૨૬૪, ૨૬૫, ૨૬૬ ની કુલ પાના નં.૭૪ ની નકલો વિના મુલ્યે પુરી પાડવા હુકમ કરવા જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર ધ્વારા અરજદારે માંગેલ માહિતીનો જવાબ સમય મર્યાદા બાદ આપેલ હોય, જવાબમાં જણાવેલ નોટીસના પાના નંગ – ૭૪ તથા બી.પી.એમ.સી. એકટ ના પાના નંગ – ૩ મળી કુલ પાના નંગ – ૭૭ અરજદારને વિના મૂલ્યે પુરા પાડવાના રહે છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી તથા રૂબરૂ સુનાવણી સમયે કરેલ રજુઆતને ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર ધ્વારા અરજદારે માંગેલ માહિતીની નકલો આરટીઆઈ એકટની કલમ ૭(૬) અન્વયે દિન – ૭ માં પૂરી પાડવા જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૨૦૦
તા.૨૧/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| RIGHT TO INFORMATION | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |
|---|---|---|

અપીલ અરજી નં.      તા................

સામેવાળા : – જાહેરમાહિતી અધિકારી અને પસોનેલ ઓફિસર

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૯/૦૫/૧૨ (આઈ.ડી.નં.૩૫૯) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૬/૦૭/૧૨ SMC/FAP/નં.૫૪/૨૦૧૨–૧૩

અરજદાર ધ્વારા તેઓની તા–૨૯/૫/૨૦૧૨ (આઈ.ડી–૩૫૯) ની અરજી થી સૂરત મહાનગર પાલિકા ના સેન્ટ્રલ ઝોનમાં ફરજ બજાવતા પર્સોનલ ઓફિસર અને આસી. ઓફિસર પાસે માંગેલ માહિતીની રૂબરૂ ચકાસણી માટે આવેલ તે સમયે (૧) પાણી માંગતા અરજદારને પાણી પીવા માટે કુલરની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ત્યાં જઈને પાણી લેવુ તેવો જવાબ આપેલ અને પટાવાળા હોવા છતા પાણી ન પીવડાવી તેઓનું અપમાન કરવામાં આપેલ છે. (૨) તેઓની શૈક્ષણિક લાયકાતની માર્કશીટની નકલ (૩) તેમની નિમણૂંક કયા આધારે થયેલની માહિતી (૪) સર્વિસ નોંધપોથી ની નકલ(૫) ફકત અંગ્રેજી જાણે છે. ગુજરાતી જાણી શકતા નથી(૬) બનાસકાંઠા ના હોય તેમના પોલીસ રેકર્ડ ની નકલ (૭) જાહેરાતના અનુસંધાનમાં ભરેલ અરજીપત્રકની નકલ (૮) રોસ્ટર પધ્ધતિ નિભાવવામાં આવતી ન હોય તે એગંની માહિતી તથા તેના નિકાલની નકલની માંગણી કરેલ છે.

અરજદાર ની અપીલ અરજી સંદર્ભે પત્ર નં ૧૦૭૮૧ થી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર શ્રી ને દિન ૫.માં પૂર્તતા રીપોર્ટ મોકલી આપવા જણાવેલ જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારે માંગેલ માહિતીનો જવાબ પત્ર નં સીઝેડ/આર ટી આઈ/આઉટ/૫૯૧/ તા–૨/૬/૨૦૧૨ થી અરજદાર ને પાઠવેલ જેમાં મુદ્દા નં ૨,૩,૬,૭, અને ૮ માહિતી પત્ર નં ૫૪૬ થી લાગત મધ્યસથ મહેકમ વિભાગ અને ડી.વાય. એસ.પી બનાસકાંઠાને તબદીલ કરવામાં આવેલ છે. જયારે મુદા નં'૧અને ૪ બાબતે પ્રત્યક્ષ નીરીક્ષણ પૂરી પાડી માંગેલ માહિતીની નકલો પણ આપવામાં આવેલ છે. જે અન્વયે અરજદાર ધ્વારા તેમના ૬/૬/૨૦૧૨ ના પત્ર ધ્વારા પ્રત્યક્ષ તપાસણી કરેલ જે મુજબ અરજદાર તા–૧૯/૬/૨૦૧૨ ના રોજ પર્સોનેલ ઓફિસર શ્રી એચ.એસ.ભાવસાર ની સર્વિસ બુકની તાપસણી કરેલ છે તે સિવાય કોઈ માંગણી કરેલ નથી તે બાબત ના પત્રની નકલ રજૂ કરેલ છે. જે મુજબ અરજદાર ને રૂબરૂ તપાસણી તથા ત્યારબાદ માંગેલ માહિતી ની નકલો પૂરી પાડવામાં આવેલ છે. તે સંબધે અરજદાર ને કોઈ ફરીયાદ કે રજૂઆત નથી.

અરજદારે તેમની અરજી બાબતે તા–૧૬/૭/૨૦૧૨ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારે અપીલ તબકકે તેમણે માંગેલ માહિતી મૂળભૂત રીતે પર્સોનેલ ઓફિસરશ્રી અંગે ની છે. જે તમામ માહિતી તેમને મળી ગયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ અરજદારની અપીલ તબકકે મૂળ રજૂઆત જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદાર ને પાણી માંગ્યા છતા આપવામાં આપેલ નથી અને ઉધ્ધર્ત વર્તન કરી અપમાનીત કરવામાં આવેલ હોવાની છે.

અરજદારને જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર ધ્વારા માંગેલ માહિતી નો જવાબ પૂરેપૂરો આપેલ છે અને આર.ટી. એકટ ની કલમ –૨(૬) મુજબ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ રેકર્ડ ની જ માહિતી આપવાની હોય તેમ છતાં આર ટી આઈ કાયદાના હાર્દ અને મૂળભૂત હેતુને ધ્યાનમાં લઈ તેમને જવાબ આપેલ છે અને તે ધ્વારા જાહેર માહિતી અધિકારી એ તેમના જવાબમાં સરકાર ની સ્થાયી સુચના અનુસાર પ્રત્યેક કચેરીમાં પાણીની સ્થાયી વ્યવસ્થા કરાવવાની રહે છે. તે રીતે સેન્ટ્રલ ઝોનમાં જાહેર જનતા માટે પાણીની વ્યવસ્થા કરેલ છે. તે રીતની સમજ આપતો જવાબ અરજદાર ને પાઠવવામાં આવેલ છે.

આર.ટી.આઈ એકટ મુજબ અપીલ અધિકારીને અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીના જવાબો અરજદારને મળેલ ન હોય કે નારાજગી હોય તો અપીલ કરી શકે છે. લાગત કિસ્સામાં અરજદારે અપીલ તબકકે

તેમણે માંગેલ તમામ માહિતી ઓ જાહેર માહિતી અધિકારી  અને પર્સોનેલ ઓફિસર ધ્વારા સરળ ભાષામાં,સમજાય તે રીતે પૂરી પાડવામાં આવેલ છે. જેથી અપીલ તબકકે કોઈ કાર્યવાહી  કરવાની રહેતી નથી.

# હુકમ

અરજદારની મૂળ અરજી ,અપીલ અરજી ને ધ્યાને લેતા માંગેલ માહિતી અરજદાર ને પૂરી પાડવામાં આપેલ છે.અપીલ તબકકે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય જેથી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૨૪૭
તા.૩ /૦૮/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર જાણ તથા અમલ માટે.

| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |
|---|---|---|

અપીલ અરજી નં.    તા.................

સામેવાળા : – જાહેરમાહિતી અધિકારી અને ડે.ઈજનેર

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૯/૦૬/૧૨ (આઈ.ડી.નં.૫૦૨) ની અરજીના અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૭/૦૭/૧૨ SMC/FAP/નં.૫૫/૨૦૧૨–૧૩

અરજદાર ની તા–૧૯/૬/૨૦૧૨ થી મૂળ અરજી ધ્વારા વોર્ડ ને ૭/૨૮૨ / વાળી મિલકતની બાંધકામની રજા ચિઠ્ઠી ની નકલ,મંજૂર કરેલ પ્લાનની નકલ, સુરત મહાનગરપાલિકા ધ્વારા સદર બાંધકામ મંજૂર પ્લાન મુજબનું થયેલ છે, તે બાબતના સર્ટીની નકલ તથા બી.યુ.સી ની નકલની માંગ કરેલ છે.

અરજદારની તેમને મળેલ જવાબથી નારાજ થઈ તા–૧૭/૭/૨૦૧૨ ના રોજ પ્રથમ અપીલ કરવામાં આવે છે. તેમ અપીલ તબકકે જણાવેલ છે. અપીલના અનુસંધાનમાં અત્રે થી પત્ર નં ૨૦૦૮/૧ તા–૨૧/૭/૨૦૧૨ થી અરજદારને દિન.૫ માં તેમની નારાજગી અંગે પુરાવા સહિત અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવા માં આવેલ જેના અનુસંધનમાં આજ દિન સુધી કોઈ રજૂઆત અરજદાર ધ્વારા કરવામાં આવેલ નથી જયારે પત્ર નં. ૨૦૦૮/૨ ના ૨૧/૬/૨૦૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ને અપીલ સંદર્ભે તેઓનો પૂર્તતા રીપોર્ટ મોકલી આપવા જણાવેલ જે અન્વયે તેઓ ધ્વારા અરજદાર ને પત્ર નં. ૮૩૬ તા ૨૧/૭/૨૦૧૨ થી સમય મર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ છે. તથા આ પત્ર માંઅરજદારે માંગેલ માહિતી પેટે નિયમાનુસાર નાણાં ભરપાઈ કરવા જણાવેલ છે. અરજદારે માંગેલ માહિતી આપેલ હોય કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તેમ જણાવેલ છે.

અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય મર્યાદા માં જવાબ પાઠવવામાં આવેલ છે તથા અરજદારે માંગેલ માહિતી મંજૂર પ્લાનની નકલો માટે નિયત ફી ભરપાઈ કરવા જણાવેલ છે. અરજદાર ધ્વારા જાહેર માહિતી અધિકારી ના પ્રસ્તાવ અનુસાર નિયત ફી ભરપાઈ કરવામાં આપેલ હોવાનું જણાતું નથી. અરજદાર ઈચ્છુક હોય તો નિયત ફી ભરપાઈ કરી માંગેલ માહિતી ની નકલો મેળવી શકે છે. અરજદારે અપીલ તબકકે પણ કોઈ અન્ય રજૂઆત કરેલ નથી,જયારે મુદ્દા.૩ અને ૪ બાબતે માંગેલ માહિતી નો રેકર્ડ ઉપલબ્ધ નથી. તે રીત નો જવાબ પાઠવવામાં આવેલ છે. જે બાબતે અરજદારને કોઈ નારાજગી હોય તો જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરનો અગાઉ સમય મેળવી રેકર્ડની ચકાસણી કરી આપેલ જવાબની ખરાઈ કરી શકે છે. અરજદારની તેવી માંગણી થયેથી આરટીઆઈ નિયમ–૫ અનુસાર નિયત ફી ભરપાઈ કરવાની શરતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર ધ્વારા ઉપલબ્ધ રેકર્ડ નું નિરીક્ષણ આપવાનું રહેશે.

## હુકમ

જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને સમય મર્યાદામાં જવાબ પાઠવેલ છે.આરટીઆઈ કલમ–૫ અનુસાર નિયત ફી ભરી માંગેલ માહિતી ની નકલ તેમજ જરૂરી ફી ભરવાની શરતે ઉપલબ્ધ રેકર્ડ નું અરજદાર ઈચ્છુક હોય તો નિરીક્ષણ કરવા સ્વતંત્ર છે. હાલ ના તબકકે અપીલ દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૨૪૫
તા.૧૩/૦૮/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.      તા.................

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૧/૦૩/૧૨ (આઈ.ડી.નં.૨૦૬૧) ની અરજીના અનુસંધાનમાં મળેલ માહિતી ખોટી તેમજ અધુરી આપવામાં આવેલ છે.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૯/૦૫/૧૨ SMC/FAP/નં ૭/૨૦૧૨–૧૩

અરજદાર તા–૨૧/૩/૨૦૧૨ ની મૂળ (આઈડી નં. ૨૦૬૧) થી વોર્ડ ૧૨/ મિલકત નં ૧૩૫૨ ની રીપેરીંગ ની અરજી નો સ્થળ તપાસ રીપોર્ટ ,સ્ટ્રકચર નો રિપોર્ટ તથા સ્ટ્રકચર ના ફોટા ઉપર દશાર્વેલ ટેર્નામેન્ટ નંબર કોનો છે. રિપેરીગ અરજી કરનાર ના ટેર્નામેન્ટ નંબરભાડૂત સૈયદ સલીમ સૈયદ અબ્બાસ નો છે. તેનુ માપ તથા વસવાટ કર્તાનું નામ વિગેરે ની ૬ મુદ્દાની માહિતી માંગેલ.

અરજદાર ની મૂળ અરજી સંદર્ભે તા. ૧૮/૪/૨૦૧૨ ના રોજ પત્ર નં એ આર ડી/૪૬૪ થી આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા જવાબ પાઠવવામાં આવેલ છે. જેના થી નારાજ થઈ તા. ૯/૫/૨૦૧૨ ના પત્ર ધ્વારા જવાબ અરજદારે પ્રથમ અરજી કરેલ છે. અપીલ તબકકે તેમણે સ્થળ તપાસ નો રિપોર્ટ મળેલ નથી. જે આપવા તથા ટેનામેન્ટનંબર–૧૨ એ ૧૫–૦૯૮–૦૦૧ નો રિપોર્ટ આપવા જણાવેલ છે. આકારણી અધિકારી ધ્વારા અરજદારને આપેલ છે. જેનો ટેનામેન્ટ નંબર ૦૯૩૧ જણાવેલ છે. અરજદારે રિપેરીંગ થયેલ નો ટેર્નામન્ટ નંબરની તપાસ કરી તેના રિપોર્ટ ની માંગણી કરેલ છે.

અરજદાર ની અપીલ સંદર્ભે પત્રનં.૪૯૮ થી અરજદાર ને તેમની રજૂઆત પૂરાવા સહિત કરવા જણાવેલ જેના અનુસંધાન માં અરજદાર ધ્વારા કોઈ રજૂઆત/ પૂરાવા રજૂ કરેલ નથી. જયારે માહિતી અધિકારી અને આકારણી અધિકારીને પત્ર નં.૪૯૮ તા. ૧૭/૫/૨૦૧૨ ની તેઓનો પૂર્તતા રિપોર્ટ મોકલી આપવા જણાવેલ જે અન્વયે તેઓ ધ્વારા પત્ર નં.એઆરડી /૪૬૪ તા.૨૫/૫/૨૦૧૨ થી આપેલ જવાબની નકલ તથા અરજદાર ની મૂળ અરજી ની નકલ રજૂ કરેલ છે. અરજદાર તથા જાહેર માહિતી અધિકારી ને પત્ર નં.૭૮૯ તા. ૨૨/૬/૨૦૧૨ ના રોજ રૂબરૂ સૂનવણી માટે બોલવવામાં આવેલ જે સમયે અરજદારે રિપેરીંગ ની અરજી કરનારે ખોટા પૂરાવા રજૂઆત કરી રિપેરીંગ ની મંજૂરી મેળવેલ છે. ખોટો સ્ટેબીલીટી રિપોર્ટ રજૂ કરેલ છે તથા સ્ટેબીલીટી રિપોર્ટ મુજબનો સ્થળ તપાસના રિપોર્ટ ની નકલ મળેલ નથી. તેવી રજૂઆત કરેલ છે.

અરજદારને રિપેરીંગ માટે આવતી અરજી ની મંજૂરી શહેર વિકાસ વિભાગ તરફથી આપવામાં આવે છે. જયારે મિલકત નો ટેનામેન્ટ આકારણી વિભાગ તરફથી ફકત વેરા વસુલાત માટે મિલકત ની ઓળખ તથા કોમ્પ્યુટર રેકર્ડ માટે આપવામાં આપે છે. રિપેરીંગ ની મંજૂરી આપતા સમયે ટેર્નામેન્ટ નંબરની/ચકાસણી/ખરાઈ કરવામાં આવતી નથી. તે રીતની રૂબરૂ માં સમજ આપવામાં આપેલ છે.

અરજદારે માંગેલ મુદા–૧થી સ્થળ તપાસના રિપોર્ટની નકલ જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ નથી તથા સ્ટેબીલીટી મુજબ સ્થળ તપાસ કરવામાં આપેલ નથી. તે રિપોર્ટ ની નકલ અરજદારને વિના મૂલ્યે પૂરી પાડવાની રહેછે. જયારે રૂબરૂ સૂનવણી વખતે અરજદારને પાર્ટી સ્ટેટસની નકલો પૂરી પાડવામાં આવેલ છે.

# –:હુકમ :–

અરજદારની મૂળ અરજી અનુસંધાને માંગેલ માહિતી બાબતે રૂબરૂ સૂનવણી સમયે અરજદાર ને સમજ આપવામાં આવેલ છે અને પાર્ટી સ્ટેટસની ની નકલ આપવામાં આપેલ છે. જયારે સ્થળ તપાસના રિપોર્ટ ની નકલ રેકર્ડ ઉપર હોય તો કલમ ૭/૬ મુજબ દિન–૭ માં અરજદાર ને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી ને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૮૪૪
તા.૨૭/૦૬/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.     તા.................

સામાવાળા :– (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર
(૨) જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી

ફરીયાદની હકીકત :–
વિષય :– તા.૧૩/૦૬/૧૨ (આઈ.ડી.નં.૪૬) ની અરજીના અનુસંધાનમાં મળેલ માહિતી ખોટી તેમજ અધુરી આપવામાં આવેલ છે.
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૦/૦૪/૧૨ SMC/FAP/નં ૩૭/૨૦૧૨–૧૩

અરજદાર તા.૧૦/૪/૨૦૧૨ ની (આઈડીનં–૪૬) ની મૂળ અરજી વોર્ડ નં.૬/૩૦૩ વાળી મિલકત ના પ્લાન મંજૂરી ,રજા ચીઠ્ઠી,બીયુસી સર્ટી ,તથા મિલકત નંપ/૧૬૮ વાળી મિલકત ની મંજૂર પ્લાનના ફાઈલ ની તપાસણી, પ્લાન, રજાચીઠી અને બીયુસી ની નકલની માંગણી કરેલ તથા આકારણી દફતરે કોના નામે બોલેછે. તેની માહિતી માંગેલ.

અરજદારે તેમની મૂળ અરજી ના મળેલ જવાબથી નારાજ થઈ તા.૧૩/૬/૨૦૧૨ ના રોજ પ્રથમ અપીલ કરેલ છે. અપીલ તબકકે અરજદારે તા.૧૦/૪/૨૦૧૨ ના રોજ કરેલ મૂળ અરજી નો જવાબ નિયત સમય મયાર્દા બાદ મળેલ હોય જેથી ફાઈલ ની તપાસણી અને તમામ માંગેલ માહિતી ની નકલો વિના મૂલ્યે મળવા પાત્ર છે. જેથી અપીલ અરજી કરવામાં આવેલ છે.

અપીલ અનુસંધાને પત્રનં.૭૩૧/૧ તા. ૧૯/૬/૨૦૧૨ થી અરજદારશ્રી ને દિન.૫ માં તેમની અન્ય કોઈ રજૂઆત હોય તો મોકલી આપવા જણાવેલ જેના અનેસંધાનમાં કોઈ રજૂઆત અરજદાર ધ્વારા કરવામાં આવેલ નથી જયારે પત્ર નં ૭૩૧/૨ તા.૧૯/૬/૨૦૧૨ ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર અને આકારણી અધિકારી ને દિન ૫ માં તેઓના પૂર્તતા રિપોર્ટ પૂરાવા સહિત મોકલી આપવા જણાવેલ જેના અનુસંધાન માં આકારણી અધિકારી ધ્વારા અરજદાર ને તેઓના પત્ર નં ૫ તા–૪/૫/૨૦૧૨ થી માંગેલ માહિતીના પાના નંગ–૩૮ ના રૂા.૭૬/– જમા કરાવી માંગેલ માહિતી મેળવી લેવા જણાવેલ ત્યારબાદ ફરીથી યાદ પત્ર નં.૧તા.૩૦/૫/૨૦૧૨ થી નાણાં ભરી માહિતી મુળવી લેવા જણાવેલ જયારે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ રજૂઆત કે પૂર્તતા રિપોર્ટ મોકલવામાં આવેલ નથી.

અરજદાર ધ્વારા અપીલ તબકકે કરેલ રજૂઆતને ધ્યાને લઈ અરજદારે રજૂ કરેલ પૂરાવા માં પણ તા–૧૦/૪/૨૦૧૨ ની મૂળ અરજી નો જવાબ જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર ધ્વારા આરઆટીઆઈ/આઉટ/નં૩૬૭ તા.૧૧/૫/૨૦૧૨ થી સમય મર્યાદા બહાર જવાબ આપવામાં આપેલ હોવાનું જણાયેલ છે. જેને ધ્યાને લેતા અરજદાર ને માંગેલ માહિતી વિના મૂલ્યે આપવાની રહે છે. જયારે આકારણી અધિકારી ધ્વારા માંગેલ માહિતી માટે નાણાં ભરપાઈ કરવાના બે વાર પત્રો લખેલ છે. તેમ છતાં અરજદારે નાણાં ભરપાઈ કર્યા અંગેના કોઈ પૂરાવા રજૂ કરેલ નથી. અરજદાર ને આકારણી અધિકારી ધ્વારા સમય મર્યાદા માં જવાબ આપવામાં આવેલ છે. જેથી અરજદારે આકારણી અધિકારીના પ્રસ્તાવ અનુસાર માંગેલ માહિતી જોઈતી હોય તો નાણાં ભરી માહિતી મેળવવાની રહે છે.

# –:હુકમ :–

અરજદાર ની  અપીલ અને રજુ કરેલ પૂરાવા ને ધ્યાને લેતા ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીએ સમય મર્યાદા બાદ અરજદાર ને જવાબ પાઠવેલ હોય માંગેલ માહિતી કલમ–૭/૬ મુજબ દિન–૭ માં વિના મૂલ્યે પૂરી પાડવાની રહે છે. જયારે જાહેર માહિતી અધિકારી  અને આકારણી અધિકારીના પ્રસ્તાવ અનુસાર અને આર ટી આઈ  નિયમ–૫ મુજબ માહિતી ની નકલો મેળવવા અરજદાર ઈચ્છુક હોય તો  નાણાં ભરી મેળવી શકે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૨૧૩
તા.૩૧/૦૭/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧)  પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.     તા.................

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી.ઈજનેર
જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૦૪/૦૫/૧૨ (આઈ.ડી.નં.૨૦૨) ની અરજીના અનુસંધાનમાં મળેલ માહિતી ખોટી તેમજ અધુરી આપવામાં આવેલ છે.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૨/૦૫/૧૨ SMC/FAP/નં ૨૦/૨૦૧૨–૧૩

અરજદાર તા.૪/૫/૨૦૧૨ ની મૂળ અરજી ધ્વારા ૧૨/૧૩૫૨ વાળી મિલકત સંબધે રીપેરીંગ થયેલ મિલકત તથા તેના ટેર્નામેન્ટ નંબરના ખરાઈ બાબતે ૧૦ મુદ્દાની માહિતી માંગેલ અરજદારે અગાઉ અરજી ધ્વારા મળેલ માહિતી નના આધારે જેતે મકાનનું રિપેરીંગ થયેલ છે. તેના ટેર્નામેન્ટ નંબરની આકારણી,ખરાઈ વિગેરે બાબતના મુદ્દા ઉભા કરી માહિતી માંગેલ છે.

અરજદાર ની ઉપરોકત તારીખ ની મૂળ અરજી બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા પત્ર નં.૪૦૧ થી તેમજ જાહેર માહિતી અધિકાર ધ્વારા પત્ર નં.૩૯ થી જવાબ પાઠવવામાં આવેલ છે. મળેલ જવાબ થી નારાજ થઈ અરજદાર ધ્વારા તો ૨૨/૫/૨૦૧૨ ના રોજ અપીલ અરજી કરવામાં આપેલ છે. જેમાં પણ તેઓની મૂળ રજૂઆત રિપેરીંગ થયેલ મિલકત ના ટેર્નામેન્ટ બાબતની ખરાઈ તથા અરજદારે રિપેરીંગ માટે કરેલ અરજી તથા રજૂ કરેલ પૂરાવા જૂદા હોય રિપેરીંગ અરજી કરનાર ધ્વારા ગેરમાર્ગે દોરી સુરત મહાનગર પાલિકા જોડે છેતરપીડી કરેલ છે.

અપીલ સંદર્ભે અરજદારને પત્ર નં. ૫૧૪/૨ ધ્વારા અન્ય કોઈ રજૂઆત અરજદાર ધ્વારા તેઓના તા.૨૦/૫/૨૦૧૨ ના પત્ર ધ્વારા બોગસ સ્ટ્રકચર સ્ટેબીલીટી રિપોર્ટ રજૂ કરી ટેનામેન્ટ નં. ૧૨ –એ–૧૫–૦૯૮૧–૯–૦૦૧ નાંખી રિપેરીંગ કરવામાં આપેલ નથી,ખાતા ના અધિકારી ઓએ જાંચ પડતાલ કર્યા વિના પેપર્સ મેળવી તેઓને ખોટા પેપર આપવામાં આપેલ છે. જયારે મુદ્દા –૩ નો
જવાબ મળેલ નથી અને ૧૨––એ–૧૫–૦૯૮૧૦–૦૦૧ ટેનામેન્ટ નંબર ૧૨/૧૩૫૨ માં આવે છે? નો સ્થળ તપાસ નો રિપોર્ટ મળેલ નથી જયારે મેદ્દા નં. ૬ ની માહિતી બાબતે રેકર્ડ ઉપલબ્ધ નથી તે રીત ના જવાબ ના બદલે કોઈ વ્યકિત ધ્વારા જાણ કરવામાં આવી નથી. તે રીત ના જવાબ મળે તે માટે હૂકમ કરવાની રજૂઆત કરેલ છે તથા અરજી કરનારે છેતરપીડી કરેલ છે કે કેમ ? તે બાબતે ખોટો જવાબ મળેલ છે. જયારે મૃદા નં. ૮ નો જવાબ ખોટો મળેલ છે. જેમાં અરજી ફોર્મ માં ટેનામેન્ટ નંબર દશાર્વેલ નથી. તેમ જવાબ આપવા હૂકમ કરવા તથા ઠરાવ નં.૨૩ મૂજબ મકાન માલિક કે ભાડૂઆત જ રિપેરીંગ ની અરજી કરી શકશે. તે રીત નો જવાબ આપવા હૂકમ કરવા અરજદારે જણાવેલ છે.

અરજદાર તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર તથા આકારણી અધિકારી ને તા. ૩૦/૬/૨૦૧૨ ના રોજ રૂબરૂ સૂનવણી માટે અત્રે ની કચેરી એ બોલવવામાં આવેલ જે સમયે અરજદાર ને ટેનામેન્ટ નં.૧૨એ–૧૫,૦૯૩૧–૦–૦૦૧ તથા ૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ ની કોપી રૂબરૂ માં આપવામાં આપેલ તથા તે સમયે અરજદારને રૂબરૂ માં ટેનામેન્ટ નંબર ની માહિતી ફકત આકારણી વિભાગ ધ્વારા મિલકત ની ઓળખ માટે તથા વેરા વસૂલાત માં સરળતા રહે તે માટે કોમ્પ્યુટર પ્રોગ્રામ આધારીત આપવામાં આવે છે. રિપેરીંગ માટે આપતી અરજી ઓ અનેસંધાને જે તે સમયે ટેનામેન્ટ નંબર બાબતે શહેર વિકાસ વિભાગ ધ્વારા ખરાઈ કરવાનો પ્રશ્ન રહેતો નથી તથા સદર મિલકત ને રિપેરીગ કરાવવા બાબતે શહેર વિકાસ વિભાગ તરફથી નોટીસ આપયા બાદ મકાન માલિક ધ્વારા આજ દિન સૂધી રિપેરીંગ કરવામાં આવેલ નથી જેથી નોટીસ આપ્યા બાદ જરૂરી કાર્યવાહી હાથ ધરવા વિનંતી કરેલ છે.

અરજદાર ની મૂળ અરજી તથા અપીલ અરજી અને તા.૨૯/૫/૨૦૧૨ ના પત્ર ધ્વારા કરેલ રજૂઆત ને ધ્યાને લેતા અરજદાર ની મૂળ રજૂઆત રિપેરીંગ ની મંજૂરી માંગવા સમયે રજૂ કરેલ પૂરાવા ની ખરાઈ કરવામાં આવેલ નથી અને તેથી તેઓને આપેલ પેપર્સ ખોટા આપેલ છે. જે બાબત અરજદાર ને રૂબરૂ સૂનવણી સમયે સમજ આપેલ છે. આર.ટી.આઈ એકટ હેઠળ ફરજદારને માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડવામાં આવેલ છે.જયારે અપીલ તબકકે તેમણે મળેલ માહિતી બાદ પેપર્સની ખરાઈ તથા ખોટા પૂરાવા આપી રિપેરીંગ કરવામાં આપેલ હોવાનું જણાવી,રિપેરીંગ કરનાર ધ્વારા સૂરત મહાનગર પાલિકા સાથે છેતરપીડી કરવામાં આવેલ છે. તેવી રજૂઆત કરેલ છે.

આર ટી આઈ એકટ મૂજબ ઉપલબ્ધ રેકર્ડ ની માહિતી આપવાની હોય છે. મળેલ પૂરાવાના આધારે અર્થઘટન કરી તે મૂજબ માહિતી આપવાની જોગવાઈ નથી. તેમ છતા અરજદાર મળેલ પૂરાવાના આધારે છેતરપીડી બાબતે સક્ષમ સતાધીશ સમક્ષ અલગથી રજૂઆત કરવાની રહે છે અને તેમ કરવા અરજદાર સ્વતંત્ર છે.

# —:હુકમ :—

અરજદાર ને જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી તેમજ ડે.ઈજનેર ધ્વારા માહિતી પુરી પાડેલ હોય તેમજ રૂબરૂ સૂનવણી સમયે પાર્ટી સ્ટટેસની નકલ આપેલ છે. અપીલ તબકકે અરજદારે કરેલ રજૂઆત કે રિપેરીંગ કરવા માટે અરજી કરનાર ધ્વારા સુરત મહાનગર પાલિકા સાથે છેતરપીંડી કરવામાં આવેલ છે તે બાબતે લાગત અધિકારી ને અલગથી રજૂઆત કરવાની રહે છે અત્રેથી અપીલ અનુસંધાને અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૩૦૦
તા.૮/૦૮/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.       તા.................

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી.ઈજનેર
જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૨/૦૫/૧૨ (આઈ.ડી.નં.૩૧૭) ની અરજીના અનુસંધાનમાં મળેલ માહિતી ખોટી તેમજ અધુરી આપવામાં આવેલ છે.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૯/૦૭/૧૨ SMC/FAP/નં ૫૩/૨૦૧૨–૧૩

અરજદાર તા–૨૨/૫/૨૦૧૨ ની મૂળ અરજી (આઈડી–૩૧૭) થી (૧) સૂરત મહાનગર પાલિકા સંચાલિત કે ખાનગી સંસ્થા સંચાલિત કેટલા જાહેર શૌચાલય કે વોટર કૂલરો કાર્યરત છે. તેની સંખ્યા (૨) સૂરત શહેર માં કેટલા વૃક્ષો ઉછેરવામાં આવયા છે. તેની સંખ્યા (૩)કેટલી પથકિ શ્રમ કાર્યરત તેની સંખ્યા (૪) ગાર્ડનમાં કેટલા વોટર કૂલર છે. તેની સંખ્યા (૫) સૂરત શહેર માં કેટલા દવાખાના હોસ્પિટલ ઉપર આર્થિક રીતે અત્યંત ગરીબ તથા જરૂરિયાતમંદો ને તમામ પ્રકારની સારવાર વિના મુલ્યે આપવામાં આવી તેની સંખ્યા. (૬) સુડા ધ્વારા 1BHK અને 2BHK કેટલા ફ્લોર કેટલી કિંમતે ફાળવવામાં આવ્યા તેની માહિતી. (૭) સુરત મહાનગરપાલિકા ધ્વારા કેટલા લોકોને નોકરી, રોજગાર આપવામાં આવેલ છે. તેની માહિતીની માંગણી કરવામાં આવેલ.

અરજદારની મુળ અરજી બાબતે પત્ર નં.૪૮૪ તા.૨૩/૦૫/૧૨ થી તમામ ઝોનના ડે.ઈજનેરશ્રીને, ગાર્ડન વિભાગ, સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ તેમજ મુખ્ય કારોબારી સભ્ય સુડાને તબદીલ કરવામાં આવેલ. અરજદારે પૂછેલ મુદ્દા નં.૧,૩ અને ૫ ની માહિતી જે તે ઝોનમાંથી આપવાની રહે છે.

અત્રેના સેન્ટ્રલ ઝોન ને લાગત મુદ્દા નં.૧ અને ૫ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા આપવાની રહે છે. અરજદાર ની અપીલ અનુસંધાને પત્ર નં.૧૦૯/૨ તા. ૧૦/૭/૨૦૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર તેમજ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી ને તેઓ ના પૂર્તતા રિપોર્ટ મોકલી આપવા જણાવેલ જેના અનુસંધાન માં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ના પત્રનં–૨૦૧૪ તા.૨૧/૭/૨૦૧૨ થી પૂર્તતા રિપોર્ટ મોકલી આપવામાં આવેલ છે. જેમાં અરજદાર ને મુદા નં.૧ નો અંશતઃ જવાબ આપવામાં આવેલ છે. અરજદાર માંગેલ વોટર કૂલર બાબત ની માહિતી અરજદાર ને આપવામાં આવેલ નથી. જયારે નાયબ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ પૂર્તતા રિપોર્ટ મોકલવામાં આવેલ નથી

અરજદારને પત્ર નં.૧૦૦૯/૧ તા.૧૦/૭/૨૦૧૨ થી અપીલ સંબધે અન્ય કોઈ નારાજગી કે પૂરાવા હોય તો રજૂ કરવા જણાવેલ જે અન્વયે તેઓ ધ્વારા કોઈ રજૂઆત અપીલ તબકકે કરવામાં આવેલ નથી

અરજદાર ની અપીલ અનૂસંધાને ડેપ્યૂટી ઈજનેર ધ્વારા મુદા નં.૧ ની અંશતઃ માહિતી આપેલ છે. અરજદારે પૂછેલ વોટર કૂલર ની સંખ્યા બાબતે માહિતી પૂરી પાડેલ હોવાનું જણાતુ નથી. જયારે મુદાનં. ૫ ની માહિતી નાયબ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ જવાબ પાઠવવામાં આવેલ નથી.

# –:હુકમ :–

અરજદારને માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ધ્વારા મુદ્દા નં.૧બાબતે અંશતઃ માહિતી પાઠવેલ છે. વોટર કૂલર બાબતની માહિતી અરજદારે કલમ ૭/૬ હેઠળ દિન ૭ માં વિના મૂલ્યે પૂરી પાડવાની રહેછે. જયારે મુદ્દા નં–પ બાબતે જાહેર માહિતી અધિકારી અને નાયબ અધિકારી એ માહિતી પૂરી પાડેલ ન હોય દિન.૭ માં અરજદારને કલમ ૭/૬ હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા જણાવવમાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૨૪૪
તા.૩/૦૮/૧૨

(ડી.આર.ગોહિલ)
અપીલ અધિકારી અને
ઈનચાર્જ કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન

(૧) પ્રતિ, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરસેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં. તા.................

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી.ઈજનેર

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૩/૦૫/૧૨ (આઈ.ડી.નં.૩૨૭) ની અરજીના અનુસંધાનમાં મળેલ માહિતી ખોટી તેમજ અધુરી આપવામાં આવેલ છે.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૯/૦૬/૧૨ SMC/FAP/નં૩૯/૨૦૧૨–૧૩

અરજદારે તેમની તા.૨૩/૫/૨૦૧૨ની મૂળ અરજી માં નોંધઃ ૧૨/૨૬૫૬ વાળી મિલકતમાં મંજૂર પ્લાન વિરૂધ્ધ ગ્રાઉન્ડ ફ્લોર પર કરેલ વધારાનું બાંધકામ દૂર કરવા ડીમોલેશન ન કરવા અંગે ની તથા છત ઉપર વધારાનુ પાંચમા માળનુ બાંધકામ કરેલ છે. જે પણ દૂર ન કરવા અંગે ની માહિતી નકલ માંગેલ છે.

અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.૪૮૯ તા.૨૪/૬/૨૦૧૨ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય મર્યાદામાં રેકર્ડ ઉપલબ્ધ નથી. તે રીત નો જવાબ પાઠવવામાં આવલ છે. પ્રથમ અપીલમાં મળેલ જવાબ થી નારાજ થઈ ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતી પાઠવેલ નથી. જેથી અપીલ અરજી કરેલ છે. જેની સાથે સદર બાંધકામ બાબતે આપેલ નોટીસ ની નકલ બિડાણ કરેલ છે અને ડે.ઈજનેર ને સદર મિલકતના નિરીક્ષણ માટે મોકલવા અંગેની વિનંતી કરેલ છે.

અપીલ અરજી સંદર્ભે પત્ર નં.૭૪૫/૧ થી અરજદારને તેઓ ની નારાજગીના કારણો સહિત પૂરાવા હોય તો તે રજૂ કરવા જણાવેલ જેના પ્રત્યુતરમાં તા. ૨૫/૬/૧૨ ના પત્ર ધ્વારા અરજદારે ઉપલ્બધ રેકર્ડ આધારીત જવાબ મળેલ નથી તથા પ્લાન વિરૂધ્ધ ના ગેરકાયદેસર બાંધકામ અંગે ડે.ઈજનેર ધ્વારા પી ટી એ કરેલ જણાતુ નથી જેથી નારાજ થઈ પ્રથમ અપીલ કરેલ છે તેમ જણાવેલ છે.. જયારે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને પત્ર નં.૭૪૫/૨ તા.૨૦/૬/૧૨ થી તેઓનો પક્ષ રજૂ કરવા પૂર્તતા રિપોર્ટ મોકલી આપવા જણાવેલ જેના અનુસંધાનમાં કોઈ જવાબ મળેલ નથી.

અરજદારે અપીલ સાથે રજૂ કરેલ પૂરાવા તથા માંગેલ માહિતી મૂજબ અરજદારે પ્રથમ સદર નોંધ નં.૧૨/૨૩૫૩ વાળી મિલકત ના પ્લાન તથા ગેરકાયદેસર બાંધકામ બાબતની માહિતી માંગેલ જે અન્વયે શહેર વિકાસ વિભાગ તરફથી ગેરકાયદેસર બાંધકામ બાબતે નોટીસ આપેલ છે તેની નકલ અરજદારને અગાઉ પાઠવવામાં આવેલ છે. જેને ધ્યાને લઈ અરજદારે સદર ગેરકાયદેસર બાંધકામ બાબતે ડીમોલેશન ન કરવા અંગે ની માહિતી માંગેલ છે.

અરજદારે પણ તેઓના તા.૨૫/૬/૧૨ ના પત્રમાં પણ સદર મિલકતમાં ગેરકાયદેસર બાંધકામ કરેલ હોવા છતા ડીમોલેશન કરવામાં આવેલ નથી તેમ જણાવેલ છે.

આરટીઆઈ એકટ અન્વયે ઉપલ્બધ રેકર્ડ મુજબની માહિતી આપવાની હોય છે. સદર મિલકતમાં થયેલ બાંધકામ ગેદકાયદેસર કરવામાં આવ્યુ છે અને તે બાબતે બાંધકામ કરનારને નોટીસ પણ આપવામાં આવેલ છે પરંતુ તે બાબતે ડીમોલેશન ન કરવા અંગેની વિગત માંગેલ છે. ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ નથી જેથી ડીમોલેશન બાબતનો કોઈ રેકર્ડ ઉપલબધ ન હોઈ શકે.

અરજદારનો મૂળ પ્રશ્ન ગેરકાયદેસર બાંધકામ બાબતે ડીમોલેશન કરી સદર પ્લાન વિરૂધ્ધ નું બાંધકામ દૂર કરવુ જોઈએ તે બાબતે નો છે.જે અંગે અરજદાર સક્ષમ સતાધીશને અલાવદી રજૂઆત કરી શકે છે.

# –:હુકમ :–

અરજદારે માંગેલ માહિતીનો જવાબ સમય મર્યાદામાં જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ છે તથા ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા અંગે અરજદાર સક્ષમ સતાધીશને સ્વતંત્ર રજૂઆત કરી શકે છે. અરજદારની અપીલ અરજી અંગે વિશેષ કાંઈ કરવાનું રહેતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૨૫૮
તા.૪/૦૮/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ,જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.     તા.................

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી.ઈજનેર

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૦/૦૪/૧૨ (આઈ.ડી.નં.૬૦) ની અરજીના અનુસંધાનમાં મળેલ માહિતી ખોટી તેમજ અધુરી આપવામાં આવેલ છે.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૯/૦૫/૧૨ SMC/FAP/નં૧૨/૨૦૧૨–૧૩

અરજદાર તા.૧૦/૪/૧૨ ની મૂળ અરજી ની વોર્ડ નં.૧૩૫૨ વાળી મિલકત ની ૬ મુદ્દા ની માહિતી માંગેલ જેનો જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર શ્રી ધ્વારા તા.૫/૫/૧૨ના રોજ પત્ર નં. ૩૧૫ થી સમય મર્યાદા માં જવાબ પાઠવવામાં આવેલ છે.

અરજદારને મળેલ જવાબ થી નારાજ થઈ તા.૯/૫/૧૨ થી પ્રથમ અપીલ કરેલ છે. અરજદારે અપીલ તબકકે આપેલ સરખાની નોટીસ બાદ મકાન તૂટી પડે તો અકસ્માત થાય તો જવાબદાર સમયે શું પગલા ભરવામાં આવે જવાબદારી કોની અને બીપીએમસી એકટની કલમ ૨૬૪ મુજબ પગલાની જવાબદારી કોની તેની ૨૪૬ કલમ સ્પષ્ટા માંગતી તેમજ પગલા લેવાની જવાબદારી જેતે જવાબદારી અધિકારીની છે. તોતે કાર્યવાહી કરવા અંગે હૂકમ કરવા અપીલ અરજી કરેલ છે.

અરજદારની અપીલ ના અનુસંધાને તા.૧૭/૫/૧૨ અરજદારને પત્ર નં.૪૧૦ તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને પત્ર નં.૪૧૧ થી પૂરાવા સહિત તેમની રજૂઆત પૂર્તતા રિપોર્ટ મોકલી આપવા જણાવેલ જે અન્વયે તેઓ ધ્વારા કોઈ પ્રત્યુતર મળેલ નથી. ત્યારે અત્રેથી પત્ર નં. ૭૮૭ તા.૨૨/૬/૧૨ ના રોજ રૂબરૂ માં સૂનવણી રાખવામાં આવેલ જે સમય અરજદાર અને જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર હાજર રહેલ.

તે સમયે અરજદાર ની રજૂઆત મુજબ તેમણે માંગેલ નોટીસની નકલ રૂબરૂ માં જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આપેલ. જયારે નોટીસ બાદ બીપી એમસી એકટ ની કલમ ૨૬૪ મુજબ રિપેરીંગ અંગેની કામગીરી મિલકતના માલિકને આપેલ હોય જેતે સમયે રિપેરીંગ કરવાની તેમની આવતી હોય તે અંગે ની કલમ ૨૬૪ જાણકારી આપવામાં આવેલ છે.

અપીલ તબકકે અરજદારે રજૂ કરેલ પ્રશ્નો અંગે વિસ્તૃત જાણકારી તથા ન મળેલ માહિતી ની નકલ રૂબરૂ માં અરજદાર ને આપવામાં આવેલ છે.

## –:હુકમ :–

અરજદારને રૂબરૂ સૂનવણીમાં કલમ–૨૬૪ અંગેની સમજ આપવામાં આવેલ છે. તથા નોટીસની નકલ પણ રૂબરૂમાં આપેલ છે. અપીલ અનુસંધાને વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૨૫૭

તા.૪/૦૮/૧૨

એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ,જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |
| --- | --- | --- |

અપીલ અરજી નં.      તા.................

સામાવાળા :– (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર
(૨) જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી

વિષય :– આપની તા.૧૫/૫/૨૦૧૨ ની અપીલ અરજી નં. ૧૬ બાબત
સંદર્ભ :–(૧) અત્રે ની કચેરી નો હૂકમ નં ૧૦૮૦ તા. ૧૯/૭/૨૦૧૨
(૨) આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારીશ્રી નો તા.૧/૮/૨૦૧૨ નો રિપોર્ટ

આપશ્રીની પ્રથમ અપીલ નં એસ એમ SMC/FAP/૧૬ તા.૧૫/૫/૨૦૧૨ ના અનુસંધાનમાં સંદર્ભ–૧ થી હૂકમ કરવામાં આપેલ જેના અનુસંધાનમાં ઉપરોકત સંદર્ભ–૨ના જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી ના પત્ર તથા સાથે રજૂ કરેલ પૂરાવાને ધ્યાને લઈ તા.૧૯/૭/૧૨ ના હૂકમ માં આપશ્રી ને આકારણી વિભાગ ની માહિતી દિન–૭માં પૂરી પાડવા અંગેનો હૂકમ કરવામાં આવેલ.

જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી ધ્વારા નિયત સમય મર્યાદામાં તેઓના પત્રનં૦૬ તા.૨૫/૪/૨૦૧૨ તથા તા.૩૦/૫/૨૦૧૨ પત્રો ધ્વારા રૂા.૧૮/– જમા કરાવી માંગેલ માહિતીની નકલો મેળવી લેવા જણાવેલ તેમ છતાં આપના ધ્વારા નાણાં જમા કરાવી માહિતી મેળવેલ નથી.જેથી તેઓના તા.૯/૭/૨૦૧૨ ના પત્ર નં.૬ ધ્વારા અરજી દફતરે કરવામાં આવેલ હોવાની જાણ કરેલ છે.

ઉપરોકત હકીકતને ધ્યાને લેતા તા.૧૯/૭/૨૦૧૨ ના હૂકમ માં નીચે મૂજબ ફેરફાર કરવામાં આવેલ છે.

## –:હુકમ :–

જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીના પ્રસ્તાવ અનૂસાર માંગેલ માહિતીના રૂા.૧૮/– જમા કરાવી અરજદાર ઈચ્છુક હોય તો માહિતી મેળવવા સ્વતંત્ર છે. આપની અપીલ અરજી અંગે બાકી કોઈ કાર્યવાહી અત્રેની કચેરી ધ્વારા કરવાની રહેતી ન હોય આપની અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૨૮૦
તા.૬/૦૮/૧૨

(એન.કે.પરમાર)
એપેલેટ ઓફિસર અને
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

<u>નકલ રવાના</u> :– જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |
|---|---|---|

અપીલ અરજી નં.    તા.................

સામાવાળાઃ– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી
(૨) ગુમાસ્તા નિરીક્ષક અને જાહેર માહિતી અધિકારી
(૩) આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૫/૦૫/૧૨ (આઈ.ડી.નં.૩૪૦) ની અરજીના અનુસંધાનમાં અનુસંધાનમાં માહિતી આજદિન સુધી મળેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૮/૦૬/૧૨ SMC/FAP/નં ૪૬/૨૦૧૨–૧૩

અરજદાર તા.૨૫/૫/૨૦૧૨ ની (આઈડી–૩૪૦) ની મૂળ અરજી થી વોર્ડ નં.૭ નોંધ.નં ૧૫૪૧ સોપારીવાલા કંમ્પાઉન્ડ વાળી મિલકત બાબતે સદર મિલકત માં રહેતા ભાડૂત માલિક ધ્વારા રિપેરીંગ કે નવા બાંધકામ બાબતે કોઈ મંજૂરી આપેલ હોય તો તેની માહિતી સદર જગ્યા એ આવેલ મિલકતની વિગત, તેના ભાડૂઆત,ફ્લેટ નંબર પીવાના પાણી ની કેટલી લાઈન કાયદેસર છે. આ મિલકતમાં કરવામાં આવેલ વિવાદાસ્પદ બાંધકામ બાબતે થયેલ જુદીજુદી તારીખ ની અરજી સંદર્ભે થયેલ કાર્યવાહી ની નોટીસ ની નકલ જેના ભાડૂત માલિક ધ્વારા પ્રોફેશનલ–ટેક્ષ ભરવામાં આવે છે. તેની માહિતી તેમજ તાત્કાલીન કમિશ્નરશ્રી ધ્વારા મુલાકાત બાદ મિલકતોના બાંધકામ બાબતે સ્ટ્રકચર રિપોર્ટ ની નકલ જેવી સાત મૃદ્દા ની માહિતી માંગેલ છે.

અરજદારે માંગેલ માહિતી પૈકી મૃદ્દાનં.૧,૫,૭,૪ નો જવાબ ડે. ઈજનેર ધ્વારા આપવામાં આવેલ છે. જયારે મુદા –૨ અને ૩ આકારણી વિભાગ ને લાગત છે જે માટે નિયમાનુસાર ૨૭૫ પાનાનં. રૂા ૨/– લેખે નાણાં જમા કરાવવા અંગે જાણ કરતો પત્ર લખેલ છે. જયારે મુદ્દા–૬ વ્યવસાય વેરા અંગે ની માહિતી માંગેલ છે. જે ગુમાસ્તા નિરીક્ષક ધ્વારા" ગુમાસ્તા ધારા વિભાગને લાગત નથી" તે રીત નો જવાબ પાઠવવામાં આવેલ છે.

અરજદારે અપીલ તબકકે સમય મર્યાદા માં કોઈ નિર્ણય મળેલ ન હોય વિના મૂલ્યે માહિતી પૂરી પાડવા તથા ૨૦ (૧) અને ૨૦ (૨) મુજબ જાહેર માહિતી અધિકારી વિરૂધ્ધ પગલા ભરવા જણાવેલ છે.જાહેર માહિતી અધિકારી ઓ ધ્વારા અરજદાર ની મૂળ તા.૨૫/૫/૨૦૧૨ ની અરજીનો જવાબ ડે.ઈજનેર ધ્વારા (૧) પત્ર નં.૬૨૦ તથા (૨)૭૭૫ તા.૨૧/૫/૧૨ ના રોજ જવાબ આપવામાં આવેલ છે.જયારે આકારણી અધિકારી ધ્વારા પત્ર નં.૬૨ તા.૬/૬/૧૨ થી રૂા ૫૫૦/– જમા કરાવવા જણાવેલ છે અને ગુમાસ્તા નિરીક્ષક ધ્વારા પત્ર નં.૮૫ તા.૧૬/૬/૧૨ થી જવાબ પાઠવવામાં આવેલ છે.

અરજદારે આકારણી અધિકારીના પ્રસ્તાવ અનુસાર માંગેલ માહિતીના નકલ પેટે રૂા ૫૫૦/– જમા કરાવ્યા હોવાના કોઈ પૂરાવા રજૂ કરેલ નથી અરજદાર જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી ના પ્રસ્તાવ અનુસાર નકલ પેટે રૂા ૫૫૦/– ભરી માહિતી ની નકલ મેળવી શકે છે અને તે મળ્યા બાદ કોઈ નારાજગી હોય તો અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે જયારે ગુમાસ્તા નિરીક્ષક ધ્વારા મુદ્દા–૬થી પૂછેલ સદર મિલકતમાં આવેલ મિલકતનો ઉપયોગ વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં આવે છે કે કેમ? તે બાબતની માહિતી પાઠવવામાં આવેલ નથી.

જયારે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના જવાબ અનુંસંધાને રૂા ૧૦/– ભરપાઈ કરી માહિતી મેળવલ છે પરંતુ તા.૨૬/૩/૧૨ ના રોજ બાકી ની માહિતી અંગે રૂબરૂ નિરીક્ષણ માટે બોલાવેલ પરંતુ અરજદારે જાહેર માહિતી અધિકારી ધ્વારા નિરીક્ષણ પૂરી પાડવામાં આવેલ નહિ અને જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૨૯/૬/૧૨ ના રોજ બોલાવવામાં આવેલ અરજદારે પોતે તા.૨૯/૬/૧૨ ના રોજ રૂબરૂ નિરીક્ષણ માટે જતા પહેલા તારીખ ૨૭/૬/૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે અરજદાર ધ્વારા તા.૨૯/૬/૧૨ ના રોજ રૂબરૂ નિરીક્ષણ કરવામાં આવેલ છે કે કેમ ? તે અપીલ તબકકે નકકી થઈ શકતુ નથી અરજદારને જાહેર માહિતી અધિકારી ના પ્રસ્તાવ અનુસાર રેકર્ડનુ

પ્રત્યક્ષ નિરીક્ષણ કરી જોઈતી માહિતી મેળવી લેવા સૂચન છે ત્યાર બાદ કોઈ રજુઆત હોય તો અલગથી કરવા અરજદાર સ્વતંત્ર છે.

## :—હુકમ:—

અરજદારે માંગેલ માહિતી પૈકી મુદ્દા—૬ ની વ્યવસાયવેરા બાબતની માહિતી ગુમાસ્તા નિરીક્ષક ધ્વારા પૂરી પાડેલ નથી જે અરજદારે કલમ ૭/૬ મૂજબ વિના મૂલ્યે દિન.૭ માં પૂરી પાડવામાં જણાવવામાં આવે છે. જયારે જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી ના પ્રસ્તાવ અનુસાર અરજદાર ઈચ્છુક હોય તો ફી ભરી માહિતી મેળવી શકે છે. જયારે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ના પ્રસ્તાવ અનુસાર અગાઉથી સમય મેળવી ઉપલ્બધ રેકર્ડનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી શકે છે અને અરજદાર ધ્વારા તેવી માંગણી થયેલી ઉપલ્બધ રેકર્ડનું પ્રત્યક્ષ નિરીક્ષણ પુરુ પાડવા અંગે જરૂરી સવલત/સમય આપવા પત્ર ધ્વારા અરજદારને જાણ કરવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર નેજણાવવામાં આવે છે. ત્યારબાદ મળેલ માહિતી થી નારાજ હોય તો ફરીથી રજૂઆત કરવા સ્વતંત્ર છે. હાલ તુરત અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૩૩૦
તા.૯/૦૮/૧૨

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

(૧) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.     તા..................

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી.ઈજનેર

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૨/૦૫/૧૨ (આઈ.ડી.નં.૩૨૫) ની અરજીના અનુસંધાનમાં મળેલ માહિતી ખોટી તેમજ અધુરી આપવામાં આવેલ છે.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૯/૦૭/૧૨ SMC/FAP/નં૫૬/૨૦૧૨–૧૩

અરજદારની તા.૨૨/૫/૧૨ ની મૂળ અરજી (આઈડી–૩૨૫) થી વોર્ડ નં. ૨ આનંદ નગર કો.ઓ.હા.સો.લી માં પ્લોટ નં–૪ સર્વે નં. ૧૯૪૦/એ/૧૨ તથા પ્લોટ નં.૧૩ તથા ૧૪–એ સર્વે નં. ૧૯૪૦/એ/૫,૧૯૪૨/૨,૧૯૪૦/એ/વાય/૧૯૪૨/૩/એ વાળી મિલકત માં કોઈ પણ જાત ની મંજૂરી વિના ગેર કાયદેસર બાંધકામ ચાલી રહયા છે અને અધિકારી ના મેળાવીપણામાં બિલ્ડરો આ બાંધકામ કાયદા ની એસી તેસી કરી ચાલી રહયા છે. જે તોડી પાડવા મહેરબાની કરશોજી તેમ અરજી માં જણાવેલ છે.

અરજદારની ઉપરોકત અપીલ અરજી અન્વયે પત્ર નં. ૨૦૦૯/૧ તા–૨૧/૭/૨૦૧ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને તેઓનો પૂર્તતા રિપોર્ટ પૂરાવા સહિત મોકલી આપવા જણાવેલ જેના અનુસંધાનમાં અરજદાર ને પત્ર નં–૧૦૯૫ તા.૨૦/૭/૧૨ થી જવાબ પાઠવવામાં આવેલ તેની નકલ મોકલવામાં આવેલ છે. જયારે અરજદારને પત્ર ૨૦૦૯/૨ તા. ૨૧/૭/૧૨ થી તેઓની અન્ય કોઈ રજૂઆત હોય તો પૂરાવા સહિત દિન.૫ માં મોકલી આપવા જણાવેલ જેના અનુસંધાનમાં અરજદાર તરફથી કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી.

અરજદારની મૂળ અરજીનો અભ્યાસ કરતા અરજદારેગેરકાયદેસર બાંધકામ ચાલે છે જે તોડી પાડવાની વિનંતી કરેલ છે. તેઓએ કોઈ માહિતી માંગેલ હોવાનું ફલીત થતુ નથી આરટીઆઈ એકટ મૂજબ ઉપલ્બધ રેકર્ડ ની માહિતી આપવાની જોગવાઈ છે.જે મૂજબ અરજદારે તેમની અરજીમાં જણાવેલ સર્વે/પ્લોટ નંબર ઉપર ગેરકાયદેસર બાંધકામ ચાલે છે. જે તોડી પાડવા વિનંતી કરેલ છે. અરજદાર ધ્વારા કોઈ માહિતી માંગવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા પણ "માંગવામાં આવેલ માહિતી રેકર્ડ આધારીત ન હોય તેવા કોઈ રેકર્ડ ઉપલ્બધ નથી" તે રીતનો જવાબ પાઠવવામાં આવેલ છે.

અરજદારે અપીલ અરજી માં ૩૦ દિવસ માં પ્રતિભાવ મળ્યો નથી તેમ જણાવી અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારી ધ્વારા પત્ર નં.૧૦૯૫ તા.૨૦/૭/૧૨ થી સમય મયાદા બાદ જવાબ પાઠવવામાં આવેલ છે. અરજદારને માંગેલ માહિતીઓ નિયત સમય મર્યાદા દિન–૩૦ મા સમયસર અરજદારને મળી રહે તે રીતે કામગીરી જાહેર માહિતી અધિકારી ને જણાવવામાં આવે છે.

અરજદારની અપીલ સંદર્ભે અરજદારને નિયત સમય મર્યાદા બાદ જવાબ પાઠવવામાં આવેલ છે. અરજદારની મૂળ રજૂઆત ગેરકાયદેસર ચાલતા બાંધકામ દૂર કરવા બાબતની છે આરટીઆઈ એકટ મૂજબ ઉપલ્બધ રેકર્ડની માહિતી આપવાની જોગવાઈ છે. અપીલ દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા અરજદારને જવાબ પાઠવવામાં આવેલ છે તથા અરજદારની મૂળ અરજીમાં પણ તેમણે ચાલતા ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની જ રજૂઆત કરેલ છે. જે ને ધ્યાને લેતા હાલ અપીલ તબકકે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અરજદારે તેમણે જણાવેલ સર્વે નંબર પ્લોટ નંબર માં ચાલતા ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા બાબત લાગત સક્ષમ સતાધીશ સમક્ષ અલગથી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

# –:હુકમ :–

અરજદાર ની મૂળ અરજીનો જવાબ સમય મર્યાદા બાદ આપવામાં આવેલ છે. તેમજ મૂળ અરજી મા પણ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા અંગે વિનંતી કરેલ છે.તેઓ ધ્વારા કોઈ માહિતી માંગેલ નથી અરજદાર ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા અંગે લાગત સત્તાધીશને અલગથી રજુઆત કરવાની રહે છે . અરજદાર ની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૩૬૪
તા.૧૬/૦૮/૧૨

(ડી.આર.ગોહિલ)
અપીલ અધિકારી અને
ઈનચાર્જ કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન

(૧) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| RIGHT TO INFORMATION | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |
|---|---|---|

અપીલ અરજી નં.      તા.................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી
(૨) ગુમાસ્તા નિરીક્ષક અને જાહેર માહિતી અધિકારી
(૩) આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી
(૪)નાયબ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૨/૦૪/૧૨ ની અરજીના અનુસંધાનમાં માહિતી આપવામા આવેલ નથી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૮/૦૬/૧૨ SMC/FAP/નં.૪૫/૨૦૧૨–૧૩.

અરજદાર તા.૧૨/૪/૧૨ ની મૂળ અરજી બાબતે પ્રથમ અપીલ નં.એફ.એ.પી/૪૫, તા.૨૮/૬/૧૨ થી કરવામાં આવેલ છે. અરજદારે તેમની મૂળ અરજીમાં સૂરત શહેરમાં આવેલ હોટલ, રેસ્ટોરન્ટ, બરફ બનાવતી ફેકટરી, આઈસ્કીમ બનાવતી ફેકટરી, જનતા આઈસ્કીમ સાઈબરકાફે, યુ.એસ.પિઝા, ડોમીનોઝ, મેકડોન્લસ, હોનેસ્ટ, ચોકલેટ, બિસ્કીટ, કેરીવાળા, શરબતવાળા, જયુસવાળા, મિઠ્ઠાઈવાળા અને સૂરતમાં આવેલ તમામ મોલવાળાના નામ–સરનામા, હેલ્થ લાયસન્સ,પાર્કીગની સુવિધા વેરો ભરેલ છે તેની માહિતી,ગટર પાણીના કનેકશનો તથા પોલીસ વિભાગ ધ્વારા આપવામાં આવતા લાયસન્સો મેળવેલ છે કે કેમ ? તે બાબતે માહિતીઓ માંગેલ છે.

અરજદારની મૂળ અરજી ચીફ ફૂડ ઈન્સ્પેકટર ધ્વારા તેઓના પત્ર નં. પી એચ ડી /ફૂડ/૩૨૦ તા.૪/૫/૧૨ થી લાગત ઝોન /વિભાગોને તબદીલ કરેલ છે જે અત્રેના સેન્ટ્રલઝોનને તા.૫/૫/૧૨ ના રોજ મળેલ હોવાનુ જણાય છે. અરજદારે માંગેલ માહિતીઓ પૈકી મુદ્દા .૧અને ૫ ની માહિતી ઝોન લેવલે આપવાની થાય છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી અને ગુમાસ્તા નિરીક્ષક ધ્વારા પત્રનં. ૭૩ તા.૫/૬/૧૨ લાગત મુદ્દા.૧ ની માહિતી આપેલ છે. જેમાં તેઓ ધ્વારા નાણાં ભરપાઈ કરવાનો પ્રસ્તાવ તથા નિયમ–૫ મુજબ નિયત ફી ભરપાઈ કરી દફતરી રેકર્ડના ચકાસણી માટે કરેલ છે.જયારે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી એ તેઓના પત્રનં.૬૧૨ તા.૪/૬/૧૨ ના પત્ર ધ્વારા જવાબ પાઠવી માંગેલ માહિતી નો રેકર્ડ વિપુલ પ્રમાણ માં હોય રૂબરૂનિરીક્ષણ અર્થે નિયત ફી ભરવાની શરતે તા.૧૧/૬/૧૨ ના રોજ હાજર રહેવા જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી ધ્વારા પત્ર નં.૦૮ તા. ૯/૫/૧૨ તી માંગેલ માહિતી વિપુલ પ્રમાણમાં હોય તા.૧૫/૫/૧૨ ના રોજ રૂબરૂ નિરીક્ષણ કર્યા બાદ જોઈતી માહિતી પૂરીપાડવામાં આવશે.તે રીતનો જવાબ આવેલ છે.ત્યારબાદ તા.૧૧/૬/૧૨ તી યાદ પત્ર પાઠવેલ તથા પત્રનં.૦૮તા.૧૮/૬/૧૨ થી રૂબરૂ નિરીક્ષણ માટે હાજર ન રહેતા અરજી દફતરે કરવામાં આવે છે. તે રીત ની જાણ કરતો પત્ર પાઠવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી ધ્વારા પત્ર નં.૩૮૭ તા.૧૮/૫/૧૨ થી જવાબ પાઠવી માંગેલ માહિતીના પાનાની સંખ્યા વિપુલ પ્રમાણમાં હોય તપાસણી માટે અરજી કર્યેથી માંગેલ માહિતીની નકલના રૂા ૨/–ભર્યે થી નકલ મળી શકશે. તે રીતનો જવાબ પાઠવેલ છે. અરજદારે માંગેલ માહિતી પૂરા પાડવા સૂરત શહેર વિસ્તારની છે અને સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં પણ અરજદારે માંગેલ માહિતી વિપૂલ પ્રમાણમાં હોવાની સંભાવના છે.

અરજદારે અપીલ તબકકે તા.૨૮/૫/૧૨ ના પત્ર ધ્વારા તેઓના આજ દિન સુધી સંતોષકારક જવાબ મળેલ નથી. જેથી પ્રથમ અપીલ કરવાની જરૂર પડેલ છે. તેમ જણાવેલ છે. અરજદારે અપીલ તબકકે રૂબરૂ સુનવણી રાખવામાં આવે ત્યારે અગાઉ થી ફોન ધ્વારા જાણ કરવા જણાવેલ છે.

અરજદારની અપીલ ના અનુસંધાનમાં અત્રેથી પત્રનં.૧૦૭૯ તા.૧૮/૭/૧૨ થી અપીલ તબકકે કોઈ રજુઆત નારાજગી કે જવાબ મળેલ હોય તો તે સંબધે પૂરાવા સહિત તેમની રજૂઆત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે આજદિન સૂધી અરજદાર ધ્વારા કોઈ રજૂઆત કે પૂરાવા રજૂ કરેલ નથી.જયારે પત્ર નં.૧૦૭૯/૨ તા.૧૮/૭/૧૨ થી લાગત તમામ જાહેર માહિતી અધિકારીઓને તેમનો પક્ષ રજૂ કરતો પૂર્તતા રિપોર્ટ મોકલવા જણાવેલ જે મુજબ તમામ જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા નિયત સમય મર્યાદામાં જવાબ પાઠવી રૂબરૂ નિરીક્ષણ કરી જવા તથા ત્યારબાદ જોઈતી માહિતી ની નકલ નિયત ફી ભરપાઈ કર્યેથી મળી શકશે તેમ જવાબ પાઠવેલ છે.જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી ધ્વારા પણ યાદપત્ર તથા રૂબરૂ નિરીક્ષણ માટે ઉપસ્થિત ન થતા અરજી દફતરે કરવા અંગેની જાણ કરતો પત્રપણ પાઠવવામાં આવેલ છે.

અરજદારે અપીલ તબકકે લખેલ પત્ર અનુસંધાને પણ કોઈ રજુઆત કરેલ નથી તથા તમામ જાહેર માહિતી અધિકારી ઓ નિયત સમય મર્યાદામાં જવાબ પાઠવેલ છે. જયારે અરજદાર ધ્વારા જાહેર માહિતી અધિકારીઓ ના પ્રસ્તાવ અનુસાર રૂબરૂ નિરીક્ષણ માટે હાજર થયેલ નથી. જેથી અરજદારને જાહેર માહિતી અધિકારીઓના પ્રસ્તાવ અનુસાર રૂબરૂ નિરીક્ષણ કરી ત્યારબાદ જોઈતી માહિતીની નકલો મેળવી લીધા બાદ જો કોઈ નારાજગી હોય તો અપીલ કરી શકે છે.

## –:હુકમ :–

અરજદાર ની મૂળ અરજી જે ચીફ ફુડ ઈનસ્પેકટર ધ્વારા તા.૪/૫/૧૨ ના રોજ તબદીલ કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતા સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારી ઓને પ્રસ્તાવ અનુસાર રૂબરૂ નિરીક્ષણ કરવા અરજદાર સ્વતંત્ર છે. જે માટે અગાઉ થી જાહેર માહિતી અધિકારી પૈકી ડે.ઈજનેર,ગુમાસ્તા નિરીક્ષક ,નાયબ આરોગ્ય અધિકારી અને આકારણી અધિકારી ઓના પ્રસ્તાવ અનુસાર અગાઉ થી સમય મેળવી ઉપલ્બધ રેકર્ડનું નિયમ–૫ મુજબ નિયત ફી ભરી નિરીક્ષણ કરી તથા નકલ દીઠ રૂા ૨/– ભરી જોઈતી નકલો મેળવી શકે છે. હાલ ને તબકકે અપીલ કક્ષાએ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૩૯૪
તા.૧૭/૦૮/૧૨

(ડી.આર.ગોહિલ)
અપીલ અધિકારી અને
ઈનચાર્જ કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન

(૧) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન | |
|---|---|---|

અપીલ અરજી નં.      તા.................

સામાવાળા :– (૧) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૨૨/૦૫/૧૨ (આઈ.ડી.નં.૩૨૪) ની અરજીના અનુસંધાનમાં મળેલ માહિતી ખોટી તેમજ અધુરી આપવામાં આવેલ છે.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૯/૦૭/૧૨ SMC/FAP/નં૫૭/૨૦૧૨–૧૩

અરજદાર તા. ૨૨/૫/૧૨ (આઈડી.૩૨૪) ની અરજી ધ્વારા પ્લોટ નંબર ૪,૧૩,૧૪એ સીટી સર્વેનંબર–૧૯૪૦/એ/૧૨,૧૯૪૦/૫,૧૯૪૦/૫,૧૯૪૨/૨, ૧૯૪૦/૫,૧૯૪૨/૨,૧૯૪૦/એ/૫ અને ૧૯૪૨/૩/એ વાળી મિલકતના મંજૂર પ્લાનની નકલ,રજા ચીઠ્ઠી ની નકલ સદર મિલકતના પ્લાન મંજૂર ન હોય તો કયા આધારે બાંધકામ ચાલે છે. તેની તપાસ સુરત મહાનગર પાલિકા ધ્વારા કરવામાં આવેલ છે. તેના પૂરાવાની નકલ તથા ૨૦ ફૂટ ની પહોળાઈ હોય તો કેટલા માળ ની પરમીશન મળે તેની માહિતી માંગેલ છે.

અરજદારે માંગેલ માહિતી બાબતે ૩૦ દિવસની સમય મર્યાદા બાદ પણ જવાબ મળેલ ન હોય જેથી અપીલ અરજી તા.૧૯/૭/૧૨ ના રોજ કરવામાં આવેલ હોવાનું તેઓની અપીલ અરજીમાં જણાવેલ છે.

અપીલ અરજી અનુસંધાને અત્રે થી પત્ર નં.૨૦૦૭/૨ તા.૨૧/૭/૧૨ થી પત્ર ધ્વારા અરજદારને અપીલ તબકકે અન્ય કોઈ નારાજગી હોય કે અપીલ દરમ્યાન કોઈ માહિતી મળેલ હોય તો દિન–૫ માં રજૂઆત કરવા જણાવેલ જેના અનુસંધાને અરજદાર ધ્વારા કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી.

જયારે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ને પત્ર નં. ૨૦૦૭/૧ તા.૨૧/૭/૧૨ થી અપીલ સંદર્ભે તેઓના પૂર્તતા રિપોર્ટ મોકલી આપવા જણાવેલ. જે અન્વયે તેઓ ધ્વારા અરજદારને પત્રનં.૧૦૯૪ તા.૨૦/૭/૧૨ થી જવાબ માંગેલ માહિતીની નકલ સહિત આપવામાં આવેલ હોવાના પત્રની નકલ મોકલાવેલ છે.

જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત સમય મર્યાદા બાદ જવાબ પાઠવવામાં આવેલ છે અને અરજદારને માંગેલ માહિતીની નકલો પણ જવાબ સાથે સામેલ કરેલ હોવાનું જણાય છે. અરજદારે તા.૧૯/૭/૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા અરજદારને તા.૨૦/૭/૧૨ના રોજ માંગેલ માહિતીની નકલો સહિત જવાબ પાઠવવામાં આવેલ હોવાનુ જણાય છે. અપીલ તબકકે અરજદારને અપીલ સમય દરમ્યાન માહિતી મળેલ હોય તો તે સંબધે કોઈ નારાજગી હોય તો દિન.૫ મા રજૂઆત કરવા જણાવેલ જેના અનુસંધાનમાં તેઓ ધ્વારા કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી અરજદારને અપીલ સમય દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેને ધ્યાને લેતા નીચે મુજબ નો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:હુકમ :–**

અરજદારને જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા અપીલ સમય દરમ્યાન (સમય મર્યાદા બાદ) માહિતીપૂરી પાડવામાં આવે છે. અપીલ તબકકે મળેલ જવાબ અનુસંધાને પણ અરજદારે કોઈ રજૂઆત કરેલ નથી જેને ધ્યાને લેતા અરજદારની અપીલ અરજી દફતર કરવામાં આવે છે.

(ડી.આર.ગોહિલ)

સી.ઝેડ/આઉટ/નં.૧૩૨૮
તા.૯/૦૮/૨૦૧૨

અપીલ અધિકારી અને
ઈનચાર્જ કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન

(૧) પ્રતિ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.
(૨) શ્રી શશીકાંત તનસૂખલાલ મંડેલસરા ૪/૩૬૦, બેગમપૂરા,દૂધારાશેરી,સુરત તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂં.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.  તા.................

સામેવાળાઃ– આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૧/૦૭/૧૨ (આઈ ડી નં.૬૪૨) ની અરજીના અનુસંધાનમાં પ્રથમ અપીલ આપવા બાબત

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૬/૦૮/૧૨ SMC/FAP/નં.૬૨/૨૦૧૨–૧૩.

અરજદાર ની તા.૧૧/૭/૧૨ ની અરજી ધ્વારા વોર્ડ નં.૧૬૯૯,૧૭૭૩,તથા ૧૭૭૪ થી નોંધાયેલ મિલકતમાં માલિક તથા કબ્જેદાર તરીકે આકારણી દફતરે કોના નામ ચાલે છે? તથા આ નામો દાખલ કરવા રજુ કરેલ પુરાવાની નકલ આપવાની માંગણી કરેલ છે.

અરજદારને જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી ધ્વારા પત્ર નં.એ.આર.ડી નં./૧૩૬ તા.૧૭/૭/૨૦૧૨ થી પાના નંગ –૪૪ તા.રૂ.૮૮/– ભરીએથી માંગેલ માહિતી ની નકલો મળી શકશે તે રીતનો જવાબ આપવામાં આવેલ. ત્યારબાદ અરજદાર ધ્વારા સદર નાણાં તા. ૧૮/૭/૧૨ થી જમા કરાવતા તા.૧૮/૭/૧૨ ના પત્ર ધ્વારા અરજદારને માંગેલ માહિતી ના પાના નંગ ૪૪ આપવામાં આવેલ.અરજદારને મળેલ જવાબથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે. તેઓ ધ્વારા અપીલ તબકકે ટેર્નામેન્ટ નંબર ૦૯૯૧–૧૧–૦૦૨૧–૦–૦૦૨ વાળી મિલકત માં કબ્જેદાર તરીકે કુંવરબેન ધરશીભાઈ પટેલ નું નામ , ટેર્નામેન્ટ નં.૦૯૯૧–૧૧–૦૦૨૧–૦–૦૦૩ વાળી મિલકતમાં કબ્જેદાર તરીકે ગોવિંદભાઈ ધરમશીભાઈ પટેલનુ નામ તથા ટેર્નામેન્ટ નંબર ૦૯૯૧–૧૧–૦૦૨૧–૦–૦૦૪ વાળી મિલકતમાં હરેશભાઈ ધરમશીભાઈ પટેલનું નામ કયા પુરાવાને આધારે દાખલ થયેલ તેના રેકર્ડની માહિતી મળેલ નથી તેમજ તેના દસ્તાવેજી પુરાવાની નકલ મળેલ નથી. જેથી ઉપરોકત મુદ્દા ૩ મુદ્દાની માહિતી દસ્તાવેજી પુરાવા સહિત અપાવવા અંગે અપીલ તબકકે રજુઆત કરેલ છે.

અરજદારની અપીલ અરજી અન્વયે પત્ર નં. સી ઝેડ/આર ટી આઈ આઉટ/નં.૧૨૭૩/૧ થી જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીને તેઓના પુર્તતા રિપોર્ટ મોકલી આપવા જણાવેલ જે અનવ્યે તા.૨૧/૮/૧૨ ના પત્ર ધ્વારા અરજદારને તા.૧૮/૭/૧૨ થી જવાબ પાઠવી પાના નંગ –૪૪ આપવામાં આવેલ છે. અરજદારને પત્ર નં. ૧૨૭૩/૨ તા.૬/૮/૧૨ ધ્વારા જરૂરી પુરાવા સહિત અન્ય કોઈ રજુઆત હોય તો દિન ૫ માં મોકલી આપવા જણાવેલ જેના અનુસંધાનમાં કોઈ રજુઆત અરજદાર ધ્વારા અપીલ તબકકે કરવામાં આવેલ નથી.

જયારે અરજદાર ધ્વારા અપીલ અરજી સાથે તેમણે ઉપરોકત ત્રણે ટેર્નામેનટ નંબરના પાર્ટી સ્ટેટસની કોપી મુકેલ છે. જેમાં કબ્જેદારમાં જણાવેલ નામો કયા પુરાવાને આધારે આકારણી દફતરે દાખલ થયા તેના પુરાવાની નકલ તેઓના મળેલ નથી તેમ જણાવેલ છે.

અરજદારની રજુઆતને ધ્યાને લેતા અપીલમાં જણાવેલ ટેર્નામેન્ટ નંબરવાળી મિલકતના કબ્જેદાર તરીકે ચાલી આવેલ નામો (૧) કુંવરબેન ધરમશીભાઈ પટેલ (૨) ગોપાલભાઈ ધરમશીભાઈ પટેલ (૩) હરેશભાઈ ધરમશીભાઈ પટેલ ના નામો કયા પુરાવાને આધારે દાખલ થયા તેની માહિતી તથા નકલ આપવાની રહે છે. અરજદારે રજુ કરેલ પાર્ટી સ્ટેટસની નકલમાં પણ ઉપરોકત ત્રણે નામે કબ્જેદાર તરીકે ચાલી આવેલ છે. જે ધ્યાને લેતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –:હુકમ :–

અરજદારે અપીલ તબકકે કરેલ રજુઆત તથા રજુ કરેલ પાર્ટી સ્ટેટસને આધારે કબ્જેદાર તરીકે ચાલી આવતા નામો કયા પુરાવાની નકલ અરજદારને દિન.૭ માં વિના મૂલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી ને જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૪૭૬
તા.૨૭/૦૮/૧૨

(ડી.આર.ગોહિલ)
અપીલ અધિકારી અને
ઈનચાર્જ કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન

(૧) પ્રતિ, આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.     તા. ....................

સામેવાળા : – પર્સોનેલ ઓફિસરશ્રી અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

**<u>વિષય :–</u>** તા.૦૯/૦૭/૧૨ (આઈ ડી નં.૬૪૨) ની અરજીના અનુસંધાનમાં પ્રથમ અપીલ આપવા બાબત.

**<u>સંદર્ભ :–</u>** અરજદાર મજકુરની તા.૧૪/૦૮/૧૨ SMC/FAP/નં.૬૬/૨૦૧૨–૧૩.

અરજદાર તા.૦૯/૦૭/૨૦૧૨ ની મુળ અરજી ધ્વારા (૧) સેન્ટ્રલ ઝોનમાં ફરજ બજાવતા પર્સોનેલ ઓફિસરશ્રી નું નામ શરદચંદ્ર નાથાલાલ ભાવસાર નું સર્વિસ બુકમાં ચાલે છે. જયારે ઓફિસમાં શ્રી એચ.એસ.ભાવસાર નામ ચાલે છે તથા તેઓ હિંમતનગરના મુળ રહીશ હોય, તેમની હિંમતનગર પોલીસ કચેરીમાં નોંધાયેલ ગુન્હાની માહિતી (૨) તા.૦૯/૦૭/૨૦૧૨ ના રોજ અરજદાર જોડે પર્સોનેલ ઓફિસરશ્રી ની કચેરી માં જાતિ વિષયક અપૃશયતા, હડધુત અને અપમાનિત કરેલા અંગેની અરજીની ખાતાકીય શિક્ષાત્મક કાર્યવાહી ફરજ મોકુફીના ઠરાવની નકલની માંગણી કરતી અરજી કરેલ .

અરજદારે તેમને મળેલ જવાબથી નારાજ થઈ પ્રથમ અરજીકરેલ છે. અપીલ તબકકે અરજદારે તેઓની મુળ અરજીમાં માંગેલ માહિતી પર્સોનેલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારીએ પોતેજ પ્રત્યુતર આપેલ છે અને માંગેલ માહિતી (સામેવાળા) પણ તેઓને લાગત જ હોય જેથી નિષ્પક્ષ પ્રત્યુતર તેઓને મળેલ નથી તથા તેઓના પત્ર ધ્વારા રૂા.૨/– જમા કરાવેલ હોવા છતા નકલ મળેલ નથી તથા તેઓ ધ્વારા માંગેલ માહિતી તેઓને પોતેજ લાગત હોય, જેથી અન્ય અધિકારી ધ્વારા પુરી પાડવા વિનંતી કરેલ છે.

અરજદારની અપીલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી ને તેઓને પૂર્તતા રિપોર્ટ મોકલી આપવા જણાવેલ જે અન્વયે તેઓના તા.૨૨/૦૮/૨૦૧૨ ના પત્ર નં.૧૪૩૦ ધ્વારા અરજદારને પત્ર નં.૧૦૮૨ તા.૧૯/૦૭/૨૦૧૨ થી જવાબ પાઠવવામાં આવેલ છે. જેની નકલ રજુ કરેલ છે જયારે અરજદારે અપીલ તબકકે તેમણે રૂા.૨/– જમા કરાવ્યા હોવા છતા નકલ મળેલ નથી તેવી રજુઆત ના અનુસંધાને અરજદાર ધ્વારા રૂા.૨/– જમા કરાવ્યા હોવાનો રેકર્ડ ઉપલબ્ધ નથી. અરજદાર નિયત ફી રૂા.૨/– જમા કરાવી માહિતીની નકલ મેળવી શકે છે. તે રીતનો જવાબ પાઠવેલ છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારને નિયત સમય મર્યાદામાં જવાબ પાઠવેલ છે તથા તબદીલ ફોર્મ, નોંધ વિભાગ તથા અરજદારની અગાઉની તા.૨૯/૦૫/૨૦૧૨ ની અરજી સંદર્ભે આપેલ જવાબની ઝેરોક્ષ નકલો રજુ કરેલ છે.

અપીલ સંદર્ભે અરજદારને પત્ર નં.૧૩૮૪/૧, તા.૧૭/૦૮/૨૦૧૨ થી તેઓની અપીલ સંદર્ભે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં રજુઆત કરવા જણાવેલ જેના અનુસંધાનમાં અરજદારે તેઓના તા.૨૨/૦૮/૨૦૧૨ ના પત્ર ધ્વારા તેઓને મુદ્દા.૧ નો જવાબ મળેલ નથી. તેમજ મુદ્દા નં.૨ નો સંતોષકારક જવાબ મળેલ નથી અને પર્સોનેલ ઓફિસર જાતેજ જજ બની જવાબ આપેલ છે જેથી પારદર્શક માહિતી મળેલ નથી. તેવી રજુઆત કરેલ છે.

અરજદારને જાહેર માહિતી અધિકારીએ માંગેલ માહિતીનો સમય મર્યાદામાં જવાબ પાઠવેલ છે. અરજદારે માંગેલ માહિતી પૈકી સેન્ટ્રલ ઝોનના પર્સોનેલ ઓફિસરશ્રી ની સર્વિસ બુકમાં હિરનેશકુમાર શરદચંદ્ર ભાવસાર નામ ચાલે છે અને તેની નકલ જોઈતી હોય તો રૂા.૨/– ભરી મેળવી શકશો તે રીતનો જવાબ પાઠવેલ છે. અરજદારે રૂા.૨/– જમા કરાવ્યા હોવાનુ અપીલ અરજીમાં જણાવેલ છે. પરંતુ કોઈ પુરાવા રજુ કરેલ નથી, અરજદારે નામ ખરાઈ અંગે સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ધ્વારા ખરાઈ કરી શકે છે, તેમ જણાવેલ છે તથા પોલીસ રેકર્ડ અંગેની માંગેલ માહિતી બાબતે અરજી ડી.એસ.પી શ્રી હિંમતનગર ને સમય મર્યાદામાં તબદીલ કરેલ હોવાના પુરાવા રજુ કરેલ છે તથા સર્વિસ બુકના આધારે તેઓ એ માંગેલ છે તે પ્રકારની કોઈ નોંધ નથી. જયારે મુદ્દા નં.૨ થી માંગેલ માહિતી બાબતે અગાઉ કરેલ આર.ટી.આઈ અરજીનો જવાબ પત્ર નં.૫૯૧, તા.૦૨/૦૬/૨૦૧૨ થી આપેલ જેની નકલ

સામેલ કરેલ છે. જે મુજબ અરજદારે નિર્દિષ્ટ કરેલ ગુના બાબત ની કોઈ ધટના બની નથી. જે અંગે અરજદારે અગાઉ કરેલ અરજી મુજબ સ્પષ્ટ થાય છે. જેથી અરજદારે માંગેલ માહિતીનો રેકર્ડ ઉપલ્બધ ન હોય કલમ ૧ (જે) અને ૨ (એફ) હેઠળ માહિતી આપવાનો પ્રશ્ન રહેતો નથી, તે રીતનો જવાબ અરજદારને પાઠવેલ છે.

અરજદારે અપીલ તબકકે તેમણે માંગેલ માહિતી સેન્ટ્રલ ઝોનના પર્સોનેલ ઓફિસરશ્રીને લાગત હોય અને તેઓએ જ પોતે તેઓની માંગેલ માહિતી પુરી પાડેલ હોય, જેથી નિષ્પક્ષ જવાબ મળેલ ન હોય, કોઈ અન્ય અધિકારી ધ્વારા માહિતી પુરી પાડવા જણાવેલ છે.

અરજદારે અપીલ તબકકે કરેલ રજુઆત મુજબ જાહેર માહિતી અધિકારીઓની નિમણુંક મે.કમિશ્નરશ્રી ધ્વારા કરવામાં આવે છે અને જે તે જાહેર માહિતી અધિકારી ઓએ તેમના વિભાગને લાગત આર.ટી.આઈ અરજીઓનો જવાબ તેમની નિમણુંકને ધ્યાને લઈ આપવાની હોય છે. તેજ રીતે અરજદારે માંગેલ માહિતી સેન્ટ્રલ ઝોનના મહેકમ વિભાગને લાગત હોય અને તેના જાહેર માહિતી અધિકારી તરીકે પર્સોનેલ ઓફિસર શ્રી એચ.એસ.ભાવસારની મે.કમિશ્નરશ્રી ધ્વારા નિમણુંક કરવામાં આવેલ હોય જેથી અન્ય અધિકારી ધ્વારા માંગેલ માહિતીનો જવાબ પાઠવવાનો પ્રશ્ન રહેતો નથી. અરદારની તેવી માંગણી યોગ્ય નથી અને ગ્રાહય રાખી શકાય તેમ નથી. જયારે અરજદારે રૂા.ર/– જમા કરાવી પર્સોનેલ ઓફિસરની સર્વિસ બુકની ઝેરોક્ષ નકલ મેળવી અરજદાર તેઓના નામની ખરાઈ કરી શકે છે અથવા સુ.મ.પા ની વેબસાઈટ ઉપર ચકાસણી કરી ખરાઈ કરી શકે છે.

## –:હુકમ :–

અરજદારને જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસ ધ્વારા સમય મર્યાદામાં જવાબ પાઠવેલ છે જાહેર માહિતી અધિકારીની દરખાસ્ત મુજબ સર્વિસબુકની ઝેરોક્ષ નકલ રૂા.ર/– ભરી અરજદાર મેળવવા સ્વતંત્ર છે તથા અરજદારની અન્ય જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમણે માંગેલ માહિતીનો જવાબ આપવાની માંગણી ગ્રાહય રાખી શકાય તેમ નથી, સુરત મહાનગરપાલિકામાં જુદા જુદા ખાતા / વિભાગો માટે મે. મ્યુ. કમિશ્નરશ્રીના હુકમ ધ્વારા જાહેર માહિતી અધિકારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. જેને ધ્યાને લેતા તથા આર.ટી.આઈ એકટની કલમ ૭ (૧) અને ૭ (૩) તેમજ નિયમ ૩ અને ૪ ની જોગવાઈ હેઠળ માંગેલ માહિતી જે તે જાહેર માહિતી અધિકારીએ પુરી પાડવાની રહે છે. જેથી અરજદારની માંગણી ગ્રાહય રાખી શકાય તેમ ન હોય અપીલ તબકકે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૪૫૧
તા.૨૩/૦૮/૧૨

(એન.કે.પરમાર)
અપીલ અધિકારી અને
ઈનચાર્જ કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન

(૧) પ્રતિ, આકારણી અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |

અપીલ અરજી નં.      તા.................

સામેવાળાઃ–ડેપ્યુટી ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૧૪/૦૭/૧૨ (આઈ ડી નં.૬૨૮) ની અરજીના અનુસંધાનમાં પ્રથમ અપીલ આપવા બાબત

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૪/૦૮/૧૨ SMC/FAP/નં.૬૫/૨૦૧૨–૧૩.

અરજદારે તા.૯/૭/૧૨ અરજી ધ્વારા રાણી તળાવ મિલકત નં.૧૨/૪૧૬ જે પાંચ માળ બંધાયેલ હોય જેના ડીમોલેશન ની માહિતી નકલ તથા મિલકત નં ૧૨/૪૨૯–૩૦ નું ગેરકાયદેસર બાંધકામ આર.સી.સી નું કરેલ હોય જેના ડીમોલેશન અંગેની માહિતી નકલની માંગણી કરેલ છે. જેમાં ગેરકાયદેસર બાંધકામ પાંચ માળનું હોય, જેનુ કાયદેસર ડીમોલેશન કરવા બાબત રજુઆત કરેલ છે.

અપીલ અરજી અનુસંધાને અત્રેથી પત્ર નં.૧૩૮૨/૨, તા.૧૭/૮/૧૨ થી અરજદારને દિન–૫ માં અપીલ તબકકે કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત મોકલી આપવા જણાવેલ. જેના અનુસંધાનમાં મિલકત નં.૧૨/૪૧૬ તથા ૧૨/૪૨૯–૩૦ વાળી મિલકતનું બાંધકામ ગેરકાયદેસર હોય, જેનો રેકર્ડ આપની કચેરીએ ઉપલબ્ધ ન હોય જેથી તેની શું કાર્યવાહી કરવાની તે અંગે સ્પષ્ટતા કરવાની માંગણી કરેલ છે. અપીલ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીને પણ તેઓના પુર્તતા રિપોર્ટ મોકલી આપવા અત્રેથી પત્ર નં.૧૩૮૨/૧, તા.૧૭/૮/૧૨ થી જણાવેલ. જે અન્વયે તેઓ ધ્વારા કોઈ રજુઆત કરવામાં આવેલ નથી.

અરજદારને જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ધ્વારા પત્ર નં.૧૧૮૪, તા.૨૭/૭/૧૨ થી અત્રેની કચેરીનો રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી તે રીત નો જવાબ સમય મર્યાદામાં આપવામાં આવેલ છે.

અરજદારે મળેલ જવાબ બાદ અપીલ તબકકે તેઓને મળેલ જવાબ થી નારાજ થઈ સદર બાંધકામ ગેરકાયદેસર હોય બી.પી.એમ.સી.એકટની કલમ – ૨૬૦ મુજબ ડીમોલેશન ઓર્ડર ઝોનલ ઓફિસરને કરવા તથા સદર મિલકતનું ડીમોલેશન કરવા વિનંતી કરેલ છે.

આર.ટી.આઈ એકટની જોગવાઈ મુજબ અરજદારને જયારે માહિતી સમયસર ન મળે, અધુરી મળે કે મળેલ જવાબ થી નારાજગી હોય તેવા કિસ્સામાં અપીલ અરજી કરવાની જોગવાઈ છે. અરજદારે હાલ ને તબકકે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા સમય મર્યાદામાં પુરી પાડેલ છે. જયારે અરજદાર મળેલ માહિતી બાદ સદર બાંધકામ ગેરકાયદેસર હોય, જેથી સેન્ટ્રલ ઝોનના ઝોનલ ઓફિસરને સદર મિલકતનું ડીમોલેશન કરવા અંગે રજુઆત કરેલ છે. જે આર.ટી.આઈ એકટ સાથે સુસંગત નથી. અપીલ અધિકારીને આર.ટી.આઈ એકટની જોગવાઈ મુજબ આ બાબતે કોઈ ઓર્ડર કરવાની સત્તા આપવામાં આવેલ નથી. જેથી અપીલ અનુસંધાને અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદાર સદર મિલકતના ગેરકાયદેસર બાંધકામ બાબતે મળેલ માહિતીના આધારે લાગત સક્ષમ સત્તાધીશને અલગથી રજુઆત કરવાની રહે છે અને તેમ કરવા અરજદાર સ્વતંત્ર છે.

## –: હુકમ :–

અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય મર્યાદામાં માહિતી આપવામાં આવેલ હોય, અપીલ તબકકે અરજદારે કરેલ રજુઆત આર.ટી.આઈ એકટ સાથે સુસંગત નથી. જેથી અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૪૭૪
તા.૨૭/૦૮/૧૨

(એન.કે.પરમાર)
અપીલ અધિકારી અને
ઈનચાર્જ કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન

(૧) પ્રતિ, ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.

| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા**<br>**સેન્ટ્રલ ઝોન** | |
| --- | --- | --- |

અપીલ અરજી નં.     તા.................

સામેવાળાઃ–આકારણી અધિકારીશ્રી અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકત :–

વિષય :– તા.૭/૦૬/૧૨ (આઈ ડી નં.૪૪૮) ની અરજીના અનુસંધાનમાં પ્રથમ અપીલ આપવા બાબત

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૯ /૦૮/૧૨ SMC/FAP/નં.૬૪/૨૦૧૨–૧૩.

અરજદાર એ તા.૭/૬/૨૦૧૨ થી અરજી ધ્વારા વોર્ડ નં.૧ નોંધ નં.૩૭૩૫/૧૮ પૈકી થી નોંધાયેલ મિલકત ટેર્નામેન્ટ નં.૧ ડી–૧૩–૧૩૭૧–૦–૦૦૧ ના વેરા બીલ માં તમામ નામો સુધાબેનના નામ સહિત સંયુકત ચાલી આવતા હતા જેમાં અલગ અલગ વેરાબીલ થવાથી સુધાબેનનું નામ કાઢી નાંખવામાં આવેલ છે જેની માહિતી આપવા માંગણી કરેલ.

અરજદારને જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી ના મળેલ જવાબથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે. તેમણે અપીલ અરજીમાં સુધાબેનનુ નામ રદ કરવા અંગેના પુરાવા મળેલ નથી તેવી રજુઆત અપીલ તબકકે કરેલ છે. અરજદારને જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી ધ્વારા પત્ર નં.૮૮ તા.૭/૭/૧૨ થી જવાબ પાઠવવામાં આવેલ છે જેની સાથે પાર્ટી સ્ટેટસની નકલ સામેલ કરેલ છે.

અરજદારની અપીલ અરજી સંદર્ભે પત્ર નં.૧૩૮૮ તા.૧૭/૮/૧૨ થી અરજદારને દિન–૫માં તેઓની નારાજગી અંગે પુરાવા સહિત રજુઆત કરવા જણાવેલ જે સંદર્ભે તા.૨૨/૮/૧૨ ના રોજ પત્ર ધ્વારા સદર મિલકતના વેરા બીલમાં પાંચ વ્યકિતઓના સંયુકત નામે વેરાબીલ આવતુ હતુ,જેમાં કયા કારણથી અલગ નામો મુકાયા તથા આ નામો અલગ કરવા અંગે તેઓ ધ્વારા કોઈ અરજી કરવામાં આવેલ નથી ,જે અંગે નારાજગી હોય તથા વિગત પુરી મળવી જોઈએ તેવી રજુઆત કરેલ છે.જયારે જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીને પત્ર નં.૧૩૮૮તા.૧૭/૮/૧૨ થી તેઓના પુર્તતા રિપોર્ટ દિન–૫માં મોકલી આપવા જણાવેલ જે અનવ્યે તેઓના ધ્વારા પત્ર નં.૮૮ તા.૨૪/૮/૧૨ થી પૂર્તતા રિપોર્ટ મોકલાવેલ છે. જેમાં અરજદારને તા.૨૪/૮/૧૨ થી પૂર્તતા રિપોર્ટ મોકલાવેલ છે. જેમાં અરજદારને તા.૭/૭/૧૨ ના રોજ જવાબ પાઠવેલ છે તથા અરજદારની મુળ અરજી સહિતના પુરાવા રજુ કરેલ છે.

અરજદારની મુળ અરજી ટેર્નામેન્ટ નં.૧ડી –૧૩–૧૩૭૧–૦–૦૦૧માં વધારાના નામ ભેગા હતા. સમુહમાં નામ નથી. ઘરના પરિવાર સાથે સુધાબેન નું નામ હતુ તેમાંથી પુછયા વગર મરજી થી બહાર નિકાળી દીધુ છે. બીલ અલગ કરી દીધુ છે કે ? પુરાવા આપવા વિનંતી તે રીતની માહિતી માંગેલ છે. અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા ફકત પાર્ટી સ્ટેટસની નકલો આપેલ છે.જયારે નામ કમી કરવા ને મિલકતના ભાગ કરી અલગ અલગ નામે જો મિલકત કરવામાં આવી હોય તેમજ સતીષ કુમાર વર્માની અરજીના આધારે મિલકતના હિસ્સા મુજબ અલગ અલગ નામે મ્યુ.દફતરે દાખલ કરવામા આવેલ છે. જેના પુરાવા ની વિગત અરજદારે તેમની મુળ અરજીમાં માંગેલ છે.અરજદારને જે અરજીના આધારે સદર મિલકતના હિસ્સા મુજબ અલગ અલગ નામો કરવામાં આવેલ છે. તે અરજીની નકલો તથા તે અરજી અનુસંધાને થયેલ કાર્યવાહીની અને રજુ કરેલ પુરાવાની નકલો આપવાની રહે છે.

## –:હુકમ :–

અરજદારની મુળ અરજી તથા અપીલ અરજીને ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીને અરજદારે મિલકતના ભાગલા સંદર્ભે થયેલ કાર્યવાહી તથા તે સંદર્ભે મુળ અરજી સાથે મિલકતના ભાગલા કરવા અંગે રજુ કરેલ તમામ ઉપલ્બધ પુરાવા કલમ ૭/૬ મુજબ દિન–૭માં વિના મૂલ્યે અરજદારને પુરા પાડવા જણાવવામાં આવે છે.

સી.ઝેડ/આઉટ/નં.૧૫૨૮
તા.૧/૦૯/૧૨

( ડી.આર.ગોહિલ)
અપીલ અધિકારી અને
ઈનચાર્જ કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન

(૧) પ્રતિ, આકારણી અધિકારીશ્રી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જાણ તથા અમલ માટે.